RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૯ | શુક્રવાર તા.૨૧-૦૮-૨૦૨૬ | અંક : ૧૯૯ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

# ભારતના ગામડાઓ સુધી ઈન્ટરનેટ પહોંચાડશે ઈલોન મસ્ક

## ભારતમાં ૧૧ હજારથી વધુ ગામોમાં 4G નેટવર્ક નથી, સ્ટારલિંકે ભારતમાં ફરી અરજી કરી

વોશિંગટન,

ઈલોન મસ્કે ભારતમાં તેની સેટેલાઇટ ઈન્ટરનેટ સેવા 'સ્ટારલિંક' માટે જોરદાર હિમાયત કરી છે. તેમણે કહ્યું છે કે સ્ટારલિંક દ્વારા ભારતના તે દૂરના અને ગ્રામીણ વિસ્તારો સુધી ઈન્ટરનેટ પહોંચાડી શકાય છે, જ્યાં હજુ પણ કનેક્ટિવિટીની મોટી સમસ્યા છે. ઈલોન મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (પહેલા ટ્વિટર) પર 'DogeDesigner'ની એક પોસ્ટને રીશેર કરતા આ વાત કહી. તેમણે લખ્યું, "સ્ટારલિંક ભારતમાં સૌથી ઓછી સુવિધા મેળવતા લોકો, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોને મદદ કરશે."

DogeDesignerની પોસ્ટ મુજબ, મે મહિના સુધી ભારતના ૧૧,૦૦૦થી વધુ લિસ્ટેડ ગામોમાં ૪૬ નેટવર્કની પહોંચ નહોતી.આંકડાઓ અનુસાર, માર્ચ ૨૦૨૬ સુધી ભારતમાં કુલ ૧.૦૯૩ અબજ (૧૦૯.૩ કરોડ) ઈન્ટરનેટ સબસ્ક્રિપ્શન હતા. તેમાંથી ગ્રામીણ વિસ્તારોમાં ૪૪.૮૭ કરોડ સબ્સ્ક્રાઈબર્સ હતા.દેશમાં શહેરી અને ગ્રામીણ ઈન્ટરનેટ ડેન્સિટીમાં મોટો તફાવત જોવા મળે છે. આંકડાઓ મુજબ ગ્રામીણ ઈન્ટરનેટ ડેન્સિટી દર ૧૦૦ લોકોએ માત્ર ૪૮.૩૧ કનેક્શન છે. જ્યારે શહેરી ઈન્ટરનેટ ડેન્સિટી દર ૧૦૦ લોકોએ ૧૨૬.૮૦ કનેક્શન ઉપલબ્ધ છે.

સરકારી યોજના ભારતનેટ હેઠળ દેશભરમાં ૮.૫ લાખ રૂટ-કિલોમીટરથી વધુ ફાઈબર બિછાવવામાં આવ્યું છે.




આના દ્વારા લગભગ ૨,૨૧,૦૦૦ ગ્રામ પંચાયતો (GPs) ને સર્વિસ-રેડી બનાવવામાં આવી છે. જોકે, જૂન ૨૦૨૬ સુધીમાં માત્ર ૮૦,૪૭૨ ગ્રામ પંચાયતોમાં જ 'પોઈન્ટ્સ ઓફ પ્રેઝન્સ' (PoP) કાર્યરત થઈ શક્યા હતા. મસ્કની પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે સ્ટારલિંક એવી જગ્યાઓ પર કનેક્ટિવિટી આપી શકે છે જ્યાં મુશ્કેલ પહાડી વિસ્તારો, ઓછો કોમર્શિયલ ફાયદો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ અવરોધરૂપ બને છે. આ ટેકનોલોજી દૂરના ગામડાઓ, પહાડી વિસ્તારો, ટાપુઓ અને આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં કનેક્ટિવિટી આપી શકે છે. આ જ કારણોસર માગ કરવામાં આવી છે કે ભારત સરકારે બાકી રહેલી મંજૂરીઓ પૂર્ણ કરીને સ્પેક્ટ્રમ ફાળવવું જોઈએ અને વહેલી તકે સ્ટારલિંકના કોમર્શિયલ લોન્ચનો માર્ગ મોકળો કરવો જોઈએ.સ્ટારલિંક બિઝનેસ ઓપરેશન્સના વાઈસ પ્રેસિડેન્ટ લોરેન ડ્રેયરે કહ્યું,સ્ટારલિંક ભારત સરકાર સાથે સક્રિય અને ફળદાયી વાતચીત કરી રહ્યું છે."

## ગુજરાતમાં એક સાથે ૪૧૪ પોલીસોની બદલી

અમદાવાદ,

ગુજરાતમાં એક સાથે ૪૧૪ પોલીસોની બદલી કરવામાં આવી છે. વિવિધ સામાજિક કારણોથી લાંબા સમયથી બદલીની રાહ જોતા આ પોલીસ કર્મચારીઓની આંતરજિલ્લા બદલી કરવાનો મોટો નિર્ણય ડીજીપી દ્વારા લેવામાં આવ્યો હતો.ગુજરાતમાં એક સાથે ૪૧૪ પોલીસોની બદલી કરવામાં આવી તેમાં ૨૨૬ કોન્સ્ટેબલ (UPC / ULR) ૨૨૬, ૧૨૯ આર્મ્ડ કોન્સ્ટેબલ (APC / ALR) તથા ૫૯ હેડ કોન્સ્ટેબલ (UHC / AHC)નો સમાવેશ થાય છે. કર્મચારીઓની વ્યક્તિગત




અને કૌટુંબિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વવિવિધ જિલ્લા અને શહેરોમાં બદલી કરવામાં આવી હતી.

કર્મચારીઓની અંગત અને પારિવારિક મુશ્કેલીઓ તેમજ પતિ-પત્ની બંને સરકારી નોકરીમાં હોય તેવા કિસ્સાઓને ધ્યાને રાખીને આ નિર્ણય લેવાયો હતો.

અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મહાનગરો સહિત રાજ્યના ૧૬થી વધુ જિલ્લાઓ અને ગ્રામ્ય વિસ્તારો વચ્ચે આ ફેરબદલ કરાઈ છે.

હાજર થયા વગર પરત બદલી માટે રજૂઆત નહીં કરી શકાય બદલી પામેલા તમામ કર્મચારીઓએ નક્કી કરેલા સમયમાં પોતાની નવી જગ્યાએ તાત્કાલિક હાજર થવું પડશે. નવી જગ્યાએ હાજર થયા વગર પરત બદલી માટે કોઈ રજૂઆત કરી શકાશે નહીં. જે કર્મચારીઓ સામે ખાતાકીય તપાસ કે ગંભીર ગુનાની તપાસ ચાલી રહી હોય, તેમના માટે નિયમ મુજબ અલગ શરતો લાગુ રહેશે.

## મુંબઈના કુર્લામાં વિસ્તારમાં ક્રેન ઘર પર પડી; સ્થળાંતર કામગીરી દરમિયાન અકસ્માત થયો

### મોડીરાત્રે થયેલા અકસ્માતમાં ૧૦ જેટલા લોકોને ઈજા, જાનહાની ટળી

મુંબઈ,

શુક્રવારે (૨૧ ઓગસ્ટ) મુંબઈના કુર્લા વિસ્તારમાં એક મોટો અકસ્માત થયો. જેસીબીને ખસેડવા માટે ક્રેનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો ત્યારે એક ક્રેન અને એક જેસીબી મશીન પડી ગયા. સ્થળાંતર કામગીરી દરમિયાન આ વિસ્તાર સાફ કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં આઠથી દસ લોકો ઘાયલ થયા હતા; જોકે, અત્યાર સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી.

આ ઘટના શુક્રવારે મોડી રાત્રે (૨૧ ઓગસ્ટ) ૨:૪૦ વાગ્યે બની હોવાનું કહેવાય છે. સેન્ટ્રલ રેલ્વેએ જણાવ્યું હતું કે, "નજીકના કાર્યસ્થળ પર મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (સ્સ્ઈઢછ) દ્વારા સંચાલિત એક ક્રેન કુર્લા અને ટ્રોમ્બે વચ્ચે ઓવરહેડ ઈલેક્ટ્રિક લાઈન પર પડી હતી."આ લાઈન મુખ્યત્વે માલગાડીઓ માટે વપરાય છે; તેથી, ટ્રેન સેવાઓની અવરજવરને કોઈ અસર થઈ નથી. ઘટનાની માહિતી મળતાં, પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી છે. ઘટનાને લગતા અન્ય પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે, અને હાલમાં સ્થળ પરથી કાટમાળ સાફ કરવામાં આવી રહ્યો છે.

## ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે કોંગ્રેસે શરુ કર્યું પ્લાનિંગ

### ઈલેક્શન સ્ટ્રેટેજી મેકર સુનિલ કાનુગોલુને ગુજરાતની કમાન સોંપી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના માળખાને નવો ઓપ આપવા તૈયારી, ઓગષ્ટના અંત સુધીમાં ફેરફારની શક્યતા

અમદાવાદ,

આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણી જીતવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડે અત્યારથી જ પ્લાનિંગ શરૂ કર્યું છે. કર્ણાટક અને તેલંગાણામાં કોંગ્રેસને વિજય અપાવનારા માસ્ટર માઈન્ડ અને ઈલેક્શન સ્ટ્રેટેજી મેકર સુનિલ કાનોગુલુને હવે ગુજરાત કોંગ્રેસની જવાબદારી સોંપાઈ છે. સુનિલ કાનોગુલુની એન્ટ્રી સાથે જ ગુજરાત કોંગ્રેસ ઈલેક્શન મોડમાં આવી છે. ચૂંટણી જીતવાના ભાગરૂપે જ હાઈકમાન્ડે હવે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના માળખાને નવો ઓપ આપવા તૈયારી કરી છે. ટૂંક જ સમયમાં આખુંય માળખું બદલાશે.

એક તરફ, ભાજપે નવા પ્રદેશ પ્રભારીની નિયુક્તિ કરી છે ત્યારે સૂત્રોના મતે, ચાલુ ઓગસ્ટ મહિનાના અંત સુધીમાં જ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના સંગઠનમાં ધરખમ ફેરફારો જોવા મળશે. કાર્યકારી અધ્યક્ષથી લઈને તમામ મોરચાના અધ્યક્ષ પદે નવા અને સક્રિય ચહેરાઓની નિમણૂક કરવામાં આવશે. પક્ષમાં માત્ર હોદ્દા ભોગવતા અને નિષ્ક્રિય નેતાઓને ઘરભેગાં કરવાનું નક્કી છે જ્યારે વફાદાર અને સનિષ્ઠ કાર્યકરોને સંગઠનમાં તક આપવામાં આવશે.

આ વખતે કોંગ્રેસ છેલ્લી ઘડીએ ટિકિટ વહેંચવાની ભૂલ કરવા માંગતી નથી. દિલ્હીથી મળતા સંકેતો મુજબ, ૨૦૧૭ અને ૨૦૨૨ની ચૂંટણીના પ્રદર્શનને આધારે પક્ષના મજબૂત એવા ૫૦ સક્ષમ અને સંભવિત ઉમેદવારોને અત્યારથી જ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દેવા ખાનગીમાં સૂચના આપી દેવાશે. આ સંભવિત ઉમેદવારોને જીત માટેનો ખાસ રોડમેપ પણ આપી દેવાશે. તે આધારે ચૂંટણીલક્ષી તૈયારી કરવી પડશે. હાઈકમાન્ડ આ બધાય ઉમેદવારો પર વોચ રાખશે.

## ઑનલાઈન ગૅમિંગ, ક્રિકેટ બૅટિંગને નામે છેતરપિંડી માટે મ્યુલ અકાઉન્ટ્સ પૂરાં પાડનારી ગેન્ગ ઝડપાઈ

### ઝડપાયેલા ૩ આરોપી પાસેથી ૭૦ ડેબિટ કાર્ડ, વિવિધ બૅંકની ૪૨ પાસબૂક, ૨૩ મોબાઈલ, ત્રણ લેપટોપ, ૧૨ બૅંક કિટ અને કાર સહિત રૂપિયા પચાસ લાખનો મુદામાલ જપ્ત

મુંબઈ,

ઑનલાઈન ગૅમિંગ, ક્રિકેટ બૅટિંગ તેમ જ કસિનોના નામે છેતરપિંડી આચરવા માટે મ્યુલ અકાઉન્ટ્સ પૂરાં પાડનારી આંતરરાજ્ય ટોળકીના ત્રણ સભ્યની ડોંગરી પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે તપાસ દરમિયાન સીઝ કરેલા ૧૧૦ બૅંક ખાતાંમાંથી ૧૭ બૅંક ખાતાંમાં બે મહિનામાં ૨૫.૪૫ કરોડ રૂપિયાના વ્યવહાર થયા હોવાનું જાણવા મળ્યું હતું.

ડોંગરી પોલીસે સેન્ડહર્સ્ટ રોડ સ્ટેશન નજીકથી ધરપકડ કરેલા આરોપીની ઓળખ મધ્ય પ્રદેશના નિખિલ કમલકુમાર જસવાની (૨૮), રાહુલ શ્યામલાલ પરવાની (૩૨) અને જય બિહારીલાલ તીરથાની (૨૬) તરીકે થઈ હતી. પોલીસે ગુનામાં સંડોવાયેલા અન્ય પાંચ ફરાર આરોપીને ઓળખી કાઢ્યા છે, જેમાં માનખુર્દમાં રહેનારી જ્યોતિ પાટીલ, જય ડોંગરે અને નિશા ડોંગરેને ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ ૩૫ (૩) હેઠળ નોટિસ આપવામાં આવી હતી. પોલીસે ત્રણેય આરોપી પાસેથી ૭૦ ડેબિટ કાર્ડ, વિવિધ બૅંકની ૪૨ પાસબૂક, ૨૩ મોબાઈલ, ત્રણ લેપટોપ, ૧૨ બૅંક કિટ અને કાર સહિત પચાસ લાખ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ડોંગરી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર કાનવડેને માહિતી મળી હતી કે મુંબઈમાં અલગ અલગ બૅંકમાં ખોલવામાં આવેલા ખાતાંની માહિતી અને સિમકાર્ડ સેન્ડહર્સ્ટ રોડ રેલવે સ્ટેશન નજીક એક વ્યક્તિ પાસે લાવવામાં આવે છે અને તેને એક્ટિવ કર્યા બાદ અન્યત્ર મોકલવામાં આવે છે. આવા બૅંક ખાતાંનો ઉપયોગ ઑનલાઈન ગૅમિંગ અને સાયબર ફ્રોડ માટે થાય છે. આ માહિતી મળ્યા બાદ ઘટનાસ્થળે જઈને નિખિલ જસવાનીને તાબામાં લીધો હતો અને તેની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે બાદમાં નિખિલ જસવાનીના બે સાથીદારને પણ ઝડપી પાડીને લોકઅપ ભેગા કરી દીધા હતા. ગુનાની તપાસનો રેલો ડોંગરી ઉપરાંત નવી મુંબઈના બેલાપુર, પનવેલ અને ઉસ્માનાબાદ સુધી પહોંચ્યો હતો.

## પેરુમાં ૬.૭ તીવ્રતાનો ભૂકંપ આવ્યો: આંચકા ઘણા વિસ્તારોમાં અનુભવાયા

પેરુ,

પેરુના દક્ષિણ ભાગમાં ગુરુવારે ૬.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જોકે ભૂકંપથી નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી.ભૂકંપ સ્થાનિક સમય અનુસાર બપોરે ૧ વાગ્યે (ભારતીય સમય અનુસાર રાત્રે ૧૧:૩૦ વાગ્યે) આવ્યો હતો. તેનું કેન્દ્ર આયાકુચો ક્ષેત્રના પેરિનાકોચાસ પ્રાંતમાં ઉપાહુઆચો શહેરથી ૩૮ કિલોમીટર ઉત્તર-પશ્ચિમમાં હતું.ભૂકંપની ઊંડાઈ ૬૬.૭ કિલોમીટર હતી. દક્ષિણ પેરુના ઘણા વિસ્તારોમાં તેના આંચકા અનુભવાયા હતા, જેમાં ઈકા અને અરેક્વિપાનો પણ સમાવેશ થાય છે. પેરુ પ્રશાંત મહાસાગરના રિંગ ઓફ ફાયરનો ભાગ છે. આ વિસ્તાર ભૂકંપીય ગતિવિધિઓ માટે જાણીતો છે, તેથી અહીં અવારનવાર ભૂકંપ આવે છે.વર્ષ ૨૦૦૭માં ઈકા ક્ષેત્રના એક પ્રાંતમાં ૭.૯ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. તેમાં લગભગ ૬૦૦ લોકોના મોત થયા હતા.

## સુરત મેડિકલ રેગિંગ-આપઘાત કેસઃ ક્લાસ-૧ મુસ્લિમ મહિલા પ્રોફેસર ડૉ. સુમૈયા સસ્પેન્ડ

### માઈક્રોબાયોલોજી એચઓડી ડૉ. સુમૈયા મુલ્લા પર બે પૂર્વ મહિલા મેડિકલ સ્ટુડન્ટ્સે ગંભીર આરોપ લગાવ્યા હતા

સુરત,

સુરત મેડિકલ રેગિંગ-આપઘાત કેસમાં ક્લાસ-૧ મુસ્લિમ મહિલા પ્રોફેસર ડૉ. સુમૈયા મુલ્લાને સસ્પેન્ડ કરાયા હતા. તેમના પર ધર્માંતરણ કરાવવાના આક્ષેપ છે. સુરતની નવી સિવિલ મેડિકલ કોલેજના ચકચારી રેગિંગ અને ડૉ. હર્ષ આપઘાત કેસમાં સસ્પેન્ડ કરેલા માઈક્રોબાયોલોજી એચઓડી ડૉ. સુમૈયા મુલ્લા પર બે પૂર્વ મહિલા મેડિકલ સ્ટુડન્ટ્સે ગંભીર આરોપ લગાવ્યા હતા.

પૂર્વ સ્ટુડન્ટ્સે કરેલા આરોપ મુજબ ડૉ. સુમૈયા મુલ્લા કહેવાતું ધર્મ પરિવર્તન કરાવવા બ્રેઈનવોશ કરતા હતા. યુટ્યુબ પર મૌલાનાના વીડિયો સંભળાવતા હતા. તેમજ કલમા અને નમાજ પઢાવતા હતા. તેમજ મુસ્લિમ યુવક સાથે લગ્ન કરવા સલાહ આપતા હોવાનો પણ ડૉ.સમૈયા મુલ્લા સામે આરોપ લગાવ્યો હતો. રેગિંગની ઘટનામાં સુમૈયા મુલ્લાને સસ્પેન્ડ કર્યા બાદ આ આરોપવાળી ઘટના સામે આવતા મેડિકલ આલમમાં પણ અનેકની ચર્ચાએ જોર પકડયું છે. અલબત આક્ષેપ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

સુરત મેડિકલ રેગિંગ-આપઘાત કેસમાં ગુરુવારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માઈક્રોબાયોલોજી વિભાગના વર્ગ-૧ ના પ્રાધ્યાપક ડૉ. સુમૈયા મુલ્લાને તત્કાલ અસરથી ૯૦ દિવસ માટે સેવામાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લેવાયો હતો. પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ગુજરાતની કોઈપણ શૈક્ષણિક કે તબીબી સંસ્થામાં રેગિંગ અથવા માનસિક ઉત્પીડન સાંખી લેવામાં આવશે નહીં. રેગિંગ સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ રહી છે અને આગામી સમયમાં પણ રહેશે. વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે રમત કરનાર કે પોતાની ફરજમાં ગંભીર નિષ્કાળજી દાખવનાર વ્યક્તિ ગમે તેટલા ઉચ્ચ હોદ્દા પર હશે, તેમની સામે કડકમાં કડક કાયદાકીય અને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં રાજ્ય સરકાર સહેજ પણ બાંધછોડ કરશે નહીં.

આ ઉપરાંત પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ફરજમોકૂફી (સસ્પેન્શન)ના સમયગાળા દરમિયાન ડૉ. સુમૈયા મુલ્લાનું મુખ્ય મથક સરકારી મેડિકલ કોલેજ, વડોદરા રહેશે.

## ખાંડના ઓછા ઉત્પાદનથી તહેવારો પૂર્વે કુદકે ને ભૂસકે વધી રહેલા ભાવ

### દેશમાં ખાંડનું ઉત્પાદન ૩૨ અબજ કિલો રહેવાના અંદાજ સામે ૩૦ અબજ કિલો જ રહ્યું

નવીદિલ્હી,

ગુજરાત સહિત આખા ભારતમાં ખાંડના ભાવ છેલ્લા કેટલાક મહિનાથી કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે.એક અહેવાલ અનુસાર આ મહિનામાં જ ભારતમાં ખાંડના ભાવમાં ૨૦ ટકાનો વધારો થયો છે. છૂટક બજારમાં ૨૦ ઑગસ્ટના રોજ ખાંડના ભાવ ૫૫.૭ રૂપિયા પ્રતિ કિલો હતા, એવું ભારત સરકારના ગ્રાહક બાબતોના વિભાગના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

બજારના જાણકારો કહે છે કે ખાંડના ભાવ આટલા ઊંચા ક્યારેય નથી ગયા. તેઓ કહે છે કે અલ નીનોના પ્રભાવને કારણે ૨૦૨૬ના વર્ષનું નૈઋત્યનું ચોમાસું નબળું રહેશે તેવી ધારણા પણ અત્યારે ખાંડના ભાવોને અસર કરી રહી છે. જોકે, કેન્દ્ર સરકારના સત્તાવાર આંકડા અનુસાર દેશમાં શેરડીનું વાવેતર ગત વર્ષ જેટલું જ થયું છે જે પાછલાં પાંચ વર્ષના સરેરાશ વાવેતર વિસ્તાર કરતાં ચારેક લાખ હેક્ટર વધારે છે.જન્માષ્ટમીથી શરુ થતી તહેવારોની મોસમ નજીક આવી રહી છે ત્યારે ખાંડના ભાવમાં થઈ રહેલા વધારાને નાથવા સરકારે ખાંડની નિકાસ પર પ્રતિબંધ મૂકી દીધો છે અને જથ્થાબંધ વેપારીઓ કેટલી માત્રામાં ખાંડનો સ્ટૉક (જથ્થો) રાખી શકે તે બાબતે સ્ટૉક લિમિટ એટલે કે નિયંત્રણો પણ લાદ્યાં છે.ખાંડ મિલોનું પ્રતિનિધત્વ કરતી નૅશનલ ફેડરેશન ઑફ કૉ-ઑપરેટિવ શુગર ફૅક્ટરીઝ લિમિટેડ નામની સંસ્થાના ઉપ-પ્રમુખ કેતન પટેલ કહે છે કે ૨૦૨૫-૨૬ના ખાંડ વર્ષમાં દેશમાં ખાંડનું ઉત્પાદન ૩૨ અબજ કિલો રહેવાનો અંદાજ હતો તેની સામે ખરેખર ઉત્પાદન અંદાજે ૩૦ અબજ કિલો જ રહ્યું છે.

## ગુજરાત તરફ ફંટાયા ભેજવાળા પવનો, વરસાદ લાવશે

### આગામી ૨૪થી ૨૬ ઓગસ્ટ સુધી ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર વધવાની શક્યતા

અમદાવાદ,

દદક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં બાદ હવે આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ વધવાની શક્યતા સેવાઈ રહી છે. રાજ્યમાં વેલમાર્ક લો પ્રેશર અને મોનસૂન ટ્રફ સક્રિય થવાને કારણે હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં સામાન્યથી મધ્યમ વરસાદની અગત્યની આગાહી કરવામાં આવી છે. આ સિસ્ટમની અસર હેઠળ અમદાવાદ અને ગાંધીનગર સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જળવાઈ રહેશે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના વિવિધ જિલ્લાઓ તેમજ અમદાવાદ અને ગાંધીનગરમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ પવન સાથે છુટાછવાયા વરસાદી ઝાપટાં પડી શકે છે. આ ઉપરાંત, આગામી ૨૪થી ૨૬ ઓગસ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર અને પ્રમાણ વધવાની પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. આગામી સાત દિવસ સુધી સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં વરસાદનું અનુમાન છે. રાજ્યમાં અત્યાર સુધી ચોમાસાની સિઝનનો સરેરાશ ૨૦.૪ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે, જે સામાન્ય વરસાદના આંકડા કરતાં ૩ ટકા ઓછો છે. વિસ્તારવાર સ્થિતિ જોઈએ તો, કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં પણ સામાન્ય કરતાં ૨૭ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

### ઉત્તર-મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા:અંબાલાલ

રાજ્યના જાણીતા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ચોમાસાને લઈને મોટી આગાહી કરી છે. તેમણે કહ્યું કે, મોસમી પેરામીટરો પ્રતિકૂળ હોવાથી ચોમાસું નબળું રહેવાની શક્યતા છે. હાલમાં અરબ સાગર અને બંગાળ ઉપસાગરમાંથી ભેજ ખેંચાવાથી વરસાદ ખેંચાયો છે. જો કે, દક્ષિણાવર્તી સિસ્ટમો સક્રિય થતા વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૨૪થી ૩૦ ઓગસ્ટ વચ્ચે વરસાદ વરસી શકે છે. ઉત્તર-મધ્ય ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા છે. પૂર્વ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘમહેરની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને વોલમાર્ટના ઈવીપી વચ્ચે ગુણવત્તા સુધારણા અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના રોડમેપ અંગે બેઠક યોજાઈ

## ગુજરાતના નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને વૈશ્વિક સપ્લાય ચેઈન સાથે જોડાવાનો મોટો માર્ગ મોકળો બનશે

ગાંધીનગર,

યુ.એસ.-કેનેડાના સાપ્તાહિક પ્રવાસે પહોંચેલા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાન ફ્રાન્સિસ્કો બાદ વોશિંગ્ટન ડી.સી. ખાતે વોલમાર્ટના ગ્લોબલ પબ્લિક પોલિસી એન્ડ ગવર્નમેન્ટ અફેર્સના એક્ઝિક્યુટીવ વાઈસ પ્રેસિડેન્ટ શ્રીયુત ડેન બ્રાયન્ટ સાથે ફળદાયી વન-ટુ-વન બેઠક યોજી હતી. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં ગુજરાતના વિશાળ એમએસએમઇ સેક્ટર અને નાના કારીગરોને વૈશ્વિક સ્તરે નવી તકો પૂરી પાડવા તથા ગુણવત્તા સુધારણા અંગે ગંભીર મંથન કરવામાં આવ્યું હતું. બંને પક્ષો વચ્ચે આગામી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૭ દરમિયાન આ સંદર્ભે સ્પષ્ટ રોડમેપ જાહેર કરવા સંમતિ સાધવામાં આવી છે.



બેઠક દરમિયાન વોલમાર્ટના ઈવીપી ડેન બ્રાયન્ટે મુખ્યમંત્રીને માહિતી આપતા જણાવ્યું હતું કે, વોલમાર્ટ તેના 'વૃદ્ધિ કાર્યક્રમ' અંતર્ગત વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૧.૧૫ લાખથી વધુ એમએસએમઇ એકમોને તાલીમ આપી ચૂક્યું છે, અને વર્ષ ૨૦૨૮ સુધીમાં આ સંખ્યા વધારીને ૧.૭૦ લાખ એમએસએમઇ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. રાજ્યના એમએસએમઇ ઉદ્યોગો પોતાની ગુણવત્તા સુધારીને નિકાસની વૈશ્વિક તકોનો મહત્તમ લાભ લઈ શકે તે માટે રાજ્ય સરકાર સાથે ભાગીદારી મજબૂત કરવા અંગે પણ વિગતવાર ચર્ચા થઈ હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વોલમાર્ટ અને રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના સંયુક્ત ઉપક્રમે વિશેષ વર્કશોપનું આયોજન કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેનાથી અલગ-અલગ સેક્ટરના સ્જીસ્ઈજની ક્ષમતા અને સંભાવનાઓની સાચી ઓળખ કરી શકાશે. આગામી ૩થી ૪ મહિના દરમિયાન રાજ્ય સરકાર અને વોલમાર્ટ મળીને નાના કારીગરો અને ઉદ્યોગકારો માટે વૈશ્વિક બજારના દરવાજા ખોલવા માટે એક વિશેષ યોજના પર સાથે મળીને કામ કરશે.

# સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત રાજ્યભરમાં ૧૮૭ રેસ્ટોરન્ટમાં દરોડા : ૬ રેસ્ટોરન્ટ સીલ

અમદાવાદ,

શ્રાવણ મહિનામાં તહેવાર અંગે ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. જેના ભાગરૂપે આજે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કડક સૂચના આપી છે. જેના ભાગરૂપે યોજાયેલી સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૮૭ રેસ્ટોરન્ટ્સ પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાંથી ૧૩૭ રેસ્ટોરન્ટ્સમાં અસ્વચ્છતા અને બિનઆરોગ્યપ્રદ સ્થિતિ હોવાની વિગતો પ્રાપ્ત થતા તમામ રેસ્ટોરન્ટ્સને બંધ કરવાનો આદેશ કર્યા છે. આ ઉપરાંત રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા



નિયમોનો ભંગ કરનાર બે રેસ્ટોરન્ટ્સને, રાજકોટ જિલ્લામાં એક અને નડિયાદ જિલ્લામાં ૩ રેસ્ટોરન્ટને એમ કુલ ૬ રેસ્ટોરન્ટને સીલ કરવામાં આવી છે, જ્યારે અન્ય ૪૦ રેસ્ટોરન્ટ્સને નોટિસ પાઠવી છે. તેમજ ચાર રેસ્ટોરન્ટ્સના લાયસન્સ તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે.

આ પ્રમાણે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગના ફૂડ સેફ્ટી ઓફિસર અને સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમો દ્વારા શહેરના તમામ ઝોનમાં ૨૦૯ હોટેલ-રેસ્ટોરન્ટ અને ૩૪ ઢાબામાં સઘન ઈન્સ્પેક્શન ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી.

# ગાંધીનગરના ચિલોડા સર્કલ પાસેથી એમ્બરગ્રીસના જથ્થા સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર,

ગાંધીનગરના ચિલોડા સર્કલ વિસ્તારમાંથી પોલીસે ગેરકાયદેસર રીતે વેચાણ અર્થે લવાયેલી ૧ કરોડથી વધુની કિંમતની ૧ કિલો ૨૦ ગ્રામ વ્હેલ માછલીની ઉલ્ટી (એમ્બરગ્રીસ) જપ્ત કરી છે અને ૧ વ્યક્તિની ધરપકડ કરી.

પોલીસને બાતમી મળી હતી કે, ૧ વ્યક્તિ વ્હેલ માછલીની ઉલ્ટી(એમ્બરગ્રીસ)નો જથ્થો લઈને ચિલોડાથી શિહોલી તરફના રોડ પર ગ્રાહકની શોધમાં ફરી રહ્યો છે. બાતમીના આધારે બાતમીદારને જ ગ્રાહક બનાવીને તે શખસને ચિલોડા સર્કલ પાસે અમદાવાદ તરફ જતાં સર્વિસ રોડ પર બોલાવવામાં આવ્યો હતો. જ્યારે તે શખશ ત્યાં પહોંચ્યો ત્યારે તેના ખભા પર ૧ કાળા કલરનો થેલો હતો. પોલીસે તેને રોકીને તેની પૂછપરછ કરી અને થેલાની તલાશી લીધી હતી. થેલામાંથી ૧ પીળા કલરની પ્લાસ્ટિકની પારદર્શક કોથળી મળી આવી હતી, જેમાં અનિયમિત આકારના સફેદ અને ક્રીમ રંગના નાના-મોટા ટુકડાઓ મળી આવ્યા હતા.

પકડાયેલા શખસે પોતાનું નામ એજાદઅહેમદ નિસારઅહેમદ કુરેશી (ઉ.વ.૩૦, રહે. વાવોલ ગાંધીનગર, મૂળ-પાટણ) હોવાનું જણાવ્યું હતું. આ પદાર્થ અંગે તેની પાસે ફોરેસ્ટ વિભાગની કોઈ પરવાનગી કે આધારભૂત કાગળો ન હતા. પોલીસે આ શંકાસ્પદ પદાર્થનું પરિક્ષણ કરવા માટે હ્લજીન્ અધિકારીને ચિલોડા પોલીસ સ્ટેશન બોલાવ્યા હતા. હ્લજીન્ અધિકારીએ તપાસ કરી હતી અને ડિજિટલ વજનકાંટા પર વજન કરતા તે ૧ કિલો ૨૦ ગ્રામ હોવાનું જણાયું હતું, જેની અંદાજિત કિંમત ૧ કરોડ ૨૦ હજાર રૂપિયા થાય છે. પોલીસે આ મામલે આરોપી વિરુદ્ધ જાણવાજોગ દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# કોમનવેલ્થ ગેમ્સ પૂર્વે અમદાવાદને આંતરરાષ્ટ્રીય સ્તરનું ગ્રીન સીટી બનાવવા મોટા પાયે વૃક્ષારોપણ અભિયાન

## ગ્રીન અમદાવાદની દિશામાં અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની અવિરત આગેકૂચ

અમદાવાદ,

સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪-૨૫માં ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે પ્રથમ સ્થાને રહેલા અમદાવાદને વધુ સ્વચ્છ, વધુ સ્વસ્થ અને વધુ સુંદર બનાવવાના લક્ષ્ય સાથે ઔડા દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં અવિરતપણે વૃક્ષારોપણની કામગીરી હાથ ધરવામાં આવે છે.

અમદાવાદ ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સના યજમાની કરવાનું છે ત્યારે શહેરને આંતરરાષ્ટ્રીય સ્તરનું ગ્રીન સીટી બનાવવાની ઝુંબેશના ભાગરૂપે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વિવિધ વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષારોપણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

આ ઝુંબેશ અંતર્ગત નગર રચના યોજના નં. ૪૨૯ (ગોધાવી-મણીપુર) એફ.પી. ૩૮૧/૧માં ૧૧,૨૦૦; નગર રચના યોજના નં. ૧૨૯ (અસલાલી) એફ.પી. ૪૩૫માં ૧૨,૦૦૦; અને નગર રચના યોજના નં. ૫ (કલોલ-ઓળા-બોરીસણા) એફ.પી. ૩૮૧માં ૨૭,૦૦૦ મળીને કુલ ૫૦ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત નગરરચના યોજના નં. ૧૧ (સાણંદ) એફ.પી. ૪૦માં વિશેષરૂપે એક આયુર્વેદિક ગાર્ડનનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં ૧૫,૦૦૦ વિવિધ ઔષધીય, સ્થાનિક તથા પર્યાવરણને અનુકૂળ પ્રજાતિઓના વૃક્ષો અને છોડનું વાવેતર કરવામાં આવેલ છે. આ ઔષધીય વૃક્ષો અને છોડમાં બ્રાહ્મી, હરડે, તુલસી, અરડુસી, માધવીલતા, પાનફુટી, સર્પગંધા, ચણોઠી, નાગરવેલ, ગુગળ, હડજોડ, જેવી વિવિધ પ્રજાતિઓનો સમાવેશ થાય છે.

આ આયુર્વેદિક ગાર્ડનના નિર્માણથી ઔષધીય વનસ્પતિઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવા સાથે નાગરિકો તથા વિધાર્થીઓમાં વિવિધ ઔષધીય વનસ્પતી અને વિવિધ વનસ્પતિ પ્રજાતિઓ અંગે જાગૃતિ કેળવવાનો હેતું પણ સિધ્ધ થશે. આ સિવાય નગર રચના યોજના નં. ૧ (શેલા) એફ.પી. ૧૮૯માં ૧૧,૦૦૦ વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં અલગ અલગ વિભાગમાં આંબા વન, ચીકુ વન, જાંબુ વન, આમળા વન, વગેરેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ વૃક્ષોના વાવેતરથી આ વિસ્તારોની હરિયાળીમાં વધારો થશે તથા જૈવવિવિધતા જાળવવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન મળશે.

# સુરત : પવનકુમાર સેનના લીવર, બે કિડની અને હાર્ટના દાનથી ૪ને મળ્યું નવજીવન

## સુરતની નવી સિવિલમાં ૯૯મું સફળ અંગદાન

સુરત,

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ૯૯મુ સફળ અંગદાન નોંધાયું હતું. મૂળ મધ્યપ્રદેશનના વતની અને સુરતના કડોદરા વરેલી ખાતે રહેતા ૨૯ વર્ષીય પવનકુમાર સેનના લીવર, ૨ કિડની અને હાર્ટના દાનથી ૪ વ્યક્તિઓને નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર તા.૧૫મી ઓગસ્ટેના રોજ સાંજે ૬.૦૦ વાગ્યે પરિવાર સાથે રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે જોલવા પંચાયત પાસે રિક્ષાને ટક્કર મારતા પવનકુમાર રિક્ષામાંથી નીચે પડી ગયા હતા. શરૂઆતમાં તેઓ પ્રાઈવેટ હોસ્પિટલ ગયા હતા જ્યાં પ્રાથમિક સારવાર અપાઈ હતી, પરંતુ માથાનો દુખાવો ન મટતા રાત્રે ૯.૦૦ વાગ્યે તેમને સ્મીમેર મેડીકલ કોલેજ લઈ જવામાં આવ્યા અને બાદમાં ફેમિલી ડોક્ટરની સલાહથી અન્ય પ્રાઈવેટ હોસ્પિટલમાં રિપોર્ટ્સ કરાવ્યા હતા. ત્યારબાદ તારીખ ૧૬મી ઓગસ્ટના રોજ બપોરે ૦૩.૨૮ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને સુરત સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની ગંભીર હાલતને જોતા ઈમરજન્સીમાંથી આઈસીયુ (ઝ્રે) માં શિફ્ટ કરીને તેમની સારવાર ચાલી રહી છે.

ડૉ.નિલેશ કાછડીયા, કાઉન્સેલર નિર્મલા કાથુડેએ પવનકુમારના પત્ની સહિત પરિવારજનોને અંગદાનનું મહત્વ સમજાવતાં તેઓએ ભારે હૈયે સહમતિ આપી હતી. અંગદાન માટે ઓપરેશન થિયેટરમાં જતા પહેલા ઈ.તબીબી અધિક્ષક ડૉ.પારૂલ વડગામા, અંગદાન ચેરિટેબલ ટ્રસ્ટના કાર્યકર્તા ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર, નર્સિંગ સ્ટાફ અંગદાતાની પ્રાર્થનામાં જોડાયા હતા.

# વડોદરા : બસના દરવાજામાં ગળું ફસાતા ૭ વર્ષીય માસૂમ બાળકનું મોત

## ઘટના સમયના મહત્વના ૧૫ મિનિટના સીસીટીવી ફૂટેજ ગાયબ

વડોદરા,

વડોદરા શહેરના તરસાલી બાયપાસથી ધન્યાવી તરફ જતા સૂર્યનગર વિસ્તારમાંથી એક અત્યંત શંકાસ્પદ ઘટના સામે આવી છે. સૂર્યનગર પાસે આવેલા એક બસ રિપેરિંગના કારખાનામાં ઊભેલી બસના દરવાજામાં ગળું ફસાઈ જવાથી માત્ર ૭ થી ૮ વર્ષના માસૂમ બાળક દિવ્યેશ રાકેશ રાઠવાનું કરૂણ મોત નિપજ્યું છે. જાણવા મળી રહ્યું છે કે બાળક રમતા-રમતા બસના દરવાજામાં ગળું ફસાઈ ગયું હતું. ત્યારબાદ તેને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલ ખસેડાયા બાદ તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.



મળતી માહિતી મુજબ, એસી રિપેરિંગ કામકાજ માટે આવેલી જે.જી. ટ્રાવેલ્સની પાર્ક કરેલી બસ નજીક માસૂમ દિવ્યેશ રમી રહ્યો હતો. રમતા-રમતા અચાનક જ બસના ઓટોમેટિક કે હાઈડ્રોલિક દરવાજામાં તેનું ગળું ફસાઈ ગયું હતું. ગંભીર હાલતમાં બાળકને તુરંત સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બાળકના પિતા એસ.આર. એનર્જી કંપનીમાં મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. અચાનક જ કાળનો પંજો માસૂમ બાળકને છીનવી જતાં શ્રમજીવી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

# ૨૦૧૮ના ચકચારી બહેરાપુરા મર્ડર કેસમાં મુખ્ય આરોપીને આજીવન કેદની સજા

## યુવતીની છેડતી અને ઘરની બહાર મોટેથી ડીજે-ટેપ વગાડવા બાબતે થયેલી તકરારમાં યુવકની કરાઈ હતી ઘાતકી હત્યા

અમદાવાદ,

શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વર્ષ ૨૦૧૮માં બનેલા ચકચારી હત્યા કેસમાં સેશન્સ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. બહેરાપુરા વિસ્તારમાં યુવતીની છેડતી અને ઘરની બહાર મોટેથી ડીજે-ટેપ વગાડવા જેવી નજીવી બાબતે થયેલી તકરારમાં યુવકની હત્યા કરનાર મુખ્ય આરોપીને સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે. જ્યારે અન્ય બે આરોપીઓને પૂરતા પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.

કેસની વિગતો મુજબ, બહેરાપુરાની કાછીયાની ચાલીમાં રહેતા કનૈયાલાલ ઉર્ફે કનુભાઈ ચૌહાણના પુત્ર રાહુલ દ્વારા પરિવારની એક યુવતીની છેડતી કરવામાં આવી હોવાની તેમજ ઘર પાસે મોટેથી ડીજે વગાડવાના મુદ્દે બંને પક્ષો વચ્ચે અગાઉ તકરાર થઈ હતી. આ બાબતે ઠપકો આપતા વિવાદ વધુ ઉગ્ર બન્યો હતો. ૭ ઓગસ્ટ, ૨૦૧૮ની મધરાત્રે ફરિયાદી અજયભાઈ પરમાર અને તેમના મામા ગિરીશભાઈ કાંતિભાઈ બોડાણા એક્ટિવા પર ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે કનૈયાલાલ, તેનો ભત્રીજો ચિરાગ, પુત્ર રાહુલ અને અન્ય એક યુવક હથિયારો સાથે રસ્તા પર ઊભા હતા.

આરોપી કનૈયાલાલે છરી વડે ગિરીશભાઈના છાતી, પેટ અને જાંઘના ભાગે ઘાતક હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા ગિરીશભાઈને તાત્કાલિક વી.એસ. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

# એએમસીના નામે સેટલમેન્ટનો ખેલ, દંપતી રૂ.૩.૧૫ લાખની લાંચ સ્વીકારતા ઝડપાયું

## બાંધકામ તોડવાની કાર્યવાહી અટકાવવા એએમસીના અધિકારીઓના નામે રૂ. ૩ લાખની માંગણી કરી હતી

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં છસ્ઝ્રના અધિકારીઓના નામે સેટલમેન્ટ કરાવી આપવાના બહાને લાખો રૂપિયાની લાંચ માંગવાના કેસમાં એન્ટી કરપ્શન બ્યુરોએ પતિ-પત્નીને ઝડપી પાડ્યા છે. આરોપી શિલ્પા આહીર અને વિજય આહીરને સોનીની ચાલી ચાર રસ્તા પાસે ફરિયાદી પાસેથી રૂ. ૩.૧૫ લાખની લાંચ સ્વીકારતા ઝડપી પાડવામાં આવ્યા હોવાનું એસીબીની કાર્યવાહીમાં સામે આવ્યું છે.

ફરિયાદી દ્વારા પોતાના મકાનના પ્રથમ માળે પતરાની છત દૂર કરીને પાકું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ બાંધકામને લઈને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ ઝોન તરફથી ફરિયાદીને બે નોટિસ આપવામાં આવી હતી. આ નોટિસનો આધાર લઈને આરોપી શિલ્પા આહીર અને તેમના પતિ વિજય આહીરે ફરિયાદીનો સંપર્ક કર્યો હતો અને એએમસીના અધિકારીઓ સાથે મામલો સેટલ કરાવી દેવાની ખાતરી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદ મુજબ, આરોપીઓએ બાંધકામ તોડવાની કાર્યવાહી અટકાવવા એએમસીના અધિકારીઓના નામે રૂ. ૩ લાખની માંગણી કરી હતી. આ ઉપરાંત શિલ્પા આહીર માટે અલગથી રૂ. ૨૫ હજારની માંગણી કરવામાં આવી હતી. આ રીતે કુલ રૂ. ૩.૨૫ લાખની લાંચની માંગણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ફરિયાદ મુજબ, આરોપી શિલ્પા આહીર અગાઉ રૂ. ૧૦ હજાર મેળવી ચૂકી હતી અને બાકીના રૂ. ૩.૧૫ લાખ માટે ફરિયાદી પર દબાણ કરવામાં આવતું હતું.

ફરિયાદી લાંચની રકમ આપવા ઈચ્છતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કરીને સમગ્ર મામલે ફરિયાદ નોંધાવી હતી.

# સમગ્ર રાજ્યમાં પ્રથમવાર તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ સુધી સંસ્કૃત સપ્તાહની થશે ઉજવણી

## વિકાસ પણ, વિરાસત પણના સંકલ્પ સાથે ગુજરાતમાં સંસ્કૃતનું મહા જનઅભિયાન

ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પિત તથા રાજ્યકક્ષાની ઉચ્ચસ્તરીય સ્થાયી સમિતિમાં નિર્ધારિત 'સંસ્કૃત સપ્તાહ મહોત્સવ' અંતર્ગત તા. ૨૫ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન ગુજરાતમાં સંસ્કૃત સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવનાર છે.

આ વર્ષે સંસ્કૃત સપ્તાહને શાળા, મહાવિદ્યાલય અને યુનિવર્સિટી ત્રણેય સ્તરે તથા જિલ્લા અને તાલુકા વહીવટીતંત્રની સક્રિય ભાગીદારી સાથે વ્યાપક સ્વરૂપ આપવામાં આવ્યું છે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા શિક્ષણ મંત્રી શ્રી ડૉ. પ્રદ્યુમન વાજાની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય ઓનલાઈન બેઠકમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના ચેરમેન શ્રી હિમાંજય પાલીવાલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રીઓ જોડાયા હતા.

આ વર્ષે સંસ્કૃત સપ્તાહની ઉજવણીને માત્ર શિક્ષણ વિભાગ પૂરતી મર્યાદિત રાખવામાં આવી નથી. જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં જિલ્લા સ્તરીય અમલીકરણ સમિતિ, તાલુકા કક્ષાએ મામલતદારશ્રીની અધ્યક્ષતામાં તાલુકા સ્તરીય અમલીકરણ સમિતિની રચના કરવામાં આવશે.

આ સમિતિઓમાં શિક્ષણ તંત્ર ઉપરાંત સ્થાનિક વહીવટીતંત્ર, સંસ્કૃતજ્ઞો, શિક્ષણવિદો તથા સામાજિક સંસ્થાઓને જોડવામાં આવ્યા છે. જિલ્લા અને તાલુકા કક્ષાએ સંસ્કૃત ગૌરવ, સંસ્કૃત સંભાષણ, સંસ્કૃત સાહિત્ય તથા સુભાષિત આધારિત વિવિધ કાર્યક્રમો યોજી સંસ્કૃતને જનભાગીદારી સાથે જોડવામાં આવશે. તા.૨૫ ઓગસ્ટથી સંસ્કૃત ગૌરવ યાત્રાસ ંસ્કૃત ગીતો, સુભાષિતો, સંસ્કૃત ગ્રંથો તથા સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે શોભાયાત્રા વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ અને નાગરિકોની ભાગીદારીથી ઉજવણી શરૂ કરવામાં આવશે.તા.

૨૭ ઓગસ્ટના રોજ સંસ્કૃત સંભાષણ દિવસ શાળા, તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાના અધિકારીઓ, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા દૈનિક વ્યવહારમાં સંસ્કૃતનો ઉપયોગ. સોશિયલ મીડિયા પર સંસ્કૃત સંદેશાઓનો પ્રસાર કરાશે.

# વિજાપુરમાં ૫૦૦ રૂપિયાના દરની બોગસ નોટો છાપીને સાચી નોટોમાં ભેળવી વટાવવાના કૌભાંડનો પર્દાફાશ

## મહેસાણામાં દેવું ચૂકવવા અને શોર્ટકટથી નાણાં કમાવવાની લાલચ યુવાનોને ભારે પડી : ચાર ઝડપાયા

મહેસાણા,

જિલ્લાના વિજાપુર વિસ્તારમાં આવેલી HDFC બેંકના કેશ ડિપોઝિટ મશીનમાંથી ૨૬ નકલી નોટો મળતા હડકંપ મચ્યો છે. નકલી નોટો મળી આવતા વિજાપુર પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને કલર પ્રિન્ટર અને લેપટોપ વડે બોગસ ચલણી નોટો છાપી બજારમાં વટાવવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે તથા આદિલ અને જય સહિત ચાર શખ્સો વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

સમગ્ર બનાવની વાત કરીએ તો, તા. ૧૪ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વિજાપુરના વિસનગર રોડ પર આવેલી HDFC બેંક શાખામાં રોજીંદી કામગીરી ચાલી રહી હતી. બેંકના મેનેજર સંદિપભાઈ ભટ્ટને બેંકના કેશ ડિપોઝિટ મશીન (CDM)માં કેટલીક શંકાસ્પદ ગતિવિધિ જણાતા તપાસ હાથ ધરી હતી. એક ગ્રાહક દ્વારા મશીનમાં કૂલ ૫૦,૦૦૦ રૂપિયા જમા કરાવવા માટે મૂકવામાં આવ્યા હતા. જોકે, મશીને માત્ર ૩૭,૦૦૦ રૂપિયા જ સ્વીકાર્યા હતા અને બાકીના ૧૩,૦૦૦ રૂપિયા રિજેક્ટ કર્યા હતા. જ્યારે બેંક દ્વારા રિજેક્ટ થયેલી નોટોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી, ત્યારે સ્પષ્ટ થયું કે ૫૦૦ રૂપિયાના દરની ૨૬ નોટો તદ્દન નકલી હતી. આ ગંભીર બાબત અંગે મેનેજર દ્વારા ત્વરિત પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના આધારે ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સત્તાવાર રીતે ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું કે આ પૈસા ધ્રુવકુમાર ભરતભાઈ પટેલ નામના વ્યક્તિએ પોતાની પત્નીના ખાતામાં જમા કરાવ્યા હતા. ધ્રુવ પટેલે પોલીસ સમક્ષ ખુલાસો કર્યો કે આ પૈસા તેના મામાના દીકરા ફેનીલ પટેલે તેને ઉછીના આપેલા પૈસા પરત કરતા આપ્યા હતા.

આ ગુનાનું મૂળ શોધવા પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર વિસનગરના કાજીવાડા વિસ્તારમાં રહેતો ૩૨ વર્ષીય આદિલ શકીલભાઈ અકબરભાઈ કુંભાર હોવાનું ખૂલ્યું હતું. પૂછપરછ દરમિયાન આદિલે એવી ચોંકાવનારી કબૂલાત કરી કે, વર્ષ ૨૦૨૫ના સાતમા મહિનામાં તેણે પોતાના આર્થિક ફાયદા માટે ગૂગલ પરથી ૫૦૦ રૂપિયાની ઓરિજિનલ નોટનો ફર્મો ડાઉનલોડ કર્યો હતો. ત્યારબાદ, પોતાના લેપટોપ અને કલર પ્રિન્ટરનો ઉપયોગ કરીને તેણે બેધડક નકલી નોટો છાપવાનું શરૂ કર્યું હતું.

# ભાવનગરના લઠ્ઠાકાંડના વિરોધમાં જામનગરમાં કોંગ્રેસના ધરણા

## નારા લગાવી સરકાર સામે વિરોધ પ્રદર્શન, હપ્તાખોર મંત્રીના રાજીનામાની કરી માંગણી







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ભાવનગર ખાતે ડુપ્લિકેટ દારૂના વેચાણના કારણે સર્જાયેલા કથિત લઠ્ઠાકાંડ મુદ્દે જામનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે લાલ બગલા સર્કલ ખાતે ધરણા અને વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ વિરેન્દ્રસિંહ જાડેજા (દિગુભા), પૂર્વ સાંસદ વિક્રમભાઇ માડમ સહિતના આગેવાની હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા પાણીની નાની-નાની કોથળીઓ ભરી પ્રતિકાત્મક રીતે દારૂના નારા લગાવી સરકાર સામે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ હપ્તા ખોર સરકારના મંત્રી રાજીનામુ આપે, ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના કાયદાનો અમલ કેમ નહી? તેવા સુત્રોચાર કર્યા હતા.

# જામનગર જિલ્લામાં જુગારના ત્રણ દરોડામાં ૧૩ શખ્સો ઝડપાયા, ૪ ફરાર

જામનગર : જામનગર શહેર અને જિલ્લામાં પોલીસે ત્રણ અલગ-અલગ સ્થળે દરોડા પાડી તીનપત્તીનો જુગાર રમતા કુલ ૧૩ શખ્સોને ઝડપી પાડ્યા હતા. જ્યારે દેડકદડના દરોડા દરમિયાન ચાર શખ્સો નાસી છૂટ્યા હતા. કુલ રૂ.૩૧,૬૬૦ની રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ કાર્યવાહી કરી છે.

જામનગર શહેરમાં સીટી બી ડિવિઝન પોલીસની સર્વેલન્સ ટીમે નાગેશ્વર કોલોનીમાં લાકડાના બેન્સા પાસે જાહેરમાં દરોડો પાડી તીનપત્તીનો જુગાર રમતા કિશન ધીરુભાઈ પરમાર, મિલન ડાયાભાઈ શિયાળ, મિલન ધીરુભાઈ શિયાળ અને વિમલ ભાવેશભાઈ બારીયાને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રૂ.૧૧,૧૨૦ની રોકડ કબજે કરવામાં આવી હતી.

બીજા બનાવમાં પંચકોશી એ ડિવિઝન પોલીસે અલિયાબાડા સિતારામનગરમાં સરકારી શાળા પાસે જાહેરમાં દરોડો પાડી કિશોરભાઈ ચનાભાઈ સોલંકી, સુરેશભાઈ રમેશભાઈ રાઠોડ, નરેશભાઈ જેન્તીભાઈ પરમાર, ભરતભાઈ જલાભાઈ રાઠોડ અને નવીનભાઈ નાથાભાઈ ચુડાસમાને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રૂ.૧૦,૩૪૦ની રોકડ અને ગંજીપત્તાના ૫૨ પાનાં કબજે કર્યા હતા.

આ ઉપરાંત ધ્રોલ પોલીસે દેડકદડ ગામમાં મેલડી માતાજીના મંદિર પાછળ આવેલા વોકળામાં દરોડો પાડી મહીપતસિંહ બળવંતસિંહ જાડેજા, ભુપતભાઈ ખોડાભાઈ કુંભારવાડીયા, કિરીટસંગ ઉમેદસંગ જાડેજા અને ગુણવંતસિંહ હરધોળજી જાડેજા સામે કાર્યવાહી કરી હતી. પોલીસે સ્થળ પરથી રૂ.૧૦,૨૦૦ની રોકડ અને ગંજીપત્તાના ૫૨ પાનાં કબજે કર્યા હતા. જોકે રેઈડ દરમિયાન વનરાજસિંહ સાવજુભા જાડેજા, ધર્મેદ્રસિંહ દેવીસિંહ જાડેજા, દિલીપભાઈ મોહનભાઈ જાખેલીયા અને ચીનાભાઈ નાથાભાઈ નાસી છૂટ્યા હોવાનું પોલીસ નોંધમાં જણાવાયું છે.

# લઠ્ઠાકાંડ બાદ જામનગરમાં પોલીસ તંત્ર સફાળુ જાગ્યું

## પ્રોહીબીશનના ૧૭ કેશ, મિલ્કત સંબંધી ગુનાના ૯ આરોપીઓ અને ૪૫ વાહન ચેક કરાયા





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લીપ્ત રાય તથા જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવી મોહન સૈનીએ જીલ્લાના પ્રોહી બુટલેગર્સ, જાણીતા જુગારીઓ, શરીરસંબંધી તથા મિલ્કત સંબંધી ગુન્હાઓના આરોપીઓ ચેક કરવા સુચના આપી હતી.

જેથી ગઈરાત્રે નાયબ પોલીસ અધિક્ષક જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ, સીટી સી ડીવી પો.સ્ટે.માં દિજામ સર્કલ બાવરીવાસ વિસ્તારમાં સ્પેશ્યલ કોમ્બીગ ડ્રાઈવનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમા અલગ અલગ દેશી દારૂના ધંધાર્થીઓને ત્યાં રેઈડ કરતા જેમા દેશી દારુ લી - ૧૪૨ કિં રૂ. ૨૮,૪૦૦નો કબ્જે કરવામા આવ્યો હતો, તેમજ દેશી દારુ બનાવવાનો કાચો આથો લી. ૬૦૦ કિં રૂ. ૩૫૦૦૦નો સ્થળ પર નાશ કરવામાં આવ્યો હતો.

ઉપરાંત પ્રોહીબીશનના ૧૭ કેશ, મિલ્કત સંબંધી ગુનાના ૯ આરોપીઓ ચેક કરાયા, એમ.સી.આર. ૧ ઈસમને ચેક કરાયો હતો. ઉપરાંત ૨૫ જેટલા પ્રોહી બુટલેગર્સ /પ્રોહી ધંધાર્થી ચેક કરાયા હતા, જ્યારે ૪૫ વાહન ચેક કરવામાં આવ્યા હતા.

આ કામગીરી એલ.સી.બી./ એસ.ઓ.જી. પો.ઈન્સ. વી.બી. ચૌધરી તથા સીટી સી ડીવી પો.સ્ટે પો.ઈન્સ એચ.વી.રાઠોડ તથા એલ.સી.બી. પો.સબ.ઈન્સ એમ.વી.ભાટીયા તથા એસ.ઓ.જી. પો.સબ.ઈન્સ. એલ.એમ.ઝેર, એલ.સી.બી., એસ.ઓ.જી., પેરોલ, પોલીસ સ્ટાફ તથા સીટી સી ડીવીઝનના ડી સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગર જિલ્લા ઓટો કન્સલ્ટન્ટ એસો. દ્વારા ક્લેકટરને કરાઈ રજૂઆત

## આટીઓ કરોરીમાં નામ ટ્રાન્સફર કામગીરીમાં ભારે મુશ્કેલી, અરજદારો હેરાન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : વાહન માલિકી ટ્રાન્સફર માટેની ઓફલાઈન પ્રક્રિયા બંધ કરી હવે ફરજિયાત આધાર-આધારિત પ્રમાણીકરણ સાથે પ્રક્રિયા ઓનલાઈન કરાઈ છે. આધાર કાર્ડ અને નોંધણી પ્રમાણપત્રો (આરસી બુક) પરની વિગતો ઘણીવાર અલગ અલગ ફોર્મેટમાં રેકોર્ડ હોવાથી અનેક અરજીઓમાં વિગતો મેળ ખાતી ન હોવાથી કામગીરી અટકી પડી છે. ત્યારે આટીઓ કચેરીમાં નામ ટ્રાન્સફર અને એચપી કેન્સલ કામગીરીમાં પડતી મુશ્કેલીઓ અંગે જામનગર જિલ્લા ઓટો કન્સલ્ટન્ટ એસોસીએશન દ્વારા ક્લેકટર અને વાહન વ્યવહાર અધિકારીને લેખિત રજૂઆત કરાઈ છે.

જામનગર આરટીઓમાં વાહન નામ ટ્રાન્સફરને લગતી કામગીરી ટેકનીકલ કારણોસર બંધ હોવાથી તથા આધારકાર્ડ ફરજિયાત અમલી બનતા આધાર કાર્ડનુ ફોર્મેટ અને આરસી બુકનું ફોર્મેટ અલગ હોવાથી અરજદારો મુશ્કેલીમાં મુકાય છે. સમયસર વાહન માલીકી તબદીલ ન થવાને કારણે અકસ્માત અથવા અન્ય કાનુની પરિસ્થીતીમાં અગાઉના માલીકને ગંભીર મુશ્કેલી તથા આર્થીક નુકસાન વેઠવું પડે છે. વધૂમાં નામ ટ્રાન્સફર ન થવાથી નવા માલીકને બેન્ક લોન પ્રક્રિયામાં પણ સમસ્યા આવે છે. જેથી આ સમસ્યાનુ નિવારણ આવે તે દિશામાં નિર્ણય અંગે અંતમાં માંગ કરાઈ છે.

મહત્વનું છે કે, જામનગર આર.ટી.ઓ. કચેરીમાં અગાઉ દરરોજ અંદાજે ૧૨૫થી ૧૫૦ જેટલી ઓનલાઈન અરજીઓ આવતી હતી, જ્યારે હવે આધાર ઓથેન્ટિકેશન ફરજિયાત બનતાં અરજીઓનો આંકડો એકાએક ઘટી ગયો છે. અગાઉ વાહન ટ્રાન્સફર માટે આધાર આધારિત કેવાયસી અથવા મોબાઈલ ઓટીપી એમ બે વિકલ્પ ઉપલબ્ધ હતા. પરંતુ હવે સિસ્ટમમાં સુધારો કરીને વેચનાર વાહન માલિકના આધાર ઓટીપી દ્વારા ઓથેન્ટિકેશનને ફરજિયાત કરવામાં આવ્યું છે. પરિણામે, વાહન નોંધણીમાં નોંધાયેલ નામ અને આધારકાર્ડમાં દર્શાવાયેલા નામ વચ્ચે થોડો પણ તફાવત હોય તો ઓનલાઈન અરજી આગળ વધી શકતી નથી.

# ધ્રોલના આધેડને હૃદયરોગના હુમલો આવતા મોત નીપજ્યું

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલમાં રહેતા એક આધેડને શ્વાસ લેવામાં તકલીફ થયા પછી સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાય હતા. જ્યાં તેમનું હાર્ટ એટેકથી મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કરાયું હતું.

ધ્રોલમાં ફૂલવાડી રોડ ઉપર શુક્લા શેરીમાં રહેતા ગીરીશભાઈ કિશોરચંદ્ર ભુવા (૫૯)ને ગઈકાલે સવારે શ્વાસ લેવામાં તકલીફ થતી હતી જેથી તેઓને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવા હતા જ્યાં ફરજ પરના તબીબે તેમનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવમાં હૃદયરોગના હુમલાના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હોવાનું પોલીસમાં જાહેર થયું છે. આ બનાવવા અંગે મૃતકના મોટાભાઈ વિજયભાઈ કિશોરચંદ્ર ભુવાની ફરિયાદના આધારે પોલીસે નોંધ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

**પશ્ચિમ રેલવે**
**રાજકોટ ડિવિઝન**

**ડેટા એન્ટ્રી ઓપરેટરનું સંપાદન**

**ટેન્ડર નોટીસ નં. ડીઆરએમ/આરજેટી/ઈ-ટેન્ડર/૨૦૨૬-૨૦૨૭/૨૫ (ઈએલ) તારીખ : ૧૯.૦૮.૨૦૨૬**

**(i) કામનું નામઃ** રાજકોટ ડિવિઝનઃ હાપા, ઓખા અને રાજકોટ ડેપો માટે ૨ વર્ષ માટે ડેટા એન્ટ્રી ઓપરેટર સંપાદિત કરવાનું કામ. **(ii) અંદાજિત પડતરઃ** ₹ ૪૫,૭૩,૦૮૯.૨૦/- **(iii) ઈએમડી પડતરઃ** ₹ ૯૧,૫૦૦/- **(iv) ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમયઃ** તા.૧૦-૦૯-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી **(v) ઓફિસનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in RJT-119

અમને ફોલો કરોઃ X x.com/WesternRly

# જામનગરમાં આવતીકાલે પ. ચંદ્રશેખરવિ. મ.સા.ની પૂણ્યતિથિત નિમિત્તે ગુણાનુવાદ

જામનગર : જામનગરમાંયુગપ્રધાન આચાર્યસમ પરમ પૂજ્યપાદ પન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજયજી મ.સા.ની ૧૫મી પુણ્યતિથિએ ગુણાનુવાદ નિમિત્તે ગુણાનુવાદ સાથે પટેલ કોલોની શ્રી સંઘમાં પં. ચંદ્રશેખરવિજયજી મ.સા.ના સમુદાયવર્તી પ.પૂ.મુનીરાજ દિવ્યપદ્મવિજયજી મ.સા. તથા પ.પૂ. મુનીરાજ દેવર્ષિવલ્લભવિજયજી મ.સા.ની નિશ્રા આવતીકાલ શ્રાવણ સુદ દશમને શનિવાર તા. ૨૨-૮-૨૦૨૬ના રોજ સવારે ગુણાનુવાદમાં સામૂહિક બે સામાયિક, સામૂહિક આયંબિલતપ, પ્રદક્ષિણા ગુણાનુવાદ સભા સવારે ૭:૧૫ થી ૮:૪૫ વાગ્યા સુધી. સવારે ૭ થી સાંજે ૭ કલાક સુધી (સાધુ ભગાવતના ઉપાશ્રયમાં ગુરુમાને ૩૬-૫૪, ૧૦૮ આપવી. ત્રણેય અનુષ્ઠાનોમાં વિશિષ્ટ પ્રભાવના કરવામાં આવશે.

અનુકંપાદાન જે ગરીબોને વહેચવામાં આવશે તે માટે ઘરેથી રોટલી, સુખડી, ગાંઠિયા અથવા સેવ અને કેળા બાટલી વસ્તુ સાધુ ભગવંતના ઉપાશ્રયે બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધીમાં મૂકી જવે અન્ય કોઈપણ વસ્તુ મુકવી નહી. આ અનુકંપાના કાર્યમાં શ્રી સંઘનું એક પણ ઘર બાકત ન રહે સાથે આસપાસના લોકોને પણ જણાવવું. ગુણાનુવાદ સભામાં આપણા શ્રી સંઘના દેરાસરજી તેમજ ઉપાશ્રયના સ્ટાફનું બહુમાન પણ કરવામાં આવશે. તેમ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન સંઘ પટેલ કોલોની જામનગરની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકા જિલ્લામાં જુગારના જુદા જુદા નવ દરોડામાં ૨૮ શખ્સની ધરપકડ

દ્વારકા : દ્વારકા જિલ્લામાં જુગારની મોસમ પૂરબહારમાં ખીલી ઉઠી છે જેમાં વધુ નવ જગ્યાએ પોલીસે ચોક્કસ બાતમીના આધારે દરોડા પાડી જુગાર રમતા ૨૮ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રોકડ રકમ અને મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૮૩ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ તમામ સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડાની મળતી વિગત મુજબ દ્વારકા તાલુકાના ભીમરાણા ગામે સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા રાજમલભા કારૂભા વાઢેર, રવિરાજસિંહ પ્રવિણસિંહ જાડેજા, વિજયસિંહ ઉદયસિંહ જાડેજા, નરપતસિંહ રામસંગજી વાઢેર, મહિપતસિંહ જીયાજી જાડેજા, ખુમાનસંગ ઉદયસંગ જાડેજા અને અર્જુનસિંહ પ્રવિણસિંહ વાઢેર નામના સાત શખ્સને મીઠાપુર પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૮૫૩૦ ની રોકડ રકમ તથા રૂ. ૪૫૫૦૦ ની કિંમતના પાંચ નંગ મોબાઈલ ફોન સહિત કુલમળી રૂ. ૬૪ હજારની માલમતા કબ્જે કરી હતી.

બીજો દરોડો દ્વારકા તાલુકાના વાચ્છુ ગામમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા માંડણભા દેવાભા માયાણી, ભાવુભા મુરૂભા કેર અને રાજનભા અજાભાઈ માણેક નામના ત્રણ શખ્સને દ્વારકા પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૦૦૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. ત્રીજો દરોડો ખંભાળિયામાં સંજયનગર વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા આસિફ રફીકભાઈ સમા, કરણસિંહ ગલતુભા જાડેજા અને જગદીશભાઈ વાલાભાઈ જોગાણી નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૩૧૪૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

ચોથો દરોડો જ્યારે સંજયનગર વિસ્તારમાં જ પોલીસે અન્ય એક દરોડો પાડી જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા સલીમ હસનભાઈ મિયાણા, હાજી કરસનભાઈ મિયાણી અને રાજદીપસિંહ મહિપતસિંહ જાડેજા નામના ત્રણ શખ્સને ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૧૩૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. પાંચમો દરોડો ખંભાળિયા તાલુકાના સલાયા ગામે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા આમીન અબાસભાઈ સુંભણીયા, સાહિલ હુસેનભાઈ સંઘાર નામના બે શખ્સને સ્થાનિક પોલીસે રૂ. ૧૦૪૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

છઠ્ઠો દરોડો કલ્યાણપુર તાલુકાના ભાટીયા ગામે આવેલ રામાપીરના મંદિર પાસે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મોતીરામ ગંગારામ પરમાર, હરીશ જેઠીદાસ ચાવડા, અજય નાગાજણભાઈ ચાસીયા અને હેમંત કારૂભાઈ જાડેજા નામના ૪ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૧૨૧૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

સાતમો દરોડો કલ્યાણપુરમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મોહનભાઈ અરશીભાઈ સોલંકી, સુકાભાઈ લાખાભાઈ બારીયા અને રાજુભાઈ બાબુભાઈ ગામી નામના ત્રણ શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૪૫૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

આઠમો દરોડો ખંભાળિયામાં ઘરાનગર વિસ્તારમાં જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા અજીતભાઈ આમદભાઈ નાયાણી અને રાણાભાઈ નાગસીભાઈ નાયાણી નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૧૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી. નવમો દરોડો દ્વારકા તાલુકાના વરવાળા ગામે જાહેરમાં ચલણી નોટો ઉપર એકીબેકી નામનો જુગાર રમતા વિપુલભાઈ કાનાભાઈ સોનપરી અને ભીખુભાઈ કાનાભાઈ પરમાર નામના બે શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૨૧૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

**જામખંભાલીયા નગરપાલિકા – જામખંભાલીયા, જી.દેવભૂમિ દ્વારકા**

**ઓનલાઇન ટેન્ડરની જાહેર નિવિદા**

જામખંભાલીયા નગરપાલિકા, જામખંભાલીયા,જી.દેવભૂમિ દ્વારકાને નીચે મુજબના કામ કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

1. કામનું નામ: બીડ ડોકયુમેન્ટ ફોર ડોગ સ્ટરિલાઇઝેશન ઓર વેકશીનેશન વર્ક એસ પર એનીમલ બર્થ કંટ્રોલ રૂલ્સ-૨૦૨૩ ઇન જામખંભાળિયા નગરપાલિકા એરીયા.

| | |
|---|---|
| અંદાજીત રકમ : રૂ.૨૫.૦૦ લાખ | સમયમર્યાદા : ૦૬-માસ |
| ઈ.એમ.ડી. : રૂ.૨૫,૦૦૦-૦૦ | ટેન્ડર ફી :રૂ.૯૦૦-૦૦ |

વેબસાઇટ :https://tender.nprocure.com/

ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ તથા જરૂરી ડોકયુમેંટ અપલોડ કરવાની છેલ્લી તારીખ :૦૫/૦૯/૨૦૨૬.

ફક્ત ઓરિજનલ ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. સ્પીડ પોસ્ટ / કુરિયર /આર.પી.એ.ડી. ના માધ્યમથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ : ૦૮/૦૯/૨૦૨૬ના ૧૬:૦૦ કલાક સુધી, ચીફ ઓફિસર, જામખંભાલીંયા નગરપાલિકા, મુ. નગરગેટ પાસે, નગરપાલિકા ગાર્ડન, જામખંભાલીયા, જી. દેવભૂમિ દ્વારકા.

ટેક્નિકલ બિડ ખોલવાની તારીખ : ૦૯/૦૯/૨૦૨૬ના ૧૧:૦૦ કલાકે

પ્રાઇઝ બિડ ખોલવાની તારીખ : ૦૯/૦૯/૨૦૨૬ના ૧૧:૩૦ કલાકે

ઉપરોક્ત કામ અંગે વધારે માહિતી તેમજ ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે ઉપરોક્ત જણાવેલ વેબસાઇટ પરથી તા.૨૫/૦૮/૨૦૨૬ થી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર નગરપાલિકાને અબાધિત રેહશે.

ચીફ ઓફિસર — જામખંભાલીયા નગરપાલિકા
પ્રમુખ — જામખંભાલીયા નગરપાલિકા

માહિતી-જામ.-વ.જા.ખ./૩૮૮/૨૦૨૬

# જામનગરમાં એસ.ટી.ના ડ્રાઈવરે ચાલુ બસે બાળકને સ્ટીયરિંગ સોંપતો વીડિયો વાયરલ



જામનગર : જામનગરમાં ગુજરાત એસ.ટી. નિગમની બસમાંથી મુસાફરોની સુરક્ષા સામે ગંભીર બેદરકારીનો ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. એસ.ટી. ડેપોમાંથી બહાર નીકળતી ચાલુ બસમાં ડ્રાઈવરે એક માસૂમ બાળકને બસનું સ્ટીયરિંગ સોંપી દીધું હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ભારે ચકચાર મચી છે.

ગત મંગળવારે રાત્રે ડેપોમાંથી બસ બહાર નીકળતી હતી ત્યારે સમગ્ર ઘટનાને એક રિક્ષાચાલકે પોતાના મોબાઈલમાં કેદ કરી લીધી હતી. વાયરલ થયેલા વીડિયોમાં ડ્રાઈવિંગ સીટ પર

બેઠેલો ડ્રાઈવર પોતાની બાજુમાં એક બાળકને બેસાડીને બસ ચલાવવા દેતો હોવાનું સ્પષ્ટપણે જોવા મળે છે. બસનું સ્ટીયરિંગ બાળકના હાથમાં છે, જ્યારે ડ્રાઈવર તેની બાજુમાં બેઠેલો જોવા મળે છે.

એસ.ટી. બસમાં દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરતા હોય છે, ત્યારે ચાલુ બસમાં બાળકને સ્ટીયરિંગ સોંપવાની આ હરકત મુસાફરોના જીવને ગંભીર જોખમમાં મૂકી શકે તેવી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. ડ્રાઈવરની આવી બેદરકારીને કારણે કોઈ અકસ્માત સર્જાયો હોત તો તેની જવાબદારી કોની રહેત? તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે.


વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયા બાદ એસ.ટી. નિગમનું તંત્ર હરકતમાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જવાબદાર ડ્રાઈવરની ઓળખ મેળવવા તેમજ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ડ્રાઈવર સામે શિસ્તભંગની કાર્યવાહી ઉપરાંત સસ્પેન્શન સહિતનાં પગલાં ભરવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળે છે.

મુસાફરોના જીવ સાથે ચેડાં કરતી આવી ગંભીર બેદરકારી સામે માત્ર કાગળ પરની કાર્યવાહી નહી, પરંતુ જવાબદાર સામે દાખલારૂપ કડક પગલાં ભરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

# જામનગરમાં તાવના ૨૨૯ અને ઝાડા-ઉલટીના ૮૫ કેસો મળી આવ્યા

જામનગર : જામનગર મ્યુ. કોર્પોરેશનની આરોગ્ય શાખા હેઠળના મેલેરીયા વિભાગે ૧૩ આરોગ્ય કેન્દ્રો હેઠળના વિસ્તારમાં છેલ્લા થોડા દિવસોમાં કરેલી મચ્છરજન્ય રોગચાળા વિરોધી કરેલી ઝુંબેશ દરમિયાન તંત્રની ટીમોને તાવના ફ્લૂ અને ઝાડા-ઉલ્ટીના ૮૫ કેસો મળી આવ્યા છે. તેમજ તંત્રની ટીમોએ મચ્છરોની ઉત્પત્તિ થતાં પહેલા જ નાથવાની કામગીરી પણ કરી હતી. તંત્રની ૨૩૩ ટીમોએ ૯૭,૨૪૪ ઘરોનો સર્વે કર્યો હતો. જેમાં ૧૯૩૫ ઘરોમાં મચ્છરોના પોરાની ઉત્પત્તિ જોવા મળી હતી. આ ઉપરાંત ટીમો દ્વારા પાણી ભરવાના કુલ ૪,૭૨,૫૦૭ પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી. આવા પાત્રોમાંથી ૨૦૮૮ પાત્રોમાં પણ મચ્છરોના પોરાની ઉત્પત્તિ જોવા મળી હતી. જેથી તંત્રએ આ પાત્રો ઉપરાંતના અન્ય મળીને ૨૧૮૪ પાત્રોનો નાશ કરાવ્યો હતો. ઉપરાંત કુલ ૪૫,૮૧૨ પાત્રોમાં એબેટ નામની મચ્છર વિરોધી દવા નાંખી હતી. આ તપાસ દરમિયાન તાવના ૨૨૯ કેસો અને ઝાડા-ઉલ્ટીના ૮૫ કેસો મળી આવ્યા હતા.

# દ્વારકાધીશ જગતમંદિરમાં ઠાકોરજીને કુંડલા ભોગ મનોરથ યોજાયો



દ્વારકા : દ્વારકાધીશ જગતમંદિરમાં ગઈકાલે ઠાકોરજીના ભાવિક ભકત પરિવાર દ્વારા વારાદાર પૂજારીના સૌજન્યથી સાંજે ઠાકોરજીના ઉત્થાપન દર્શન સમયે કુંડલા ભોગ મનોરથ યોજવામાં આવ્યો હતો. જેમાં કેસરી વાઘા સાથેના દૈદિપ્યમાન શૃંગાર સાથેના દિવ્ય મનોરથ દર્શન તથા મનોરથ આરતીનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લાભ લીધો હતો. આ ઉપરાંત ઓનલાઈનના વિવિધ માધ્યમોથી દેશ વિદેશના લાખો કૃષ્ણભકતોએ નિહાળી ભાવવિભોર બન્યાં હતાં.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## એઆઈના યુગમાં માનવીય કલમનું પુનરાગમન

કૃત્રિમ બુદ્ધિ એટલે કે એઆઈએ લેખન અને પ્રકાશનની દુનિયામાં મોટો ફેરફાર લાવ્યો છે. થોડા વર્ષ પહેલાં પુસ્તક લખવા, સંપાદિત કરવા અને પ્રકાશિત કરવા માટે લાંબો સમય લાગતો હતો. આજે એઆઈની મદદથી થોડા કલાકોમા પુસ્તક તૈયાર થઈ શકે છે. પરિણામે વિશ્વના ડિજિટલ પ્લેટફોર્મ પર એઆઈની મદદથી તૈયાર થયેલાં પુસ્તકોની સંખ્યા ઝડપથી વધી રહી છે. એક સમયે ઓનલાઈન પુસ્તકો ૧૦ થી ૧૫ હજાર દર મહિને પ્રસિદ્ધ થતા હતા તેને બદલે આજે ત્રણ લાખ કરતા વધુ પુસ્તકો દર મહિને પ્રસિદ્ધ થઈ રહ્યા છે આમાં મોટા ભાગના પુસ્તકો એ આઈ જનરેટર છે. બીજી બાજુ ગુજરાતી ભાષામાં છપાયેલા ૧૦૦ થી ૧૫૦ પાના ના પુસ્તકોની કિંમત આજે દોઢસો રૂપિયાથી માંડીને ૩૦૦ સુધી પહોંચી ગઈ છે. સામાન્ય માણસને નવા પુસ્તકો ખરીદવા પોસાય તેમ નથી. કાલે ઓમા લાખોની સંખ્યામાં પુસ્તકો હોવા છતાં વાચકો આંગળી ને લીધે ગણાય જેટલા ઘટી ગયા છે લોકોને રુચિ વાંચવામાં રહી નથી મોટા પુસ્તકો કોઈ વાંચતું નથી. શું કોઈ સોશિયલ મીડિયામાં વ્યસ્ત છેએ આઈ જનરેટેડ કન્ટેન્ટ લાખોની સંખ્યામાં અપલોડ થઈ રહ્યા છે. પરંતુ આ વધતી સંખ્યા સામે હવે એક નવી હકીકત પણ દેખાઈ રહી છે.વાચક માત્ર પુસ્તકની સંખ્યા કે ઝડપથી પ્રભાવિત થતો નથી; તેને પુસ્તકમાં માણસનો અનુભવ અને લાગણી જોઈએ છે.તાજેતરના અહેવાલો મુજબ એઆઈના વધતા ઉપયોગને કારણે ઈ-બુક્સના પ્રકાશનમાં નોંધપાત્ર વધારો થયો છે. થોડા વર્ષોમાં દર મહિને પ્રકાશિત થતી પુસ્તકોની સંખ્યા અનેકગણી થઈ છે. પરંતુ પુસ્તકોની સંખ્યા વધવી અને વાચકોનો પ્રેમ મેળવવો એ બે અલગ બાબતો છે. અનેક એઆઈ આધારિત પુસ્તકો પ્રકાશિત થયા હોવા છતાં તેમના વેચાણ, રેટિંગ અને વાચક પ્રતિસાદમાં અપેક્ષિત સફળતા મળતી નથી. આ સ્થિતિ પ્રકાશન જગત માટે વિચારવા જેવી છે.પુસ્તક માત્ર શબ્દોનું સંકલન નથી. પુસ્તક એટલે લેખકના વિચારો, અનુભવો, સંઘર્ષ, લાગણીઓ અને જીવનમાંથી મેળવેલું જ્ઞાન. કોઈ લેખક વર્ષો સુધી કોઈ વિષય પર કામ કરે, લોકો સાથે વાત કરે, પોતાની ભૂલો અને સફળતાઓમાંથી શીખે અને પછી તે અનુભવને શબ્દોમાં વ્યક્ત કરે ત્યારે પુસ્તકમાં એક અલગ પ્રકારની જીવંતતા આવે છે. વાચકને લાગે છે કે કોઈ જીવંત વ્યક્તિ તેની સાથે વાત કરી રહી છે.એઆઈ સુંદર અને ગોઠવેલી ભાષામાં લખી શકે છે. તે માહિતી ભેગી કરી શકે છે, અધ્યાયો બનાવી શકે છે અને વિચારોને વ્યવસ્થિત કરી શકે છે. પરંતુ ઘણી વખત તેમાં લેખકનો પોતાનો અવાજ સંભળાતો નથી. ભાષા વ્યાકરણની દૃષ્ટિએ સાચી હોય છતાં તેમાં માનવીય સ્પર્શનો અભાવ જણાય છે. વાચકને શબ્દો વાંચતી વખતે એવું લાગતું હોય છે કે લખાણ મશીનમાંથી આવ્યું છે. ગુજરાતી ભાષાની મીઠાશ તો માત્ર શુદ્ધ વ્યાકરણમાં નથી; તેમાં લોકબોલી, કહેવતો, સંસ્કૃતિ, લાગણી અને પોતાના જીવનનો રણકાર પણ હોય છે.આ જ પરિસ્થિતિ એઆઈથી તૈયાર થયેલા વીડિયો અને ઈમેજમાં પણ જોવા મળી રહી છે. શરૂઆતમાં એઆઈથી બનેલી તસવીરો અને વીડિયો લોકોને આશ્ચર્યચકિત કરતા હતા. થોડા શબ્દોમાં સુંદર ચિત્ર કે વીડિયો તૈયાર થઈ જતો હોવાથી લોકો તેની તરફ આકર્ષાયા. પરંતુ જ્યારે આવી સામગ્રીનું પ્રમાણ અતિશય વધી ગયું ત્યારે તેની નવીનતા ઘટવા લાગી. સોશિયલ મીડિયા પર એકસરખી લાગતી ભાષા, રજૂઆત અને કૃત્રિમ લાગણી ધરાવતી સામગ્રી વધતાં દર્શક હવે વધુ સાવચેત બન્યો છે.વાચક હવે માત્ર માહિતી મેળવવા માંગતો નથી. તે માહિતીની પાછળની વ્યક્તિને પણ જાણવા માંગે છે.

## ગંગાજળિયા તળાવ : શહેરની પ્રકૃતિ અને વિરાસતના અદ્ભુત સંગમની સુંદર ઝાંખી



ફ્રાઈડે ફોટો સ્ટોરી

ડ્રોન તસવીર ધવલ વાજા

ઉગતી પ્રભાતના સોનેરી કિરણો વચ્ચે ભાવનગર શહેરની શાન અને ઐતિહાસિક ધરોહર સમાન ગંગાજળિયા તળાવનો વિહંગમ આકાશી નજારો મન મોહી લે છે. તળાવના શાંત જળમાં પ્રતિબિંબિત થતું આકાશ, આસપાસ પથરાયેલી હરિયાળી સાથે શહેરની ઈમારતો એક જ તસવીરમાં દ્રશ્યમાન છે, શહેરની પ્રકૃતિ અને વિરાસતના અદ્ભુત સંગમની સુંદર ઝાંખી આકર્ષક બની છે.

## ગુજરાતના દરિયાકાંઠાનું બદલાતું પર્યાવરણ અને આપણું કર્તવ્ય

પ્રાંસગિક — સુરેશ ભટ્ટ

ગુજરાતને કુદરતે લગભગ સોળસોથી વધુ કિલોમીટર લાંબો વૈવિધ્યસભર દરિયાકાંઠો આપ્યો છે, જે માત્ર નકશા પરની રેખા નથી પરંતુ લાખો લોકોની આજીવિકા, સંસ્કૃતિ અને અર્થતંત્રનો આધાર છે. કચ્છના અખાતથી લઈને ખંભાતના અખાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સુધી વિસ્તરેલો આ કાંઠો મેન્ગ્રોવના જંગલો, કાદવ પ્રદેશો, પરવાળાના ખડકો અને અદભૂત જીવસૃષ્ટિ ધરાવે છે. એક સમય એવો હતો જ્યારે ભાવનગરના જૂના બંદરે પૂનમની મોટી ભરતી આવે ત્યારે દરિયાનું પાણી છેક જૂના બંદર રોડ પર આવેલા વેજીટેબલના કારખાના સુધી અને રુખડિયા હનુમાન મંદિર પાછળના નાળા-ગટરોમાં ફરી વળતું, પરંતુ આજે સિલ્ટિંગ એટલે કે કાંપ જમા થવાની પ્રક્રિયાને કારણે એ જ ખાડી સાંકડી નીક જેવી બની ગઈ છે. આ નાનું ઉદાહરણ ગુજરાતના મોટા ચિત્રનો સંકેત આપે છે, જ્યાં એક તરફ દરિયો જમીનનું મોટા પાયે ધોવાણ કરી રહ્યો છે તો બીજી તરફ કાંપ જમા થવાથી દરિયો પુરાઈ રહ્યો છે. રાષ્ટ્રીય દરિયાકાંઠા સંશોધન કેન્દ્રના અભ્યાસ મુજબ ૧૯૯૦ થી ૨૦૧૬ દરમિયાન રાજ્યના લગભગ ૩૧ ટકા દરિયાકાંઠે ધોવાણ નોંધાયું છે, જે ચિંતાનો વિષય છે.

દરિયાકાંઠો કોઈ સ્થિર દિવાલ નથી, તે સતત શ્વાસ લેતી જીવંત વ્યવસ્થા છે. મોજા, ભરતી-ઓટ, દરિયાઈ પ્રવાહો અને નદીઓ દ્વારા લાવવામાં આવતો કાંપ સતત રેતી અને માટીને એક સ્થળેથી બીજા સ્થળે ખસેડે છે. ખંભાતના અખાતમાં નર્મદા, તાપી, મહી અને સાબરમતી જેવી મોટી નદીઓ મળે છે, તેથી અહીં કાંઠાની માટીનું સ્થળાંતર સતત થતું રહે છે, ક્યાંક જમીન વધે છે તો ક્યાંક ધોવાય છે, ધોલેરા પાસે પણ આવી પ્રક્રિયા જોવા મળી છે. કચ્છના અખાતમાં ભરતી-ઓટની શક્તિ ખૂબ જ પ્રબળ છે અને અહીં મેન્ગ્રોવના જંગલો કુદરતી રક્ષણ દિવાલ તરીકે કામ કરે છે, કારણ કે તેના મૂળ જમીનને પકડી રાખે છે અને મોજાની તાકાત ઘટાડે છે, તેથી મેન્ગ્રોવનો નાશ થાય ત્યારે કાંઠો વધુ સંવેદનશીલ બની જાય છે. આજે આબોહવા પરિવર્તનને કારણે વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે, બરફ પીગળી રહ્યો છે અને દરિયાનું પાણી ગરમ થઈને ફૂલી રહ્યું છે, જે લાંબા ગાળે દરિયાની સપાટી વધારી શકે છે, સાથે સાથે ચક્રવાત અને અતિભારે વરસાદની ઘટનાઓ પણ દરિયાકાંઠા માટે જોખમ વધારે છે, જો કે દરેક ફેરફારને માત્ર આબોહવા પરિવર્તન સાથે જોડી દેવું યોગ્ય નથી, કુદરતી ભરતી-ઓટ, નદીનો કાંપ અને ભૂગર્ભીય રચના પણ એટલા જ મહત્વના પરિબળો છે. વિકાસ જરૂરી છે પરંતુ કુદરતના નિયમો અવગણીને થતો અસંતુલિત વિકાસ લાંબા ગાળે નુકસાનકારક બને છે, બંદરો અને મોટા દરિયાઈ બાંધકામોથી દરિયાઈ પ્રવાહનો માર્ગ બદલાય છે, ઉદ્યોગો માટે મેન્ગ્રોવ કે કાદવ પ્રદેશમાં ફેરફાર કરવાથી કુદરતી સુરક્ષા ઘટે છે અને મીઠા ઉદ્યોગ, બાંધકામ તથા અયોગ્ય આયોજનથી પર્યાવરણ પર દબાણ વધે છે. આ ધોવાણની સીધી અસર દરિયા નજીક રહેતા લોકો પર પડે છે, ખેતીની જમીન ઘટે છે, ખારા પાણીના પ્રવેશથી જમીન અને ભૂગર્ભજળ બગડે છે અને માછલીઓના કુદરતી રહેઠાણો નાશ પામતા માછીમારી પર અસર થાય છે. તેથી ઉકેલ કુદરત સાથે સંવાદ રાખીને વિકાસ કરવાનો છે, સૌ પ્રથમ ઉપગ્રહ, ડ્રોન અને ઁજી દ્વારા સતત વૈજ્ઞાનિક દેખરેખ રાખવી જોઈએ કે ક્યાં ધોવાણ થાય છે અને ક્યાં જમીન વધે છે, બીજું સૌથી અસરકારક કુદરતી ઉપાય મેન્ગ્રોવનું સંરક્ષણ અને સ્થાનિક પ્રજાતિનું વાવેતર છે, ત્રીજું બંદરો અને ઉદ્યોગો માટે પર્યાવરણની ક્ષમતા ધ્યાનમાં લઈને આયોજન કરવું જોઈએ, ચોથું નદીઓના કુદરતી પ્રવાહને જાળવી રાખવો જોઈએ કારણ કે નદીઓ કાંપ અને પોષક તત્વો દરિયામાં પહોંચાડે છે અને પાંચમું જ્યાં ખૂબ જરૂરી હોય ત્યાં જ વૈજ્ઞાનિક ઢબે સુરક્ષા દિવાલો બનાવવી જોઈએ, દરેક જગ્યાએ કોંક્રિટની દિવાલ કાયમી ઉકેલ નથી. પર્યાવરણ બચાવવું એ માત્ર સરકારની જવાબદારી નથી, વિદ્યાર્થીઓ અને નાગરિકો દરિયાકાંઠાની સફાઈ કરીને, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડીને અને "મારો દરિયાકિનારો, મારી જવાબદારી" જેવા કાર્યક્રમોથી જાગૃતિ ફેલાવીને મહત્વની ભૂમિકા ભજવી શકે છે. ગુજરાત પાસે દરિયાની અમૂલ્ય સંપત્તિ છે અને જો આપણે આજે યોગ્ય આયોજન અને પર્યાવરણપ્રેમી વિકાસ અપનાવીશું તો આવનારી પેઢીને ધોવાતો નહીં પરંતુ સુરક્ષિત અને સમૃદ્ધ દરિયાકાંઠો આપી શકીશું, કારણ કે દરિયાકાંઠો માત્ર જમીન નથી, તે જીવનની સુરક્ષા છે.

# ડિજિટલ યુગના ઉજાસ પાછળનો અંધકાર

આસપાસ ચોપાસ — સુરેશ ભટ્ટ

એક સમય હતો જ્યારે બાળકના હાથમાં રમકડાં, ચોપડી અને રંગો હતા. આજે એ જ હાથમાં સ્માર્ટફોન છે. ઈન્ટરનેટે દુનિયાને નાની કરી છે, જ્ઞાનના દરવાજા ખોલ્યા છે, પણ સાથે સાથે એક અદ્રશ્ય અને ખતરનાક દુનિયાનો દરવાજો પણ ખોલ્યો છે. આ અંધારી દુનિયાનું સૌથી ક્રૂર સ્વરૂપ છે - સાયબર બુલિંગ.

સાયબર બુલિંગ એટલે શું? ખૂબ સરળ ભાષામાં સમજીએ તો, જ્યારે કોઈ વ્યક્તિ મોબાઈલ, કોમ્પ્યુટર કે ઈન્ટરનેટ જેવી ટેકનોલોજીનો સહારો લઈને બીજી વ્યક્તિને હેરાન કરે છે ત્યારે તેને સાયબર બુલિંગ કહેવાય છે. આ હેરાનગતિ અનેક સ્વરૂપે હોઈ શકે છે. વોટ્સએપ ગ્રુપમાં કોઈની વિકૃત તસવીર બનાવીને ફરતી કરવી, ઈન્સ્ટાગ્રામ કે ફેસબુક પર કોઈના ફોટા નીચે ગંદી કમેન્ટ કરવી, ખોટી અફવાઓ ફેલાવવી, કોઈને સતત ધમકીભર્યા મેસેજ મોકલવા, ઓનલાઈન ગેમ કે ઓનલાઈન ક્લાસમાં બધાની સામે તેની મજાક ઉડાવવી આ બધું જ સાયબર બુલિંગનો ભાગ છે.

સવાલ એ છે કે આ સમસ્યા બાળકો માટે આટલી ગંભીર કેમ બની જાય છે?

તેનું કારણ બાળકનું મન છે. બાળકનું મન માટીના કાચા ઘડા જેવું કોમળ હોય છે. તેમને સારા-ખરાબનો, સાચા-ખોટાનો અનુભવ ઓછો હોય છે. જ્યારે તેમને ઓનલાઈન દુનિયામાં સતત નિશાન બનાવવામાં આવે છે ત્યારે તેઓ અંદરથી તૂટી જાય છે. તેમને એવું લાગવા માંડે છે કે આખી દુનિયા તેમની વિરુદ્ધ છે. ધીમે ધીમે તેઓ એકલતામાં સરી જાય છે.

આના લક્ષણો માતા-પિતા અને શિક્ષકોએ સમજવા જેવા છે. બાળક અચાનક ચૂપ થઈ જાય, બધા સાથે હળવું-ભળવું બંધ કરી દે, સ્કૂલે જવામાં આનાકાની કરે, ભણવામાં ધ્યાન ન આપે, રાત્રે ઊંઘમાંથી ઝબકીને જાગી જાય, મોબાઈલ કે લેપટોપ જોતા જ ગભરાઈ જાય, તેના ચહેરા પરનું નિર્દોષ સ્મિત અદ્રશ્ય થઈ જાય - તો સમજવું કે કંઈક ખોટું થઈ રહ્યું છે. સતત માનસિક ત્રાસના કારણે બાળક ડિપ્રેશનમાં જતું રહે છે અને તેને જીવન અંધકારમય લાગવા માંડે છે.

ઘણા લોકો કહે છે કે નિશાળમાં થતી સામાન્ય મજાક-મસ્તી અને સાયબર બુલિંગમાં શું ફરક? ફરક ખૂબ મોટો છે. સામાન્ય બુલિંગ સ્કૂલ પૂરતું સીમિત હોય છે, તેની સામે રક્ષણ મળી શકે છે. પણ સાયબર બુલિંગને કોઈ સમય કે સરહદ નથી. બુલિંગ કરનાર વ્યક્તિ સામે હોતી નથી, તે નકલી આઈડી પાછળ છુપાયેલી હોય છે. પીડિત બાળક ઘરમાં સુરક્ષિત હોવા છતાં પણ ૨૪ કલાક ડર અનુભવે છે કારણ કે તેનો ફોન જ તેના માટે ત્રાસનું સાધન બની જાય છે. એક વખત ઈન્ટરનેટ પર મુકાયેલી કોઈ ખરાબ પોસ્ટને આખી દુનિયા જોઈ શકે છે અને તેને ડિલીટ કરવી લગભગ અશક્ય બની જાય છે.

> **સાયબર બુલિંગ સામે ક્યારે જાગીશું? આજની તારીખે અનેક બાળકો સાયબર બુલિંગના શિકાર બની રહ્યા છે અને આત્મહત્યા કરી રહ્યા છે. જ્યારે મોટી વયના બાળકો વિદ્યાર્થીઓ રેગિંગનો ભોગ બની રહ્યા છે. આજની આ સળગતી સમસ્યાનો ઉકેલ લાવવો હવે જરૂરી**

આ સમસ્યા કેટલી ભયાવહ હોઈ શકે તેનો એક દુ:ખદ દાખલો જયપુરની એક ખાનગી શાળામાં જોવા મળ્યો હતો. ૯ વર્ષની એક દીકરીએ લાંબા સમય સુધી માનસિક ત્રાસ સહન કર્યા બાદ પોતાના શાળાના બિલ્ડિંગ પરથી કૂદીને જીવન ટૂંકાવ્યું હતું. તે દીકરીએ પોતાના શિક્ષકોને અનેક વખત ફરિયાદ પણ કરી હતી, પરંતુ તેની વાતને ગંભીરતાથી લેવામાં આવી નહોતી. સીસીટીવી ફૂટેજમાં તે છેલ્લી ક્ષણોમાં એકલી, અસહાય અને હાથ જોડીને ઉભેલી દેખાય છે. આ ઘટના માત્ર એક શાળાની બેદરકારી નથી, પણ સમગ્ર સિસ્ટમ સામે સવાલ ઉભો કરે છે કે આપણે આપણા બાળકોને કેટલા સુરક્ષિત રાખીએ છીએ? આ કિસ્સાની તપાસ ધીમી ગતિએ ચાલી રહી છે અને અનેક સવાલો હજુ પણ અનુત્તર છે.તો આ ભયાનક સમસ્યામાંથી બહાર નીકળવાનો રસ્તો શું છે? આ લડાઈ એકલા સરકારની કે એકલા માતા-પિતાની નથી, આખા સમાજે સાથે મળીને લડવાની છે.

૧. માતા-પિતા અને પરિવારની ભૂમિકા:

સૌથી પહેલી જવાબદારી પરિવારની છે. બાળકને મોબાઈલ આપતા પહેલા તેને ડિજિટલ શિસ્ત શીખવવી જરૂરી છે. માતા-પિતાએ પોલીસની જેમ નહીં પણ મિત્રની જેમ બાળકના ઓનલાઈન જીવન પર નજર રાખવી જોઈએ. રોજ ૧૫ મિનિટ બાળક સાથે વાત કરો, તે શું જુએ છે, કોની સાથે વાત કરે છે તે જાણવાનો પ્રયત્ન કરો. તેને સમજાવો કે ઈન્ટરનેટ પર મળતી દરેક વ્યક્તિ મિત્ર નથી હોતી અને જો કોઈ તમને અસ્વસ્થ કરે તો તરત જ મોટા વ્યક્તિને કહેવું. તેને વિશ્વાસ અપાવો કે ગમે તે થાય, અમે તારી સાથે છીએ.

૨. શાળા અને શિક્ષણ સંસ્થાઓએ શું કરવું?

શાળા એ બાળકનું બીજું ઘર છે. દરેક શાળામાં બુલિંગ વિરુદ્ધ કડક અને સ્પષ્ટ નીતિ હોવી જોઈએ. બાળકો માટે "એન્ટી-બુલિંગ કમિટી" અને ફરિયાદ પેટી હોવી જોઈએ જ્યાં બાળક ડર વગર પોતાની વાત કહી શકે.




શિક્ષકોએ સંવેદનશીલ બનવું પડશે. જ્યારે કોઈ બાળક ફરિયાદ લઈને આવે ત્યારે "આ તો નાની વાત છે" કહીને ટાળવાને બદલે તરત જ કાર્યવાહી કરવી જોઈએ. અભ્યાસક્રમમાં સાયબર સેફ્ટી અને સારા ડિજિટલ નાગરિક બનવા અંગેના પાઠો દાખલ કરવા જોઈએ. શાળામાં કાઉન્સેલરની નિમણૂક ફરજિયાત હોવી જોઈએ.

૩. સરકાર અને કાયદાની ભૂમિકા:

ભારતમાં સાયબર બુલિંગને રોકવા માટે કાયદા છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ ૨૦૦૦ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ આવા ગુનાઓ માટે સજાની જોગવાઈ છે. સરકારે ૧૯૩૦ નંબરનો સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર અને્‌.ષ્અહ્નીર્ષિૈદ્વિ.ર્જીદ્બૈ.હ પોર્ટલ શરૂ કર્યું છે જ્યાં કોઈ પણ વ્યક્તિ ફરિયાદ નોંધાવી શકે છે. પરંતુ માત્ર કાયદો બનાવવો પૂરતો નથી. પોલીસને વધુ સંવેદનશીલ અને ઝડપી બનાવવાની જરૂર છે. શાળાઓમાં પોલીસ અને સાયબર એક્સપર્ટ દ્વારા જાગૃતિ કાર્યક્રમો કરવા જોઈએ.

અંતે, યાદ રાખો કે બાળકને સૌથી વધુ જરૂર પ્રેમ અને સાંભળનાર કાનની હોય છે. તેના હાથમાંથી મોબાઈલ છીનવી લેવો એ ઉકેલ નથી, પણ મોબાઈલનો સાચો ઉપયોગ શીખવવો એ ઉકેલ છે. જો આપણે આજે નહીં જાગીએ તો કાલે બીજી કોઈ અમયરા આપણી બેદરકારીનો ભોગ બનશે. માસૂમ બાળપણને આ ડિજિટલ ઘામાંથી બચાવવું એ આપણા સૌની સહિયારી ફરજ છે.

# પુલવામામાં રોયલ પ્રીમિયર લીગની પહેલી મેચ જોવા માટે ૨૦,૦૦૦ લોકો એકઠા થયા

શ્રીનગર,

પુલવામા, જે એક સમયે હિંસા અને તણાવના સમાચાર માટે જાણીતું હતું, બુધવારે સાંજે ક્રિકેટના જુસ્સામાં ડૂબી ગયું હતું. મેદાન ફ્લડલાઈટ્સથી પ્રકાશિત થયું હતું, સ્ટેન્ડ હજારો લોકોના ઉત્સાહથી ભરાઈ ગયા હતા, અને દરેક ચોગ્ગા અને છગ્ગા સાથે તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠ્યું હતું. રોયલ પ્રીમિયર ક્રિકેટ લીગની બીજી આવૃત્તિના લોન્ચિંગે દક્ષિણ કાશ્મીર જિલ્લામાં રમતગમત અને ઉજવણીનું એક અનોખું ચિત્ર રજૂ કર્યું.

પુલવામા સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે યોજાયેલી ટુર્નામેન્ટની પહેલી મેચ જોવા માટે ૨૦,૦૦૦ થી વધુ લોકો એકઠા થયા હતા. ડે-નાઈટ મેચ દરમિયાન, સ્ટેડિયમ સંપૂર્ણપણે ક્રિકેટના ઉજવણીમાં ડૂબી ગયું હતું. દર્શકોએ તાળીઓ અને ઢોલના ગડગડાટથી ખેલાડીઓને ઉત્સાહિત કર્યા, લીગની શરૂઆતની ઉજવણી કરી.

રોયલ પ્રીમિયર લીગની વાપસીને સ્થાનિક સ્તરે યુવાનો માટે એક સકારાત્મક પહેલ તરીકે જોવામાં આવી રહી છે. આયોજકો કહે છે કે આવા કાર્યક્રમો યુવાનોને રમતગમત સાથે જોડે છે અને તેમને એક પ્લેટફોર્મ પૂરું પાડે છે જ્યાં તેઓ તણાવ અને નિરાશાથી દૂર રહીને આનંદની ક્ષણો શેર કરી શકે છે.

બુધવારે મેચ શરૂ થાય તે પહેલાં



સ્ટેડિયમમાં દર્શકોની મોટી ભીડ એકઠી થઈ હતી. ભીડ એટલી મોટી હતી કે પરિસ્થિતિને નિયંત્રિત કરવી પોલીસ માટે પડકાર બની ગઈ. સ્ટેડિયમની દિવાલ ધરાશાયી થવાથી છ લોકો ઘાયલ થયાના અહેવાલો પણ છે. આમ છતાં, ક્રિકેટ પ્રત્યે દર્શકોનો ઉત્સાહ ઓછો થયો નહીં, અને લોકો મેચ જોવા માટે મેદાનમાં ઉમટી પડ્યા. સ્થાનિક લોકોએ પણ લીગના પ્રારંભનું સ્વાગત કર્યું, અને કહ્યું કે પુલવામા જેવા વિસ્તારમાં નિયમિત રમતગમતની પ્રવૃત્તિઓ યુવાનોને તેમની પ્રતિભા દર્શાવવાની તક પૂરી પાડે છે.રોયલ પ્રીમિયર લીગની બીજી આવૃત્તિમાં કાશ્મીરની દસ ટીમો ભાગ લઈ રહી છે. પીડીપીના ધારાસભ્ય વાહીદ પારાએ ટુર્નામેન્ટ ટ્રોફીનું અનાવરણ કર્યું, જ્યારે પુલવામાના એસએસપી તનુ શ્રીએ શરૂઆતની મેચ પહેલા સિક્કો ઉછાળ્યો. ગયા વર્ષે, રોયલ પ્રીમિયર લીગે દક્ષિણ કાશ્મીરમાં ક્રિકેટ ચાહકોમાં નોંધપાત્ર ઉત્સાહ જગાડ્યો હતો. કાશ્મીરમાં ક્રિકેટ ખૂબ જ લોકપ્રિય છે. તાજેતરમાં, જમ્મુ અને કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીને શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

# અયાન મુખર્જીની ફિલ્મ બ્રહ્માસ્ત્ર માટે રણબીર કપૂરને સૌથી વધુ ફી મળી હતી

મુંબઈ,

અયાન મુખર્જીની ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર ૨' ૨૦૨૨ માં રિલીઝ થઈ હતી. ફિલ્મે અપેક્ષા કરતા ઓછી કમાણી કરી હતી. રણબીર કપૂરે શિવનું પાત્ર ભજવ્યું હતું, જ્યારે આલિયા ભટ્ટે ઈશાનું પાત્ર ભજવ્યું હતું. હવે 'બ્રહ્માસ્ત્ર ૨' બનવાના અહેવાલો છે, પરંતુ પહેલા જાણો કે બંનેએ પહેલા ભાગ માટે કેટલા પૈસા લીધા હતા.

તાજેતરમાં, "બ્રહ્માસ્ત્ર ૨" વિશે માહિતી બહાર આવી છે કે ભાગ ૨ પર કામ ૨૦૨૭ માં શરૂ થઈ શકે છે. જ્યારે રણબીર કપૂર આ વખતે ડબલ રોલ ભજવી રહ્યા હોવાના અહેવાલો છે, ત્યારે આલિયા ભટ્ટ ફરી એકવાર ઈશા તરીકે જોવા મળશે. જોકે, આ વખતે ફિલ્મમાં દીપિકા પાદુકોણની એન્ટ્રીના અહેવાલો પણ છે.વાસ્તવમાં, 'બ્રહ્માસ્ત્ર પાર્ટ ૧'નું બજેટ ૪૧૦ કરોડ રૂપિયા હોવાનું જાણવા મળ્યું હતું. રણબીર કપૂરને આ ફિલ્મ માટે સૌથી વધુ ફી મળી હતી. અહેવાલ મુજબ, અભિનેતાએ શિવના રોલ માટે ૨૫-૩૦ કરોડ રૂપિયા ચાર્જ કર્યા હતા, જે તેની પાછલી ફિલ્મની ફી કરતા બમણા હતા. તે પહેલાં, તે



'શમશેરા'માં દેખાયો હતો, જેના માટે તેણે ૧૫ કરોડ રૂપિયા ચાર્જ કર્યા હતા.આલિયા ભટ્ટ વિશે વાત કરીએ તો, અભિનેત્રીએ ફિલ્મમાં ઈશાની ભૂમિકા ભજવી હતી. તેણે ફિલ્મમાં રણબીર કપૂરની પ્રેમિકાની ભૂમિકા પણ ભજવી હતી.

# અભિનેતા વરુણ ધવને ખરીદી કરેલા ફાર્મમાં વરસાદી વાતાવરણ વચ્ચે ચા અને બિસ્કિટનો આનંદ માણ્યો

મુંબઈ,

પ્રખ્યાત બોલિવૂડ અભિનેતા વરુણ ધવને પોતાના ચાહકો સાથે જીવનની એક ખૂબ જ ખાસ અને મોટી સિદ્ધિ શેર કરી છે. અભિનેતા માટે, તેમની સૌથી મોટી સફળતા બ્લોકબસ્ટર ફિલ્મ કે એવોર્ડના સેટ સાથે સંબંધિત નથી, પરંતુ પ્રકૃતિની નજીક બનેલા તેમના નવા ફાર્મ સાથે સંબંધિત છે. તાજેતરમાં, વરુણ ધવને સોશિયલ મીડિયા પર એક વિડિઓ શેર કર્યો, જેમાં સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી કે તેમણે પોતાનું ખેતર ખરીદ્યું છે. તેમણે ખૂબ જ સરળ રીતે આ ખાસ પ્રસંગની ઉજવણી કરી, સુંદર વરસાદી વાતાવરણ વચ્ચે ચા અને બિસ્કિટનો આનંદ માણ્યો.

સોશિયલ મીડિયા પર શેર



કરાયેલા વિડિયો ક્લિપમાં, ૩૯ વર્ષીય અભિનેતા તેમના ફાર્મહાઉસની ખુલ્લી જગ્યામાં ઉભા રહીને કેમેરા સાથે સીધી વાત કરતા જોવા મળે છે. તેમણે પોતાની નવી જમીનની ખરીદીને તેમના જીવનનો સૌથી મોટો સીમાચિહ્ન ગણાવ્યો. અભિનેતાએ વીડિયોમાં પોતાનો આનંદ વ્યક્ત કરતા કહ્યું કે આ અદ્ભુત હવામાનમાં તેમના ખેતરમાં ઉભા રહીને ચા અને બિસ્કિટનો આનંદ માણવો એ તેમના માટે એક અવિશ્વસનીય અને અદ્ભુત અનુભવ હતો. આ ખાસ ક્ષણનો વિડિયો શેર કરતા, તેમણે ફક્ત કેપ્શનમાં લખ્યું, "મેં એક ખેતર ખરીદ્યું છે."વરુણ ધવનની પોસ્ટ ઝડપથી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ગઈ, અને ચાહકો તેના પર પ્રતિક્રિયા આપવા લાગ્યા. અભિનેતાને આ નવી શરૂઆત માટે અભિનંદન અને પ્રેમનો વરસાદ મળી રહ્યો છે. એક વપરાશકર્તાએ તેમની પ્રશંસા કરતા લખ્યું, "સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા બદલ આભાર." બીજા એક યુઝરે શાંત ગામડાના વાતાવરણની પ્રશંસા કરતા લખ્યું, "ગામ અને પ્રકૃતિથી ઘેરાયેલા રહેવાની અનુભૂતિ ખરેખર અનોખી છે." ચાહકો તેમના સરળ અને સાદા અભિગમની પ્રશંસા કરી રહ્યા છે.વરુણ ધવન તાજેતરમાં જૂનમાં સિનેમાઘરોમાં રિલીઝ થયેલી ફિલ્મ "હૈ જવાની તો ઈશ્ક હોના હૈ" માં જોવા મળ્યો હતો.

# ઈંગ્લેન્ડના ઝડપી બોલરો જોશ ટંગ અને ઓલી રોબિન્સને ૨૮ વર્ષ પછી ટેસ્ટ ક્રિકેટમાં ઈતિહાસ રચ્યો

હેડિંગ્લી,

પાકિસ્તાનના બેટ્સમેન પાસે ઈંગ્લેન્ડના જોશ ટંગ અને ઓલી રોબિન્સનની બોલિંગનો કોઈ જવાબ નહોતો. બંને ઝડપી બોલરોએ પાંચ-પાંચ વિકેટ લીધી, પાકિસ્તાનની પ્રથમ ઈનિંગને ફક્ત ૧૭૧ રનમાં ઓલઆઉટ કરી દીધી. ઈંગ્લેન્ડના ટેસ્ટ ક્રિકેટ ઈતિહાસમાં ૨૮ વર્ષમાં આ પહેલી વાર બન્યું કે બે અંગ્રેજી ઝડપી બોલરોએ એક જ ઈનિંગમાં પાંચ વિકેટ લીધી.પ્રથમ ટેસ્ટના પહેલા દિવસે ટોસ જીત્યા બાદ, ઈંગ્લેન્ડે પાકિસ્તાનને બેટિંગ માટે આમંત્રણ આપ્યું. રોબિન્સને મેચના પહેલા જ બોલ પર વિકેટ



લઈને પોતાનો ઈરાદો સ્પષ્ટ કર્યો. તેણે ૧૮ ઓવરમાં ૫૧ રન આપીને પાંચ વિકેટ લીધી. આ દરમિયાન, ટોંગે માત્ર ૯.૧ ઓવરમાં ૪૬ રન આપીને પાંચ પાકિસ્તાની બેટ્સમેનોને આઉટ કર્યા. તેમની શાનદાર બોલિંગ સામે પાકિસ્તાન ૧૭૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું.

ટંગુ અને રોબિન્સન ઈંગ્લેન્ડ માટે એક જ ટેસ્ટ ઈનિંગમાં પાંચ વિકેટ લેનારી પહેલી ફાસ્ટ બોલિંગ જોડી નથી, પરંતુ તેઓ ૨૮ વર્ષમાં આવું કરનારી પહેલી અંગ્રેજી પેસ જોડી બની છે. અગાઉ, આ સિદ્ધિ ૧૯૯૮માં એન્ડી કેડિક અને એંગસ ફ્રેઝર દ્વારા હાંસલ કરવામાં આવી હતી. બંનેએ પોર્ટ ઓફ સ્પેનમાં વેસ્ટ ઈન્ડીઝ સામેની ટેસ્ટની પહેલી ઈનિંગમાં પાંચ વિકેટ લીધી હતી.

જોકે, ઈંગ્લેન્ડ માટે એક જ ઈનિંગમાં બે બોલરો દ્વારા પાંચ વિકેટ લેવાની પરંપરા ઘણી જૂની છે. ટોમ રિચાર્ડસન અને જેક હર્ને ૧૮૯૬માં લોર્ડ્સમાં ઓસ્ટ્રેલિયા સામેની બીજી ઈનિંગમાં પાંચ-પાંચ વિકેટ લઈને આ સિદ્ધિ મેળવી હતી. પહેલી વાર ૧૮૮૮માં ઈંગ્લેન્ડના બે બોલરોએ એક ઈનિંગમાં પાંચ વિકેટ લીધી હતી.

# આજે પણ એરપોર્ટ પર ૫૦૦ લોકો મારી સાથે સેલ્ફી લે છે : અભિનેતા રાજપાલ યાદવ



મુંબઈ,

અભિનેતા રાજપાલ યાદવે તેમની નાણાકીય મુશ્કેલીઓને કારણે તેમના કામને બદનામ કરવાનો પ્રયાસ કરી રહેલા લોકોની ટીકા કરી છે. પોતાને સિનેમાનો વિદ્યાર્થી ગણાવતા, રાજપાલ યાદવે કહ્યું કે તે લોકપ્રિય રહે છે અને તેમની મુશ્કેલીઓ તેમના કામને અસર ન કરે. આ વાતચીત ચેક-બાઉન્સ કેસ વિશે છે જેના કારણે તેમને આ વર્ષની શરૂઆતમાં થોડા સમય માટે જેલમાં મોકલવામાં આવ્યા હતા.

રાજપાલ યાદવે કહ્યું, "મારા જીવનની સફરમાં, મારી અભિનયની સફરમાં, જેમાં હું થિયેટર અને ફિલ્મોનો પૂજારી છું, ભલે તમે તેને નુકસાન કહો કે બીજું કંઈક, હું ચોક્કસપણે કંઈક બનાવીશ અને તમને આપીશ. જેથી તમે જોઈ શકો કે રાજપાલે ૨૦૦૦ થી ૨૦૨૬ વચ્ચે શું કર્યું છે. તેમાં એક કે બે વર્ષ લાગી શકે છે. મેં પહેલા દિવસથી જ કહ્યું હતું કે હું ક્યારેય ખોવાયો નથી. ન તો ફિલ્મો બનાવવામાં, ન તો ઘર બનાવવામાં, ન તો કારકિર્દી બનાવવામાં."

# અપૂર્વાનો વધુ અભ્યાસ કરવા માટે ભારત છોડીને યુએસએના ન્યૂ યોર્ક શહેરમાં સ્થાયી થવાનો નિર્ણય

મુંબઈ,

દેશના જાણીતા કન્ટેન્ટ સર્જક, જે સોશિયલ મીડિયા જગતમાં 'બળવાખોર બાળક' તરીકે ઓળખાય છે, તેમણે ફરી એકવાર હેડલાઈન્સ બનાવી છે. ડિજિટલ સ્પેસમાં પોતાનું સ્થાન બનાવનાર અપૂર્વાએ વધુ અભ્યાસ કરવા માટે ભારત છોડીને યુએસએના ન્યૂ યોર્ક શહેરમાં સ્થાયી થવાનો નિર્ણય લીધો છે. પોતાના સ્પષ્ટવક્તા સ્વભાવ માટે જાણીતી અપૂર્વાએ તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન આ મહત્વપૂર્ણ નિર્ણય પાછળના મુખ્ય કારણો જાહેર કર્યા. તેણીએ સ્વીકાર્યું કે ભારતમાં તેનું સામાજિક વર્તુળ ખૂબ મર્યાદિત થઈ ગયું છે, જેના કારણે તેણીની ક્ષિતિજો સાંકડી થઈ ગઈ છે.



આ જ કારણ છે કે તે અમેરિકન કોલેજ જીવનનો અનુભવ કરવા અને પોતાને ફરીથી શોધવા માટે વિદેશ જઈ રહી છે.

યુટ્યુબ ચેનલ "અનટ્રિગર્ડ વિથ અમીનજાઝ" પર બોલતા, અપૂર્વ માખીજાએ ખુલ્લેઆમ તેની નવી સફર વિશે ચર્ચા કરી. પોડકાસ્ટ દરમિયાન, તેણીએ ખુલાસો કર્યો કે તેણીને હંમેશા ન્યૂ યોર્ક શહેર ખૂબ ગમ્યું છે. તેણીએ કહ્યું કે જ્યારે તેણી પહેલીવાર ત્યાં ગઈ હતી, ત્યારે તેણી એક દિવસ ત્યાં રહેવા માટે મક્કમ હતી. તેણીએ સમજાવ્યું કે ન્યુ યોર્કની ઝડપી ગતિશીલ જીવનશૈલી, તેની ડ્રેસિંગ સેન્સ, તેનું ભોજન, તેનું સ્થાપત્ય અને વેબ શ્રેણીમાં દર્શાવવામાં આવેલ વાતાવરણ તેણીને આકર્ષિત કરે છે. આ ઈચ્છાથી પ્રેરિત થઈને, તેણીએ ન્યૂ યોર્કમાં ફક્ત એક જ કોલેજમાં અરજી કરી. તેણી માનતી હતી કે જો તેણી પ્રવેશ મેળવશે, તો તે છોડી દેશે, અને સદભાગ્યે, તેણીએ સફળતા મેળવી.

અપૂર્વાએ સ્પષ્ટપણે સ્વીકાર્યું કે તેણીએ જે એમબીએ કોર્ષ કર્યો હતો તે તેના કારકિર્દી માટે ખાસ ઉપયોગી નહોતો. તેણીએ કહ્યું કે તેણી ક્યારેય કોર્પોરેટ જગતમાં ૯ થી ૫ ની નોકરી ઈચ્છતી નહોતી અને ભારતમાં વ્યવસાય શરૂ કરી શકતી હતી. આમ છતાં, બધું છોડીને મેનહટન હોસ્ટેલમાં એક સામાન્ય વિદ્યાર્થી તરીકે રહેવાના તેના નિર્ણય પાછળનું કારણ નવા લોકોને મળવાનું હતું. મુંબઈમાં, તેણીનું વર્તુળ અન્ય સામગ્રી નિર્માતાઓ સુધી મર્યાદિત હતું. તે હવે એવા વાતાવરણમાં જવા માંગે છે જ્યાં લોકો તેને ઈન્ટરનેટ સ્ટાર તરીકે ન જુએ અને જ્યાં તે જીવનના વિવિધ ક્ષેત્રોના લોકો સાથે જોડાઈ શકે.

પોડકાસ્ટમાં તેણીની શૈક્ષણિક લાયકાત વિશે પૂછવામાં આવતા, અપૂર્વાએ ખુલાસો કર્યો કે તે હંમેશા તેજસ્વી વિદ્યાર્થી રહી છે. તેણીએ કમ્પ્યુટર સાયન્સમાં બી ટેક કર્યું છે.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | પ્ર | ક | દ | ઉ | કા | ધો | કા | મો | ધી | કા | તુ |
| કા | ક | પ્ર | બ | ન | ૨ | ળ | ણિ | ક | ઐ | ૨ | મ |
| લી | ૨ | કા | દ | ણ | ન | ૨ | કે | સ | રી | સા | જ |
| કી | ણ | વા | બો | ગ | મા | વા | ક્રો | નિ | પ્ર | લ | કા |
| સ | અ | દુ | બા | શિ | બા | ક્ષ | વે | કા | અ | કા | હિ |
| કા | વિ | ત | આ | ઈ | કા | દ | બ | હિ | અ | ચા | ક |
| ધા | આ | બં | ચી | પ્રા | ન | વા | ન | બિ | ૨ | મ | ભો |
| દ | ન | ઔ | અ | ડી | અ | વિ | ૨ | ૨ | ગ | પ્ર | ત્રિ |
| શિ | ત્રિ | જી | ઐ | ગ | ગ | ન | ણ | ક્ષ | કા | અ | વે |
| ઇ | ળ | કો | અં | ૨ | ભ | ચી | ઐ | સ | કા | ત | ણી |
| ન | ૨ | ૨ | ણ | મા | લા | ગ | ધ | દુ | નિ | યા | ભ |
| રી | અ | ૨ | સ | ઈ | ધ | ગં | વિ | દ | કી | દ | આ |

શબ્દ શોધો: ત્રિકોણ, ત્રિવેણી, દબદબો, દુનિયા, દુવિધા, ધીરજ, ધોરણ, નરકેસરી, નિવેદન, પ્રકરણ

# અજય દેવગણે પુત્ર યુગ બે ભત્રીજા સાથે ત્ર્યંબકેશ્વર શિવ મંદિરની મુલાકાત લીધી



મુંબઈ,

પ્રખ્યાત બોલિવૂડ અભિનેતા અજય દેવગણ તેમની ધાર્મિક શ્રદ્ધા અને ભગવાન શિવ પ્રત્યેની અતૂટ ભક્તિ માટે જાણીતા છે. શ્રાવણના પવિત્ર અને પવિત્ર મહિનામાં, અભિનેતા, તેમના પુત્ર યુગ દેવગન અને તેમના બે ભત્રીજાઓ, અમન દેવગન અને દાનિશ ગાંધી સાથે, મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં આવેલા પ્રખ્યાત શ્રી ત્ર્યંબકેશ્વર શિવ મંદિરની મુલાકાત લીધી. અજયનો પુત્ર, જે તેના પિતા જેટલો જ ઊંચો અને સુંદર બાંધો ધરાવે છે, તેણે બધાનું ધ્યાન ખેંચ્યું. ૧૮ ઓગસ્ટના રોજ યોજાયેલી આ યાત્રાના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે, જેમાં પિતા-પુત્રની જોડી ભોલેનાથની ભક્તિમાં ડૂબેલી દેખાય છે.

મંદિરમાં ભક્તોની મોટી ભીડને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્ર અને સુરક્ષા દળો દ્વારા વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી હતી. અજય દેવગન કડક સુરક્ષા વચ્ચે મંદિર પરિસરમાં પ્રવેશ્યા અને ભગવાન શિવની વિશેષ પ્રાર્થના કરી. ગર્ભગૃહમાં દર્શન અને પૂજા પૂર્ણ કર્યા પછી, અભિનેતા તેમના પુત્ર યુગનો હાથ પકડીને બહાર નીકળતા જોવા મળ્યા. તેમણે મંદિરના પૂજારીઓ અને સ્થાનિક લોકો સાથે પણ સૌહાર્દપૂર્ણ વાતચીત કરી. ત્યારબાદ તેઓ મંદિર ટ્રસ્ટ ઓફિસ ગયા, જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું.સ્થાનિકો અને ચાહકોને અભિનેતાના આગમનની જાણ થતાં જ, મંદિર સંકુલની બહાર તેમને જોવા માટે મોટી ભીડ એકઠી થઈ ગઈ.

# કુણાલ ખેમુ દ્વારા લખાયેલી 'વાઈબ'માં અભિનેત્રી પ્રીતિ ઝિન્ટા અભિનય કરશે

મુંબઈ,

મડગાંવ એક્સપ્રેસ પછી, કુણાલ ખેમુ વધુ એક ડાર્ક કોમેડી ફિલ્મ 'વાઈબ' લઈને પાછો ફર્યો છે. આ ફિલ્મમાં તેની સાથે પ્રીતિ જી ઝિન્ટા, લાપતા લેડીઝ ફેમના સ્પર્શ શ્રીવાસ્તવ અને નવોદિત વંશિકા ધીર છે. આગામી થિયેટર ફિલ્મનું પહેલું પોસ્ટર, રિલીઝ તારીખ સાથે, નિર્માતાઓ દ્વારા અનાવરણ કરવામાં આવ્યું છે. ટીઝર ૨૧ ઓગસ્ટના રોજ રિલીઝ થવાનું છે.

વાઈબનું પોસ્ટર રિલીઝ થયું

એમેઝોન એમજીએમ સ્ટુડિયોએ વાઈબ માટે એક નવું ટીઝર પોસ્ટર રજૂ કર્યું છે, જેનાથી ચાહકો ઘણા પ્રશ્નો ઉભા કરે છે. આગામી એક્શન-કોમેડી કુણાલ ખેમુ દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત છે અને અરાજકતા, મિત્રતા અને ઉચ્ચ-દાવના સાહસનું મિશ્રણનું વચન આપે છે.નવું પોસ્ટર ચાર લોકોના એક અસંભવિત જૂથને એકસાથે લાવે છે. પ્રીતિ જી ઝિન્ટા એક આકર્ષક બોસ-લેડી અવતારમાં કેન્દ્ર સ્થાને છે. દરમિયાન, કુણાલ ખેમુ, સ્પર્શ શ્રીવાસ્તવ અને નવોદિત વંશિકા ધીર સ્પષ્ટપણે ચિંતિત દેખાય છે. તેમના હાવભાવ સૂચવે છે કે વસ્તુઓ ગંભીર રીતે ખોટી થઈ ગઈ છે. ટીઝર પોસ્ટરમાં શું થવાનું છે તે વિશે ફક્ત થોડા સંકેતો આપવામાં આવ્યા છે. વાર્તાના કેન્દ્રમાં ચાર ખૂબ જ અલગ વ્યક્તિત્વો સાથે, ફિલ્મ એક અણધારી અને અસ્તવ્યસ્ત સવારી તરફ આગળ વધી રહી હોય તેવું લાગે છે. એક નજર નાખોઃઆ ફિલ્મ બે નજીકના મિત્રોની વાર્તા છે જેમના સરળ જીવનમાં અણધાર્યો વળાંક આવે છે. એક સામાન્ય અસ્તિત્વ ટૂંક સમયમાં એક ઝડપી ગતિનું સાહસ બની જાય છે. તેમની મિત્રતા અને અસ્તિત્વ ટકાવી રાખવાની વૃત્તિની કસોટી થાય છે કારણ કે તેઓ પોતાને અપેક્ષા કરતાં ઘણી વધુ પરિસ્થિતિમાં ફસાયેલા જોવા મળે છે.કુણાલ ખેમુએ વાઈબ લખ્યું છે અને દિગ્દર્શન કર્યું છે. તેમણે ડ્રોંગો ફિલ્મ્સ હેઠળ ચિરાગ નિહલાની સાથે ફિલ્મનું નિર્માણ પણ કર્યું છે. ફિલ્મમાં કુણાલ પ્રીતિ જી ઝિન્ટા, સ્પર્શ શ્રીવાસ્તવ અને નવોદિત વંશિકા ધીર સાથે છે.

એમેઝોન એમજીએમ સ્ટુડિયોની ફિલ્મ, વાઈબ ૧૮ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થશે.દરમિયાન, પ્રીતિ ઝિન્ટા આમિર ખાન દ્વારા નિર્મિત 'બટવારા ૧૯૪૭' સાથે મોટા પડદા પર પાછી ફરી, જે સની દેઓલ સાથે ભૈયાજી સુપરહિટ થયાના ૮ વર્ષ પછી હતી. તેમના અભિનયને ચાહકો દ્વારા બહોળા પ્રમાણમાં આવકાર મળ્યો.

## જામનગર જિલ્લા આહીર સમાજના આંગણે અવસર

# જનવિશ્વાસ જીતી નેતૃત્વની જવાબદારી સંભાળતા હાલારના પ્રતિનિધિઓનું સન્માન કરાશે

જામનગર સહિત હાલાર પંથકના આહીર સમાજના એવા રત્નો જેમણે પોતાના વિસ્તારના લોકોનો વિશ્વાસ જીતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટાઈ વિસ્તારના પ્રતિનિધિની તરીકેની જવાબદારી સંભાળી છે તેવા આહિર સમાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. જામનગર આહીર સમાજ દ્વારા આવતીકાલે તા. ૨૨/૮ ને શનિવારે સાંજે ૫ વાગ્યે ૧ જામનગરના આહિર દેવાયત બોદર માર્ગની શિવમ સોસાયટી ખાતે આહીર સમાજના આંગણે આ ગૌરવવંતો પ્રસંગ ઉજવાશે.

આહીર સમાજના અગ્રણી ભીખુભાઈ વારોતરીયાના અધ્યક્ષસ્થાને આયોજિત આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે હાલારના સક્રિય સાંસદ પૂનમબેન માડમ, અતિથિ વિશેષ તરીકે મુળુભાઈ બેરા, મુળુભાઈ કંડોરિયા, હેમંતભાઈ ખવાની હાજરીમાં રાકેશભાઈ બાબુભાઈ ડેર (ડેપ્યુટી મેયર, જામનગર મહાનગરપાલિકા), પ્રિતેશભાઈ વિનોદભાઈ ડાંગર (પ્રમુખ, તાલુકા પંચાયત, ભાણવડ), પુરીબેન બાબુભાઈ ગોજીયા (પ્રમુખ, તાલુકા પંચાયત, જામકલ્યાણપુર), રંજનબેન કશ્યપભાઈ ડેર (ચેરમેન, કારોબારી સમિતિ, જી.પ., દેવભૂમિ દ્વારકા), રાજેશભાઈ વશરામભાઈ મકવાણા (ચેરમેન, આરોગ્ય સમિતિ, જી.પ. જામનગર), સુમાતભાઈ વજશીભાઈ ચાવડા (ચેરમેન, બાંધકામ સમિતિ, જી.પ.દેવભૂમિ દ્વારકા), રિધ્ધીષભાઈ વાસુરભાઈ ડેર (ચેરમેન, લાઈટ કમિટી, જામનગર મહાનગરપાલિકા), મિથિલભાઈ મનુભાઈ માડમ (કોર્પોરેટર, જામનગર મહાનગરપાલિકા), રાજુભાઈ હમીરભાઈ કરમુર (કોર્પોરેટર, જામનગર મહાનગરપાલિકા), સાજીબેન હરદાસભાઈ ખવા (સદસ્ય, જિલ્લા પંચાયત, જામનગર), દેવદાનભાઈ ખીમાભાઈ જારીયા (સદસ્ય, જિલ્લા પંચાયત, જામનગર), રાજીબેન દેવશીભાઈ કરમુર (સદસ્ય, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા), કરસનભાઈ હરદાસભાઈ આંબલીયા (સદસ્ય, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા), દેવાતભાઈ જગાભાઈ દેથરીયા (સદસ્ય, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા), પૂનમબેન વિરેનભાઈ કરમુર (સદસ્ય, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા), અલ્પાબેન રણજીતભાઈ ગોજીયા (સદસ્ય, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા), પરબતભાઈ ધનાભાઈ ગાગીયા (સદસ્ય, જિલ્લા પંચાયત, જામનગર), કનુભાઈ પરબતભાઈ વરૂ (સદસ્ય, જિલ્લા પંચાયત, દેવભૂમિ દ્વારકા), ભાવનાબેન કિશોરભાઈ વસરા (ઉપપ્રમુખ, તાલુકા પંચાયત, લાલપુર), હીનાબેન રામભાઈ બારીયા (ઉપપ્રમુખ, તાલુકા પંચાયત, જામજોધપુર), રાજશીભાઈ કેશુરભાઈ ગોજીયા (ઉપપ્રમુખ, તાલુકા પંચાયત, જામખંભાળીયા), લાખીબેન રામભાઈ કરમુર (ઉપપ્રમુખશ, તાલુકા પંચાયત, જામકલ્યાણપુર), અલ્પાબેન વિનોદભાઈ કરમુર (ચેરમેન, કારો. સમિતિ, તા.પં. જામકલ્યાણપુર) નું સમાજના વડીલો, યુવાઓની હાજરીમાં સન્માન કરાશે.

આ અવસરે ઉપસ્થિત રહી કાર્યક્રમને દીપાવવા આહીર સમાજના પ્રમુખ રણમલભાઈ કાંબરીયા, મંત્રી રામશીભાઈ ગોરીયા સહિત સમગ્ર ટ્રસ્ટીગણ દ્વારા અનુરોધ કરાયો છે.

## કનસુમરાના બાળદર્દીનો ચાંદીપુરાનો રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ સારવાર મૃત્યુ

જામનગર : જામનગર પંથકમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયેલા વધુ એક બાળદર્દીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. જોકે, મૃતક બાળદર્દીના ચાંદીપુરાના સેમ્પલનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું તબીબી સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

મળતી વિગતો મુજબ, થોડા દિવસો અગાઉ જામનગરની ભાગોળે આવેલા કનસુમરા પંથકમાં રહેતા એક બાળદર્દીને ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. ચાંદીપુરાની આશંકાને પગલે તબીબો દ્વારા જરૂરી નમૂનાઓ લઈ પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યા હતા.

દરમિયાન સેમ્પલનો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો. જોકે, સારવાર ચાલી રહી હતી તે દરમિયાન ગઈકાલે ગુરુવારે બાળદર્દીનું મૃત્યુ નિપજ્યું હતું.

બીજી તરફ હાલારમાં સમયાંતરે ચાંદીપુરાના શંકાસ્પદ દર્દીઓ સામે આવી રહ્યા છે. ગઈકાલે પોરબંદર પંથકના વધુ એક બાળદર્દીને ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો સાથે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલ જી.જી. હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ એક બાળદર્દી સારવાર હેઠળ હોવાનું જાણવા મળ્યું છે.

## જામનગરમાં પીજીવીસીએલના વિજ બીલનો દાવો રદ કરાયો

જામનગર : જામનગરના આસામી નગાભાઈ મસરીભાઈ ગોજીયા નગરસીમ વિસ્તારમાં પોતાનું રહેણાંક વિજ કનેકશન ધરાવતા હતા. અને પી.જી.વી.સી.એલ. ધ્વારા સને-૨૦૧૪ માં રૂા.૧૫,૧૮૩.૬૨ પૈસા નું કોમર્શીયલ વીજ બીલ આપવામાં આવ્યું હતું.

તેથી આસામી નગાભાઈ ગોજીયા એ પીજવીસીએલ. ઓફીસે રૂબરૂ જઈ લેખિતમાં અરજી આપેલ કે, અમો કોમર્શીયલ વીજ મીટર ધરાવતા નથી. અને રહેણાંક વીજ બીલ નિયમીત પણે ભરીએ છીએ જેથી વધારાનું બીજુ કોમર્શીયલ બીલ આપેલ છે તે રદ કરવુ.

ત્યારબાદ વીજ કંપનીએ ૨૦૧૭ માં રૂા.૧૫,૧૮૩.૬૨ પૈસા વસુલ મેળવવા લેણી રકમનો દાવો કરેલ જેથી આસામી ન વકીલ સીનયર ધારાશાસ્ત્રી કશ્યપ અનુભાઈ ત્રિવેદી ધ્વારા કેસમાં બચાવ કરેલ, અને વિવિધ પુરાવાઓ તથા ધારદાર રજુઆતોને ધ્યાનમાં લઈ જામનગરના છઠા એડી.સીનીયર સીવીલ જજ યુએસ.પરમાર ધ્વારા પ્રતિવાદી આસામીને આપેલ વીજ બીલ રદ કરવા પી.જી.વી.સી.એલ.ને હુકમ કરેલ છે. આ કેસમાં નગાભાઈ ગોજીયા તરફથી જામનગરના એડવોકેટ કશ્યપ ત્રિવેદી તથા એડવોકેટ ધારા જોશી રોકાયા હતા.

## જામનગરની સાયબર સેલની ટીમ દ્વારા ખાનગી શાળામાં સેમિનાર યોજાયો



જામનગર : જામનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટિમ દ્વારા શહેરમાં સાયબર ગુનાઓ અંગે જનજાગૃતિ ફેલાવવાના અભિયાન અંતર્ગત બુધવારે 'ધ પટેલ ઈન્ટરનેશનલ સ્કૂલ' ખાતે સાયબર અવેરનેસ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના સાયબર ફ્રોડથી સાવચેત રહેવા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ ૩૦૦ જાગૃતિ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા તા. ૫ ઓગસ્ટના રોજ આ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પોલીસ ઈન્સ્પેક્ટર આઈ.એ. ઘાસુરાની આગેવાની હેઠળ કરવામાં આવ્યું હતું.

સેમિનારમાં વિદ્યાર્થીઓને વીશિંગ કોલ, ફિશિંગ, ફેક શોપિંગ વેબસાઈટ, ઈન્સ્ટન્ટ લોન ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ, ટાસ્ક ફ્રોડ, મ્યુલ એકાઉન્ટ સહિતના વિવિધ પ્રકારના સાયબર ગુનાઓ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત આવા ગુનાઓથી કેવી રીતે બચી શકાય, અજાણી લિંકો પર ક્લિક ન કરવી, ઓટીપી, બેંકિંગ વિગતો કે પાસવર્ડ કોઈ સાથે શેર ન કરવા જેવી મહત્વપૂર્ણ બાબતો અંગે પણ સમજણ આપવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન સાયબર જાગૃતિ અંગેના ૩૦૦ પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેમિનારમાં પ્રેઝન્ટેશન સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ જાડેજા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું.

જામનગર પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ સહિત નાગરિકોને સાયબર ગુનાઓ સામે સજાગ રહેવા અને કોઈપણ પ્રકારની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ અથવા નજીકના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

## જોડિયા ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ





જામનગર : હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં કલેક્ટર પી.બી.પંડ્યાના માર્ગદર્શન હેઠળ જોડિયા તાલુકા વહીવટી તંત્ર દ્વારા ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલ તિરંગા યાત્રાનો પ્રારંભ હુન્નર શાળા, જોડીયાથી કરવામાં આવ્યો હતો. યાત્રા શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ ચાર રસ્તા ખાતે પહોંચી હતી અને તાલુકા પંચાયત, જોડીયા ખાતે સમાપન પામી હતી. યાત્રા દરમિયાન સહભાગીઓએ હાથમાં તિરંગો લહેરાવી "ભારત માતા કી જય", "વંદે માતરમ" સહિતના દેશભક્તિના નારા લગાવી સમગ્ર વાતાવરણને રાષ્ટ્રપ્રેમના રંગે રંગી દીધું હતું.

યાત્રામાં વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શહેરના માર્ગો પર તિરંગાની શોભા અને દેશભક્તિના ગીતોના સ્વર વચ્ચે નાગરિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. વિવિધ સ્થળોએ સ્થાનિક નાગરિકો દ્વારા યાત્રાનું સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.

તિરંગા યાત્રા માત્ર એક કાર્યક્રમ નહી પરંતુ રાષ્ટ્રપ્રેમ, એકતા અને દેશ પ્રત્યેના સમર્પણની ભાવનાનું પ્રતિક બની રહી હતી. આ યાત્રા દ્વારા રાષ્ટ્રીય ધ્વજ પ્રત્યે ગૌરવ અને સન્માનની ભાવના વધુ મજબૂત બની હતી તેમજ યુવા પેઢીને દેશના ગૌરવશાળી ઈતિહાસ અને શહીદોના બલિદાનની યાદ અપાવવામાં આવી હતી.

## જામનગર સાંઈબાબા મંદિરે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ઉજવણી કરાઈ



જામનગર : શિરડી સાંઈબાબા મંદિર ગાંધીનગર ખાતે ગુરૂપૂર્ણિમા ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાંઈબાબાને ભક્તો દ્વારા અભિષેક, ભક્તો દ્વારા ગુરૂપૂજન, ધ્વજા રોહણ, અન્નકોટ, મહાઆરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. મહાપ્રસાદનો અંદાજિત ૧૩૦૦ ભક્તોએ લાભ લીધો હતો. ઉપરાંત મંદિર ટ્રસ્ટ દ્વારા રાંદલ માતાજીના ૧૦૮ લોટા તેડવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માઈ ભક્તોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા રાજુભાઈ રાચ્છ, પરસોત્તમભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ, છત્રપાલસિંહ, નિકિતાબેન, વર્ષાબેન, પુષ્પાબેન, નૂતનબેન, મહેન્દ્રભાઈ પટેલ તથા સત્સંગ મંડળની બહેનોએ સેવા આપી હતી. તેમ ટ્રસ્ટના પ્રમુખ કનકસિંહ જાડેજાએ એક યાદીમાં જણાવાયું છે.

## જામનગર જિલ્લાના ૧૨ ટાપુઓ પર પ્રવેશ માટે પ્રતિબંધ

જામનગર : જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૨ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જ્યારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિમલ ચૌધરી દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. જાહેરનામું આગામી તા.૯-૧૦-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, સોસબારી અને ઘાખડી (નોવાડા) તથા ધોરી ક્રિક આ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

## કર્મચારીઓના હક્ક-હિસ્સામાં સમાધાનને હાઈકોર્ટેની મંજૂરી છતાં અમલવારી નહીં

### જામનગરના શાસનાધિકારી અને કમિશનર સામે હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટની ફરિયાદ

જામનગર : જામનગર મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૨૫ પટ્ટાવાળા કમ ચોકીદાર કર્મચારીઓના પડતર હક્ક-હિસ્સાના સમાધાનને હાઈકોર્ટ દ્વારા મંજૂરી આપવામાં આવી હોવા છતાં કર્મચારીઓ ને નાણાંની ચૂકવણી નહીં થતાં મામલો ફરી હાઈકોર્ટમાં પહોંચ્યો છે. કર્મચારીઓ તરફે મજૂર મહાજન સંઘ દ્વારા કોર્પોરેશનના શાસનાધિકારી, મ્યુનિસિપલ કમિશનર સહિતના જવાબદાર અધિકારીઓ સામે હાઈકોર્ટના આદેશના અનાદરની ફરિયાદ દાખલ કરવામાં આવતા ચકચાર જાગી છે.

આ અંગે હાઈકોર્ટની બે જસ્ટિસની બેન્ચે જવાબદાર અધિકારીઓને નોટિસ પાઠવી તા.૧૪ સપ્ટેમ્બર સુધીમાં જવાબ રજૂ કરવા જણાવ્યું છે. હાઈકોર્ટની નોટિસ બાદ મનપા તંત્રમાં દોડધામ મચી છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ૨૫ પટ્ટાવાળા કમ ચોકીદાર કર્મચારીઓને તેમના હક્ક મુજબ મળવાપાત્ર રકમના ૪૦ ટકા નાણાં ચૂકવવા અંગે મજૂર મહાજન સંઘ અને જામનગર મહાનગરપાલિકા વચ્ચે અગાઉ સમાધાન કરવામાં આવ્યું હતું. તેને હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતા તા.૫ માર્ચ, ૨૦૨૬ ના રોજ હાઈકોર્ટે મંજૂરી આપી હતી.

જોકે, હાઈકોર્ટની મંજૂરી બાદ પણ ટેકનિકલ કારણોસર ચૂકવણીનો મામલો અટવાઈ ગયો હતો. શિક્ષણ વિભાગ તરફથી અભિપ્રાય લેવામાં આવતા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારીને ચુકવણી અંગે સહી કરવાની સત્તા છે કે નહીં તે મુદ્દે ગૂંચવણ ઊભી થઈ હતી. પરિણામે હાઈકોર્ટ દ્વારા મંજૂર થયેલા સેટલમેન્ટનો અમલ થઈ શક્યો નહોતો.

વિભાગો વચ્ચેની અનિર્ણાયકતાના કારણે લાંબા સમયથી પોતાના હક્કના નાણાંની રાહ જોઈ રહેલા નાના કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયા હોવાનો આક્ષેપ મજૂર મહાજન સંઘ દ્વારા કરવામાં આવ્યો છે. આથી સંઘના સેક્રેટરી પંકજભાઈ જોષીએ તા.૧૮ ઓગસ્ટના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી ફાલ્ગુનીબેન પટેલ, હોદ્દાની રૂએ મ્યુનિસિપલ કમિશનર સહિતના જવાબદાર અધિકારીઓ સામે હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટની બે જસ્ટિસની બેન્ચે જવાબદાર અધિકારીઓને નોટિસ કાઢી છે અને તા.૧૪ સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર મામલે જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે.

હાઈકોર્ટના અગાઉના મંજૂર સેટલમેન્ટનો અમલ ન થતાં ઊભા થયેલા આ વિવાદમાં હવે કોર્પોરેશન અને શિક્ષણ વિભાગ તરફથી શું જવાબ રજૂ કરવામાં આવે છે તેના પર કર્મચારીઓની નજર મંડાઈ છે. વડોદરા, સુરત અને અમદાવાદમાં આવા જ સમાન કિસ્સામાં શાસનાધિકારીએ પ્રશ્નનો ઉકેલ લાવ્યો હતો. તો જામનગરમાં કેમ નહી ?

### જિયોએ એક વર્ષની પ્રાઈસ ગેરંટી સાથે જિયો પ્રાઈમ ફરી રજૂ કરી

## જિયોના રુ. ૨૯૯ના પ્લાન સહિતના વર્તમાન ઈન્ડસ્ટ્રી લીડિંગ ટેરિફ પ્લાન્સ તમામ ગ્રાહકો માટે ચાલુ રહેશે

મુંબઈ : જિયો પ્રાઈમ મેમ્બરશિપ પ્રોગ્રામ મૂળભૂત રીતે જિયોના પ્રથમ ૧૦૦ મિલિયન ગ્રાહકો પ્રત્યે આભાર વ્યક્ત કરવા માટે શરૂ કરવામાં આવ્યો હતો. આજે જિયોના ૫૦૦ મિલિયનથી વધુ ગ્રાહકોના પરિવારને કિંમતની ગેરંટીની ખાતરી અને વધારાના લાભો શ્રેણીબદ્ધ રીતે પૂરા પાડવા માટે તેને ફરીથી રજૂ કરવામાં આવ્યો છે.

એક વર્ષ માટે પ્રાઈસ ગેરંટી : જિયો પ્રાઈમ ભવિષ્ય માટે કિંમતની અતિરિક્ત નિશ્ચિતતા આપે છે, જેથી ગ્રાહકો પ્રાઈસ ગેરંટીના એક વર્ષના સમયગાળા એટલે કે પાંચ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી ભવિષ્યમાં કિંમતોમાં થનારા કોઈપણ ફેરફારનો નવો બોજ અનુભવ્યા વિના આજના દરે જ પોતાના મનપસંદ એલિજિબલ જિયો પ્લાન્સથી વિશ્વાસપૂર્વક રિચાર્જ ચાલુ રાખી શકે.

વધારાના લાભો : જિયો પ્રાઈમ એક્સક્લુસિવ મેમ્બરશિપ લાભો લાવે છે, નીચે મુજબના લાભોનો તેમાં સમાવેશ થાય છે:

૬૦૦ની કિંમતના કેશબેક વાઉચર્સ : નવા જિયોહોમ અથવા જિયોપીસી કનેક્શન પર રિડીમ કરી શકાય તેવું ૩૦૦નું કેશબેક વાઉચર, મિત્રો અથવા પરિવાર માટે નવું જિયો સિમ કનેક્શન લેવા માટે ૩૦૦નું કેશબેક વાઉચર, નવા જિયો પ્રોડક્ટ્સ, સેવાઓ અને ટ્રાયલ્સનો અગાઉથી એક્સેસ, ડેડિકેટેડ સર્વિસ ચેનલ દ્વારા પ્રાયોરિટી કસ્ટમર સપોર્ટ મેમ્બરશિપ સમયગાળા દરમિયાન સભ્યો માટે જાહેર કરવામાં આવતા વધારાના વિશિષ્ટ લાભો




દરેક જિયો ગ્રાહક માટે ઉપલબ્ધ : જિયો પ્રાઈમ તમામ હાલના જિયો પ્રીપેડ અને પોસ્ટપેડ ગ્રાહકો માટે માત્ર ૩૦૦ની જોઈનિંગ ફી સાથે ઉપલબ્ધ છે. અન્ય નેટવર્કના ગ્રાહકો જિયોમાં પોર્ટ કરીને અથવા નવું જિયો કનેક્શન એક્ટિવેટ કરીને તેમાં જોડાઈ શકે છે.

## વીરવાવ ગામે જુગાર રમતા ચાર શખ્સોની અટકાયત

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વિરવાવ ગામમાં જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા હતા. અને તેમની પાસેથી રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો .

કાલાવડના વિરવાવ ગામમાં જાહેરમાં ગંજીપાનાથી તીનપત્તીનો જુગાર રમતો હોવાની બાતમીના આધારે પોલીસે સ્થળ પર જઈ દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમતા વલ્લભભાઈ વિઠ્ઠલભાઈ મેંદપરા, સની ઘેલાભાઈ ખોડા, રવિ ઘેલાભાઈ ખોડા અને લાલજી મોહનભાઈ કુંભારવાડીયાને ઝડપી લીધા હતા. જ્યારે પોલીસે જુગારના સ્થળે પરથી રૂ.૧૧૬૦૦ ની રોકડ કબજે કરી હતી.

## યાત્રાધામ દ્વારકાના ઉત્તર સિમાડે બિરાજતા ઋણમુકતેશ્વર મહાદેવ



દ્વારકા : દ્વારકાક્ષેત્રે અખીલ બ્રહમાંડ નાયક શ્રી દ્વારકાધીશના સાનિધ્યમાં જાણે કે તેમની ગોદમાં પ્રકૃતિ સહિત દ્વારકા ગામના માયાસર તળાવની મૂળમાં સાક્ષાત શિવશંકર શ્રી ઋણમુકતેશ્વર મહાદેવ બિરાજે છે. શ્રી નાગેશ્વર જયોતિલ'ગ જતા રસ્તામાં દ્વારકા રેલ્વે સ્ટેશનની બાજુમાં શ્રી રણમુકતેશ્વર મહાદેવનું આ અતિ પૌરાણિક શિવાલય આવેલ છે. આ મંદિર મધ્યે શિવજીપ્રભુ શ્રી પાર્વતીજી, શ્રી ગંગાજી સહિત બીરાજમાન છે. હાલમાં ચાલી રહેલા શિવપ્રધાન પવિત્ર શ્રાવણ માસના પાંચ સોમવારના અલગ-અલગ દર્શનનો લાભ દ્વારકાવાસીઓ તથા બહારથી પધારતા યાત્રિકો લે છે. આ શિવાલયના સંદર્ભમાં એમ કહેવાય છે કે કોઈ એક તપસ્વી સાધુ મહાત્માને ભગવાન શિવજીએ અહી દર્શન આપી અને કહયું કે 'યહાં પે અલ્કાપુરી બસેગી' ત્યારથી અહીયા શિવજી સ્વયંભુ બીરાજમાન છે.

વર્ષોથી મહાદેવજીના સાનિધ્યમાં રાત્રિના ચાર પહરની મહાપૂજા, અતિરૂદ્ર, રૂદ્રાભિષેક અને પુજન-અર્ચન શ્રધ્ધા પ્રમાણે કરનારાઓ દરેક જીવનું ભગવાન શિવજી કલ્યાણ કરે છે. ધન્ય ધન્ય ધરા ભારતભૂમિ દ્વારિકા કે જયાં લોકોને ઋણમાંથી મુકત કરતાં શ્રી ઋણમુકતેશ્વર મહાદેવ બીરાજમાન છે. શિવભકતોની મનોવાંછીત ઈચ્છા પૂર્ણ કરનારા તથા ઋણમાંથી મુકત કરનારા શ્રી રણમુકતેશ્વર મહાદેવજી સદાય સૃષ્ટિ ઉપર આશિર્વાદ વરસાવે છે.

## સુરજકરાડી ગામનો ફરાર શખ્સ ઝડપાયો



દ્વારકા : દ્વારકા પોલીસ દફતરે નોંધાયેલ ગુન્હામાં નાસ્તા - ફરતા એક શખ્સને જિલ્લાની એલસીબી પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી માટે સ્થાનિક પોલીસ મથકમાં સોંપી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાબેના સુરજકરાડી ગામે રહેતા રવી રણમલભાઈ માણેક નામના શખ્સ સામે અગાઉ દ્વારકા પોલીસ દફતરે ગુન્હો દાખલ થયો હોઈ દરમિયાન ગુન્હાના કામે નાસ્તા - ફરતા આ શખ્સની એલસીબી પોલીસે અત્રે ઈસ્કોન ગેટ પાસેથી અટકાયત કરી હતી.

# ભારત અને જાપાન વચ્ચે દરિયાઈ સુરક્ષા સહયોગ કરાર

## જાપાન મેરીટાઈમ સેલ્ફ- ડિફેન્સ ફોર્સ અને ભારતીય નૌકાદળ વચ્ચે સહયોગ મજબૂત બનશે : બંદરોના ઉપયોગ, જાળવણી અને સમારકામ સુવિધાઓમાં પણ સહયોગ વધારવામાં આવશે



નવીદિલ્હી,

ભારત અને જાપાને ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવાનો નિર્ણય લીધો છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને જાપાનના સંરક્ષણ પ્રધાન શિંજીરો કોઈઝુમીએ ૨૦ ઓગસ્ટના રોજ નવી દિલ્હીમાં દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં, બંને દેશો વચ્ચે દરિયાઈ સુરક્ષા સહયોગ પર એક ફ્રેમવર્ક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરાર બંને દેશો વચ્ચે દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં વધુ સહયોગ માટે એક માળખું પૂરું પાડશે. દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં બંને દેશોના સૈન્ય વચ્ચે વ્યવહારુ સહયોગ વધારવા માટે પણ એક કરાર થયો હતો.

આ કરાર જાપાન મેરીટાઈમ સેલ્ફ-ડિફેન્સ ફોર્સ અને ભારતીય નૌકાદળ વચ્ચે સહયોગને મજબૂત બનાવશે, જેમાં દરિયાઈ માહિતી શેર કરવાનો સમાવેશ થાય છે. એક સંયુક્ત નિવેદનમાં, બંને દેશોના સંરક્ષણ પ્રધાનોએ જણાવ્યું હતું કે ભારત-જાપાન વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારી ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિનો મુખ્ય આધારસ્તંભ છે. બંને પ્રધાનો દરિયાઈ સુરક્ષા, નૌકાદળ સહયોગ, સંરક્ષણ સાધનો અને ટેકનોલોજી, લશ્કરી કવાયતો અને સંરક્ષણ ઉદ્યોગના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે સંમત થયા હતા. બંને પક્ષોએ જુલાઈ ૨૦૨૬ માં બંને દેશોના નેતાઓ દ્વારા જારી કરાયેલ સંયુક્ત નિવેદનને યાદ કર્યું.

બંને દેશોના સંરક્ષણ પ્રધાનોએ મુક્ત અને ખુલ્લા ભારત-પ્રશાંતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. બંને સંરક્ષણ પ્રધાનોએ વર્તમાન વૈશ્વિક તણાવ વચ્ચે પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા પરિસ્થિતિના મૂલ્યાંકન શેર કરવાના મહત્વ પર ભાર મૂક્યો. તેઓએ નેવિગેશન અને ઓવરફ્લાઈટની સ્વતંત્રતા અને સલામતીને અવરોધતી કોઈપણ એકપક્ષીય કાર્યવાહીનો સખત વિરોધ કર્યો. બંને પક્ષોએ બળ અથવા બળજબરી દ્વારા યથાસ્થિતિ બદલવાના કોઈપણ પ્રયાસનો પણ વિરોધ કર્યો. વધુમાં, શોધ અને બચાવ, માનવતાવાદી સહાય અને આપત્તિ રાહતના ક્ષેત્રોમાં સહયોગ વધારવામાં આવશે. બંને પક્ષો દરિયાઈ સંદેશાવ્યવહાર માર્ગોને સુરક્ષિત કરવા માટે નૌકાદળના જહાજો અને લશ્કરી એકમો દ્વારા પરસ્પર મુલાકાતો વધારશે. લશ્કરી કર્મચારીઓ અને નિષ્ણાતોની સંયુક્ત કવાયત અને આદાનપ્રદાન પણ યોજાશે. બંદરોના ઉપયોગ, જાળવણી અને સમારકામ સુવિધાઓમાં પણ સહયોગ વધારવામાં આવશે. નૌકાદળના જહાજ નિર્માણમાં સહયોગની સંભાવના પણ વિસ્તૃત કરવામાં આવશે.

# હાઈકોર્ટે JPSC પરીક્ષા રદ કરવાના આદેશ પર સ્ટે મૂકતાં હેમંત સોરેન સરકારને ઝટકો

## સરકારી નોકરીઓમાં સેવા આપી રહેલા ઘણા ઉમેદવારોએ હાઈકોર્ટ સમક્ષ અરજીઓ દાખલ કરીને રાજ્ય સરકારના આદેશને પડકાર્યો હતો

રાંચી,

ઝારખંડ હાઈકોર્ટે હેમંત સોરેનની આગેવાની હેઠળની સરકારના JPSC પરીક્ષાઓ અને નિમણૂકો રદ કરવાના આદેશને પડકારતી અરજીઓની સુનાવણી બાદ JPSC પરીક્ષાઓ રદ કરવા પર સ્ટે મુકી દીધો છે. સિંગલ બેન્ચના ન્યાયાધીશ જસ્ટિસ દીપક રોશનના આદેશથી કોર્ટમાં અરજી કરનારા નવા નિયુક્ત અધિકારીઓને નોંધપાત્ર રાહત મળી છે. અરજદારો સૌરભ સિંહ, અવધેશ કુમાર, દીપ માલા અને સોનમ કુમારીનું પ્રતિનિધિત્વ એડવોકેટ્સ ઈન્દ્રજીત સિંહા અને અમૃતાંશ વત્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારે અગાઉ કથિત અનિયમિતતાઓને કારણે ૩૯ પરીક્ષાઓ રદ કરી હતી અને છ પરીક્ષાઓ મુલતવી રાખી હતી; આમાં તાજેતરની ભરતી ઝુંબેશ અને અગાઉની ઘણી પરીક્ષાઓનો સમાવેશ થાય છે. ત્જીઝ પરીક્ષાઓ દ્વારા પસંદ થયેલા અને હાલમાં સરકારી નોકરીઓમાં સેવા આપી રહેલા ઘણા ઉમેદવારોએ હાઈકોર્ટ સમક્ષ અરજીઓ દાખલ કરીને રાજ્ય સરકારના આદેશને પડકાર્યો હતો. JSSC-CGL પરીક્ષા રદ કરવી એ સૌથી વિવાદાસ્પદ નિર્ણયોમાંનો એક બની ગયો છે. JSSC-CGL પરીક્ષા પાસ કરનારા અને ત્યારબાદ વિવિધ રાજ્ય સરકારી વિભાગોમાં નિમણૂક પામેલા લગભગ ૨,૦૦૦ ઉમેદવારો મંગળવારે રાંચીમાં રસ્તા પર ઉતર્યા હતા. મુખ્યમંત્રી હેમંત સોરેને રદ કરવાની જાહેરાત કર્યાના એક દિવસ પછી તેમનો વિરોધ કરવામાં આવ્યો હતો. ઉમેદવારોએ રાજ્ય સચિવાલયથી બિરસા ચોક તરફ કૂચ કરી, એવી દલીલ કરી કે અન્ય લોકોએ કરેલા કથિત ખોટા કામ બદલ તેમને દંડ ન થવો જોઈએ.

# હિસારમાં ગેંગસ્ટર વિનોદ પાનુ ઉર્ફે કાનાની હત્યા; કોર્ટના ગેટ સામે ૧૨ રાઉન્ડ ફાયરિંગ

હિસાર,

હરિયાણાના હિસાર જિલ્લામાં ગુરુવારે એક ચોંકાવનારી ગુનાની ઘટના પ્રકાશમાં આવી. હિસારમાં કોર્ટના ગેટ સામે ગેંગસ્ટર વિનોદ પાનુ ઉર્ફે કાનાની હત્યા કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, બદમાશોએ સ્થળ પર ૧૨ ગોળીઓ ચલાવી હતી. આ ગેંગસ્ટર, વિનોદ પાનુ, કોર્ટમાં હાજર થવા આવ્યો હતો. જોકે, આ સમય દરમિયાન, ગુનેગારોએ કોર્ટના ગેટની બહાર ગોળીબાર કરીને તેની હત્યા કરી દીધી.

એ નોંધવું જોઈએ કે હિસારમાં કોર્ટના ગેટની બહાર હત્યા કરાયેલ ગેંગસ્ટર વિનોદ પાનુ ઉર્ફે કાના હિસારનો મોસ્ટ વોન્ટેડ હતો. અહેવાલો અનુસાર, ગેંગસ્ટર વિનોદે ધારાસભ્ય સાવિત્રી જિંદાલના અંગત સહાયકના ભત્રીજાની હત્યા કરી હતી. આ ગેંગસ્ટર વિરુદ્ધ હત્યા સહિત ૪૦ ગુનાહિત કેસ નોંધાયેલા હતા. અહેવાલો અનુસાર, બાઈક પર સવાર ગુનેગારોએ કોર્ટના ગેટની સામે ૧૨ રાઉન્ડ ગોળીબાર કર્યો હતો.ઘટનાસ્થળે હાજર વકીલ દીપાંશુ કડવાસરાએ કહ્યું, "ગોળી વાગ્યા પછી હું કોર્ટમાંથી બહાર આવ્યો. મેં વિનોદને મોઢું નીચે પડેલો જોયો. તેમ છતાં, ગોળીબાર કરનારે વિનોદ પર પાંચથી છ વધુ ગોળીબાર કર્યા. ત્યારબાદ આરોપીએ વકીલોના પાર્કિંગમાં ભાગવાનો પ્રયાસ કર્યો. પોલીસે તેનો પીછો કરીને તેને પકડી લીધો. વિનોદ સાથે ત્રણ-ચાર લોકો પણ હતા. વિનોદની આજે સુનાવણી હતી, અને તેના કેસમાં ચુકાદો જાહેર થવાનો હતો. કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા હતા.

# દિલ્હીમાં નકલી કેન્સર દવાના આંતરરાજ્ય રેકેટનો પર્દાફાશ : ૯ કરોડના ડ્રગ્સ સાથે ૧૭ લોકોની ધરપકડ

## દિલ્હી-એનસીઆર, મુંબઈ, હૈદરાબાદ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ફેલાયેલા સપ્લાય નેટવર્ક




નવી દિલ્હી,

દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચના આંતરરાજ્ય સેલે નકલી અને ગેરકાયદેસર રીતે મોંઘી કેન્સર દવાઓના વેચાણમાં સંડોવાયેલા આંતરરાજ્ય સિન્ડિકેટનો પર્દાફાશ કર્યો છે, જેમાં અત્યાર સુધીમાં ૧૭ લોકોની ધરપકડ કરવામાં આવી છે અને લગભગ ૯ કરોડ રૂપિયાની દવાઓ અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં દિલ્હી-એનસીઆર, મુંબઈ, હૈદરાબાદ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને અન્ય રાજ્યોમાં ફેલાયેલા સપ્લાય નેટવર્કનો પર્દાફાશ થયો છે. પોલીસે સિન્ડિકેટ સાથે જોડાયેલા સ્થળોએથી લગભગ ૫૦ લાખ રૂપિયા રોકડા પણ જપ્ત કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચના જણાવ્યા અનુસાર, આરોપીઓ અને તેમના પરિસરમાંથી કેન્સર વિરોધી દવાઓની ૫૮૮ ભરેલી શીશીઓ જપ્ત કરવામાં આવી છે. તપાસકર્તાઓએ છ ખાલી શીશીઓ, સાત ખાલી દવાના બોક્સ અને ૩,૦૨૧ યુનિટ અન્ય દવાઓ પણ જપ્ત કરી છે. જપ્ત કરાયેલી દવાઓ અને અન્ય સામગ્રીની કુલ કિંમત આશરે ૯ કરોડ રૂપિયા અંદાજવામાં આવી છે. તપાસ દરમિયાન લગભગ ૫૦ લાખ રૂપિયા રોકડા પણ જપ્ત કરવામાં આવ્યા છે. જપ્ત કરાયેલી મોંઘી કેન્સર દવાઓમાં ડાર્ઝાલિક્સ, ઈમ્ફિન્ઝી, એર્બિટક્સ, ઓપ્ડાયટા, ગાઝીવા, બાવેન્સિયો, એડસેટ્રિસ અને કીટ્રૂડાનો સમાવેશ થાય છે.

# રીયુઝેબલ રોકેટનું સફળતાપૂર્વક લેન્ડીંગ કરનાર ચીન પ્રથમ દેશ

બીજિંગ,

ચીને પહેલી વાર જમીન પર રોકેટના પ્રથમ તબક્કાને સફળતાપૂર્વક ફરીથી કબજે કરી લીધું છે, એમ રાજ્ય મીડિયાએ બુધવારે અહેવાલ આપ્યો, કારણ કે દેશ તેના અવકાશ કાર્યક્રમને આગળ વધારવા માંગે છે.

જોકે આ ચીનનું જમીન પર પ્રથમ સફળ પુનઃપ્રાપ્તિ છે, જુલાઈમાં દરિયાઈ પ્લેટફોર્મ પર સફળ પુનઃપ્રાપ્તિ પછી, દેશે રોકેટ સ્ટેજ ફરીથી મેળવ્યો છે તે બીજી વખત છે.

ચીનની રાજ્ય સમાચાર એજન્સી સિન્હુઆએ જણાવ્યું હતું કે ખાનગી એરોસ્પેસ કંપની લેન્ડસ્પેસ દ્વારા વિકસિત ફરીથી વાપરી શકાય તેવું રોકેટ, ઝુક-૩, બુધવારે સવારે લોન્ચ કરવામાં આવ્યું હતું અને રોકેટનો પ્રથમ તબક્કો પછી પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યો હતો.

એલોન મસ્કના સ્પેસએક્સ અને જેફ બેઝોસના બ્લુ ઓરિજિન ૨૦૧૫ થી રોકેટ પુનઃપ્રાપ્ત કરી રહ્યા છે, જે હાર્ડવેરનો ફરીથી ઉપયોગ કરીને લોન્ચ ખર્ચ ઘટાડવામાં મદદ કરે છે જે અન્યથા અવકાશમાં ઉપગ્રહો અને અન્ય પેલોડ્સ લઈ ગયા પછી કાઢી નાખવામાં આવશે.

સિન્હુઆએ એમ પણ કહ્યું હતું કે બુધવારની પુનઃપ્રાપ્તિએ ચીન દ્વારા ડિપ્લોયેબલ લેન્ડિંગ લેગ્સનો પ્રથમ ઉપયોગ પણ દર્શાવ્યો હતો અને પરિણામને "દેશની ફરીથી વાપરી શકાય તેવી રોકેટ ટેકનોલોજીમાં એક મોટી સફળતા" ગણાવ્યું હતું.

૧૦ જુલાઈના રોજ, લોંગ માર્ચ-૧૦બી રોકેટનો પહેલો તબક્કો પ્રક્ષેપણ પછી બીજા તબક્કાથી અલગ થઈ ગયો અને સમુદ્રમાં એક પ્લેટફોર્મ પર પાછો ફર્યો.

# સાંવલિયા સેઠના ખજાનામાં ૩૫.૬૬ કરોડ મળ્યા, ગયા વખત કરતાં ૩૦ કિલો વધુ ચાંદી

## સાંવલિયા શેઠ મંદિરમાં શ્રાવણ મહિના દરમિયાન ભક્તો દ્વારા આપવામાં આવેલા દાનની ગણતરી પૂર્ણ

જયપુર,

રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં આવેલા પ્રખ્યાત શ્રી સાંવલિયા શેઠ મંદિરમાં શ્રાવણ મહિના દરમિયાન ભક્તો દ્વારા આપવામાં આવેલા દાનની ગણતરી પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે, મંદિરને તિજોરી અને પ્રસાદ ખંડમાંથી મોટી રકમ મળી, જેમાં ૧૩૩ કિલોથી વધુ ચાંદી અને ૧.૩૮ કિલોથી વધુ સોનું પણ સામેલ છે.

શ્રી સાંવલિયા સેઠ મંદિર બોર્ડના પ્રમુખ હજારી દાસ વૈષ્ણવે જણાવ્યું હતું કે દાનપેટીની ગણતરીનો છઠ્ઠો રાઉન્ડ, જે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ શરૂ થયો હતો, તે આજે પૂર્ણ થયો. શ્રાવણ મહિના દરમિયાન, ભગવાન સાંવલિયા સેઠમાં ભક્તોની શ્રદ્ધા એટલી પ્રબળ હતી કે દાન સાથે મોટી માત્રામાં સોનું અને ચાંદી પણ પ્રાપ્ત થઈ હતી. આને સોના અને ચાંદીના વરસાદ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે ભક્તોની શ્રદ્ધાનો પુરાવો છે.

સોના અને ચાંદી સહિત કુલ કેટલું દાન મળ્યું?

મંદિરને તિજોરી અને અન્ય સ્ત્રોતોમાંથી કુલ ૩૫૬.૬ મિલિયન (૩૫૬.૬ મિલિયન) ૬૪,૪૨૮ (૩૫૬.૬ મિલિયન) પ્રાપ્ત થયા.

તિજોરી દાન પેટીમાંથી કુલ ૨૭૮.૯ મિલિયન (૨૭૮.૯ મિલિયન) ૫૪,૩૪૭ (૩૪૭) દાન તરીકે પ્રાપ્ત થયા. તિજોરીની ગણતરીમાં ૧ કિલો ૩૮ ગ્રામ ૩૦૦ મિલિગ્રામ સોનું અને ૧૩૩ કિલો ૬૫૩ ગ્રામ ચાંદી મળી. વધુમાં, મંદિરને મની ઓર્ડર, ઓનલાઈન દાન અને દાન દ્વારા ?૭૭.૭ મિલિયન (૧૦,૦૮૧) પ્રાપ્ત થયા. શ્રાવણના પવિત્ર પ્રસંગે સાંવલિયા શેઠના મંદિરમાં ભક્તો દ્વારા કરવામાં આવેલા ઉદાર દાન ફરી એકવાર મંદિરની લોકપ્રિયતા અને દેવતા પ્રત્યેની તેમની શ્રદ્ધાની સાક્ષી આપે છે.

# શહઝાદ ભટ્ટી અને તેના નેટવર્કના સભ્યોને આતંકવાદી જાહેર કરવાની ભલામણ

લખનૌ,

ઉત્તર પ્રદેશ પોલીસના એટીએસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સએ દેશની લોકશાહી વ્યવસ્થા, સામાજિક સંવાદિતા, અખંડિતતા અને સુરક્ષાને નુકસાન પહોંચાડવાના કથિત પ્રયાસો બદલ શહઝાદ ભટ્ટી નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ,આઈએસઆઈના નિર્દેશો પર કાર્યરત આ નેટવર્ક સોશિયલ મીડિયા દ્વારા યુવાનોને પ્રભાવિત કરીને કટ્ટરપંથી બનાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે યુવાનોને પૈસા અને કામની લાલચ આપીને ધમકીઓ, આગચંપી, રેકી, પોસ્ટર ચોંટાડવા અને પેટ્રોલ બોમ્બ ફેંકવા જેવી પ્રવૃત્તિઓમાં મજબૂર કરવામાં આવતા હતા. યુપી પોલીસના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૧૨ એફઆઈઆર નોંધવામાં આવી છે અને ૫૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમના કબજામાંથી પિસ્તોલ, કારતૂસ, છરીઓ, જ્વલનશીલ સામગ્રી અને વાંધાજનક પોસ્ટરો મળી આવ્યા છે.

૨૬ મે, ૨૦૨૬ ના રોજ, કેન્દ્રીય એજન્સીઓ સાથે હાથ ધરવામાં આવેલા એક ઓપરેશનમાં, નેટવર્ક સાથે સંકળાયેલા આશરે ૧૭૫ શંકાસ્પદોની તપાસ કરવામાં આવી હતી. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, સ્વતંત્રતા દિવસને ધ્યાનમાં રાખીને ૬૨ શંકાસ્પદોની પૂછપરછ કરવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૬ માં, પોલીસે ગૃહ મંત્રાલયને એક પત્ર મોકલીને નેટવર્ક અને તેના સભ્યોને યુએપીએની કલમ ૩૫ હેઠળ આતંકવાદી જાહેર કરવા અને ચોથી અનુસૂચિમાં સમાવવા વિનંતી કરી હતી.

# વૈષ્ણોદેવી યાત્રાળુઓ માટે નવરાત્રિ પહેલા મુસાફરી સરળ બનાવવા માટે ૩ નવા રૂટ

## વહીવટીતંત્રની શ્રદ્ધાળુઓને ઉતાવળ ન કરવા અને સલામતી માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ

કઠુઆ,

જમ્મુ અને કાશ્મીરમાં સતત વરસાદ અને ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને, શ્રી માતા વૈષ્ણોદેવી યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. વહીવટીતંત્રે યાત્રાળુઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા આ નિર્ણય લીધો છે. પ્રતિકૂળ હવામાનને કારણે યાત્રા માર્ગો પર લપસણા રસ્તાઓ, ભૂસ્ખલન અને અન્ય સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને સાવચેતી રાખવામાં આવી રહી છે. વહીવટીતંત્ર અને સંબંધિત એજન્સીઓ યાત્રા માર્ગો અને હવામાન પરિસ્થિતિઓનું સતત નિરીક્ષણ કરી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હવામાન સુધર્યા પછી અને માર્ગોની સલામતી સુનિશ્ચિત થયા પછી જ યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવશે.

યાત્રા સ્થગિત કરવાની જાહેરાત બાદ, મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પરિસ્થિતિ અંગે ચિંતિત છે. વહીવટીતંત્રે શ્રદ્ધાળુઓને ઉતાવળ ન કરવા અને સલામતી માર્ગદર્શિકાનું પાલન કરવાની અપીલ કરી છે. તેમને યાત્રા સંબંધિત માહિતી માટે સોશિયલ મીડિયા પર ફેલાતી અપ્રમાણિત માહિતી અને અફવાઓ પર આધાર ન રાખવા પણ કહેવામાં આવ્યું છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે યાત્રા સંબંધિત સચોટ અને સત્તાવાર માહિતી ફક્ત અધિકૃત સ્ત્રોતોમાંથી જ મેળવવી જોઈએ. શ્રદ્ધાળુઓએ શ્રી માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડની સત્તાવાર વેબસાઈટ, પર ઉપલબ્ધ અપડેટ્સ પર જ આધાર રાખવો જોઈએ.

સતત વરસાદથી પહાડી વિસ્તારોમાં ભૂસ્ખલન અને લપસણા રસ્તાઓનું જોખમ વધે છે. તેથી, યાત્રા માર્ગ પર યાત્રાળુઓની અવરજવર પર પ્રતિબંધ મૂકવો સલામતી માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

# ઈરાનને મદદ કરનાર રાષ્ટ્ર સામે આર્થિક કાર્યવાહીની યુએસ પ્રમુખ ટ્રમ્પે ધમકી આપી

## ઈરાનના અર્થતંત્રને લક્ષ્ય બનાવવા માટે ટ્રમ્પનું નવું અભિયાન શરુ કરવાની જાહેરાત

વોશિંગ્ટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે તેઓ ઈરાનના અર્થતંત્રને લક્ષ્ય બનાવવા માટે એક મોટું નવું અભિયાન શરૂ કરી રહ્યા છે. તેમણે ચેતવણી આપી હતી કે જે કોઈ દેશ ઈસ્લામિક દેશને મદદ કરશે અથવા તેની સાથે વેપાર કરશે તેને "ખૂબ જ કડક" સજાનો સામનો કરવો પડશે. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ, ટ્રૂથ સોશિયલ પર લખ્યું, "કોઈએ પણ ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનને મારી પાસે જે સોદો છે તે કરવાની તક આપી નથી. દુઃખની વાત છે કે તેઓ આ તક ઝડપી લેવામાં નિષ્ફળ ગયા. તેથી, આજે હું કોઈપણ દેશ સામે અત્યાર સુધીની સૌથી શક્તિશાળી આર્થિક કાર્યવાહીની જાહેરાત કરી રહ્યો છું! આ અભૂતપૂર્વ સ્તરે આર્થિક યુદ્ધ અને અલગતા હશે."

ટ્રમ્પે આગળ લખ્યું, "તેમની નૌકાદળ ગઈ છે, તેમની વાયુસેના નાશ પામી છે, તેમની લશ્કરી ફેક્ટરીઓ બરબાદ થઈ ગઈ છે, તેમનું ચલણ નકામું છે, અને તેમનો દેશ પતનની અણી પર છે. આજે હું એ પણ જાહેરાત કરી રહ્યો છું કે કોઈપણ દેશ જે તેની નાણાકીય સંસ્થાઓ, વ્યવસાયો, એરપોર્ટ અથવા સરકારી સંસ્થાઓને ઈરાનને કોઈપણ પ્રકારની સહાય પૂરી પાડવાની મંજૂરી આપે છે તેને ગંભીર આર્થિક પરિણામોનો સામનો કરવો પડશે."


તેલની દાણચોરી, સ્વેપ લાઈન, રોકડ ટ્રાન્સફર, એક્સચેન્જ હાઉસ, જહાજ રજિસ્ટ્રી, ફ્રન્ટ કંપનીઓ - આ બધું હવે બંધ કરવું જોઈએ. તમે જાણો છો કે તમે કોણ છો. આ એક 'આર્થિક દિવસ' હશે, અને ઈરાની ખતરાને અલગ કરવા અને હરાવવા માટે આપણને આપણા બધા સાથીઓના સમર્થનની જરૂર છે. આ પાગલ લોકો હારની આરે છે, અને આ ઐતિહાસિક પગલાં તેમને અને વિશ્વભરમાં આતંક ફેલાવવાની તેમની ક્ષમતાને અપંગ બનાવશે. ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્રો ધરાવશે નહીં. આ બાબત પર તમારા ધ્યાન બદલ આભાર.

યુદ્ધ તેના છ મહિનાના સમયગાળાની નજીક આવતાં જ આર્થિક દબાણ વધારવાનું ટ્રમ્પનું અભિયાન શરૂ થયું છે, અને હાલમાં કોઈ રાજદ્વારી કે લશ્કરી ઉકેલ દેખાતો નથી. નવેમ્બરની ચૂંટણી નજીક આવતાં, ટ્રમ્પને ફરીથી આ યુદ્ધ અંગે દેશમાં રાજકીય ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટિપ્પણીઓ ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેંટ દ્વારા જણાવવામાં આવ્યાના લગભગ એક અઠવાડિયા પછી આવી છે કે અમેરિકા ઈરાનને આર્થિક રીતે એવી રીતે અલગ કરશે જે રીતે દુનિયાએ પહેલાં ક્યારેય જોયું નથી. મિસાઈલ હુમલાઓમાં તાજેતરમાં ઘટાડો થયો હોવા છતાં, ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપિંગને અસરકારક રીતે અવરોધિત કર્યું છે. આ મહત્વપૂર્ણ માર્ગ ફરીથી ખોલવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચેના પ્રારંભિક કરાર તૂટી ગયા પછી આ પરિસ્થિતિ ઊભી થઈ.

# ૧૯૩૭માં કોંગ્રેસે તુષ્ટિકરણ માટે ભારત દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો, ગૃહમંત્રી અમિત શાહ

## કોંગ્રેસ પાર્ટીએ સ્પષ્ટતા કરી છે કે તેના કાર્યક્રમોમાં વંદે માતરમના ફક્ત પહેલા બે શ્લોકો જ ગાવામાં આવશે



નવીદિલ્હી,

વંદે માતરમ વિવાદ પર ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસે જ ૧૯૩૭માં તુષ્ટિકરણ માટે વંદે માતરમને બે ભાગમાં વહેંચી દીધું હતું, જેનાથી દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો. દેશે વંદે માતરમના બે ભાગમાં વિભાજનની અસર પહેલાથી જ જોઈ લીધી છે અને તે ફરીથી થવા દેશે નહીં. જોકે, સ્વતંત્રતા દિવસે, કોંગ્રેસ કાર્યાલયમાં આખું વંદે માતરમ વગાડવામાં આવ્યું હતું. સોનિયા ગાંધી પ્રદર્શન દરમિયાન કંઈકથી નાખુશ દેખાતા હતા. બાદમાં, કોંગ્રેસના નેતાઓએ સ્પષ્ટતા કરી કે તેઓ મલ્લિકાર્જુન ખડગે માટે ખુરશી માંગી રહ્યા હતા કારણ કે તેઓ ઘણા લાંબા સમયથી ઉભા હતા. ચાર દિવસ પછી, કોંગ્રેસે જાહેરાત કરી કે તેમના નેતાઓ વંદે માતરમના ફક્ત બે શ્લોક ગાશે.

અમિત શાહે કહ્યું, "ગઈકાલે, કોંગ્રેસ પાર્ટીની કાર્યકારી સમિતિએ એક આશ્ચર્યજનક અને રાષ્ટ્રવિરોધી નિર્ણય લીધો. તેમના પક્ષના ૧૯૩૭ના ઠરાવને અનુસરીને, તેમણે મહાન ગીત વંદે માતરમના ફક્ત બે શ્લોક ગાવાનું નક્કી કર્યું. હું આ સમયે સમગ્ર રાષ્ટ્રને યાદ કરાવવા માંગુ છું કે ૧૯૩૭માં, કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમ તુષ્ટિકરણ માટે વંદે માતરમને બે શ્લોકોમાં વિભાજીત કરીને દેશના ભાગલાનો પાયો નાખ્યો હતો. આ તે સ્થાન છે જ્યાં બે રાષ્ટ્ર સિદ્ધાંતને મજબૂતી મળી, જેના કારણે દેશનું વિભાજન થયું અને પાકિસ્તાનનો જન્મ થયો.

ગૃહમંત્રીએ કહ્યું, "આજે, વંદે માતરમ ગીતના દેખાવના ૧૫૦મા વર્ષમાં, નરેન્દ્ર મોદી સરકારે તે ઐતિહાસિક ભૂલ સુધારી છે અને બંકિમ બાબુના અમર કાર્યનું આખું ગીત ગાઈને ફરી એકવાર રાષ્ટ્રીય એકતાને મજબૂત બનાવી છે, અને તમામ સરકારી કાર્યક્રમોમાં તેને સંપૂર્ણ રીતે ગાવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયને કાનૂની સમર્થન પણ આપવામાં આવ્યું છે." કોંગ્રેસે ગઈકાલે આને અવગણવાનો નિર્ણય લીધો." કોંગ્રેસ પાર્ટીનો આ નિર્ણય તેમની સ્પષ્ટ તુષ્ટિકરણ નીતિને જ સમર્થન આપે છે. વોટ બેંક તુષ્ટિકરણના પ્રયાસમાં, તેમણે સ્વર્ગસ્થ બંકિમ બાબુના આ અમર કાર્યનું જ નહીં, પરંતુ લાખો શહીદોનું પણ અપમાન કર્યું છે, જેમણે "વંદે માતરમ"નો જાપ કરતા રાષ્ટ્રની સ્વતંત્રતા માટે ફાંસી આપી હતી. જેમણે ઘણા વર્ષો જેલમાં વિતાવ્યા હતા.

# જોડિયાના વાવડી ગામે વીજલાઈનના વિરોધમાં ખેડૂતો આગબબુલા

## સરપંચ સહિત ૭ લોકોએ અન્નનો ત્યાગ કર્યો : કંપની અને તંત્ર યોગ્ય નિર્ણય નહીં આપે ત્યાં સુધી છાવણી મૂકવાના નથી : સરપંચ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામે બે દિવસ અગાઉ સ્થાનિકોએ વીજ થાંભલાના વિરોધમાં મશીનરી આડે ઊભા રહી વિરોધ નોંધાવ્યા બાદ હવે ખેડૂતો દ્વારા ઉગ્ર આંદોલનનું રણશિંગુ ફૂંકવામાં આવ્યું છે. વાવડી ખાતે આવેલા રામદેવપીરજી મહારાજના મંદિર પાસે કિસાન સત્યાગ્રહ છાવણી ઊભી કરી ગામના સરપંચ સહિત સાત લોકોએ અન્નત્યાગ સાથે આમરણાંત ઉપવાસ શરૂ કરતા મુદ્દો ખૂબ જાગ્યો છે.

જોડિયા પંથકમાં ચાલતી વીજલાઈનની કામગીરીનો ખેડૂતોમાં આક્રોશની જ્વાળા ભભૂકી રહી છે. કંપની દ્વારા બળજબરીથી ખેડતોમાં વિજ પોલ ઊભા કરવામાં આવતા હોવાના આરોપ સાથે હવે ખડૂતો આકરા પાણીએ થયા છે. આ મુદ્દે વાવડી ગામના સરપંચ ભાવેશભાઈએ જણાવ્યું કે, આજથી અમે ૭ લોકો ઉપવાસ ઉપર બેઠા છીએ.

આજથી અમે અન્નનો ત્યાગ કરીએ છીએ માત્ર પાણી પી ને જ બેસવામા આવશે. જ્યાં સુધી આ કંપની અને તંત્ર યોગ્ય નિર્ણય નહીં આપે ત્યાં સુધી અમે છાવણી મૂકીને ક્યાંય જવાના નથી.

સત્યાગ્રહ આંદોલનને વાવડી તથા તેમજ લીંબુડા, અણદા, ભાદરા, કેશીયા અને રામપર સહિતના ખેડૂતોને સમર્થન આપ્યુ છે. છાવણીમાં જતાં યુવાનોનું ઢોલ-નગારાના સૂરે સામૈયા કરાયુ હતુ. વિરોધ પ્રદર્શનમાં ખેડૂતો સાથે મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

# ચેલા નજીક પેસેન્જર વાહનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

## ટેમ્પો ટ્રાવેલ્સની સીટ નીચે ચોરખાનામાં સંતાડેલ ૨૦૬૫ દારૂના ચપલા સાથે બુટલેગર ઝડપાયો, રૂ.૧૦.૧૧ લાખનો મુદ્દામાલ કબજે

જામનગર : લાલપુર રોડ પર ચેલા ગામ નજીક પેસેન્જર વાહનની આડમાં ટેમ્પો ટ્રાવેલ્સ મારફતે દારૂની હેરાફેરી કરાતી હોવાનો એલસીબી પોલીસે પર્દાફાસ કર્યો છે. જેમાં ટેમ્પો વાહનને ઝડપી લઈ તેની તલાસી લેતા સીટ નીચે ખાસ બનાવેલ ચોરખાનામાં સંતાડેલ ઈંગ્લીશ દારૂની ૨૦૬૫ બોટલ દારૂ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની સૂચનાથી તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ એલસીબી પી.આઈ. વી.બી.ચૌધરીની દેખરેખમાં પીએસઆઈ એમ.વી.ભાટીયા તથા સ્ટાફ દારૂ-જુગારના કેસો શોધવા પેટ્રોલિંગમાં હતા. દરમિયાન એલસીબીના ઘનશ્યામભાઈ ડેરવાળીયા, અરજણભાઈ કોડીયાતર, ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા કિશોરભાઈ પરમારને મળેલી બાતમીના આધારે ચેલા ગામથી આગળ એશ્વરિયા ફાર્મ પાસે વોચ ગોઠવવામાં આવી હતી.

આ દરમિયાન પેસેન્જર વાહનની આડમાં દારૂની હેરાફેરી કરતા ટેમ્પો ટ્રાવેલ્સ નં. જીજે-૧૯-એક્સ-૫૫૫૪ને અટકાવી તપાસ કરતાં તેની સીટ નીચે બનાવવામાં આવેલા ચોરખાનામાં



તસવીરઃ સુનિલ ચુડાસમા

દારૂનો જથ્થો સંતાડેલો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પોમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૦૬૫ બોટલ, કિંમત રૂ.૨,૦૬,૫૦૦, એક મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦ અને રૂ.૮ લાખની કિંમતનો ટેમ્પો ટ્રાવેલ્સ મળી કુલ રૂ.૧૦,૧૧,૫૦૦નો મુદ્દામાલ કબજે કરી દરેડ ગામમાં તાલુકા શાળા પાસે રહેતા ટેમ્પો ચાલક વિજયસિંહ બહાદુરસિંહ જાડેજાને ઝડપી લીધો છે. દારૂનો જથ્થો સેલવાસના નરોલી વિસ્તારના અમિત નામના શખ્સે મોકલ્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવતા અમિતને ઝડપી પાડવા માટે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દરેડમાં જન્મદિવસની પાર્ટી નહિ આપતા બે યુવાન ઉપર પાડોશીનો ચાકુ વડે હુમલો

જામનગર : જામનગર નજીકના દરેડ ઉદ્યોગિક વિસ્તારમાં કારખાનામાં કામ કરતા અને ત્યાં જ રહેતા શ્રમિકો વચ્ચે ગઈકાલે જન્મદિવસની પાર્ટી બાબતે માથાકૂટ થઈ હતી. જેમાં એક શખ્સે ચાકુ વડે બે યુવકો ઉપર હુમલો કર્યો હતો જેમાં બંને યુવકો ઈજાગ્રસ્ત બનતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવવાની જાણ થતા જ પોલીસ કાફલો તપાસ માટે દોડી ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર નજીકના દરેડ વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના દિલીપ કલ્લુભાઈ જાદવ (૪૨), પવન કુમાર ઉપર અને સાગર રતનદાસ કાપડી પડોશી થાય છે અને ગઈકાલે ફરિયાદી દિલીપ જાદવના સાળા મનુકુમાર ઓમપ્રકાશ જાટવનો જન્મદિવસ હોવાથી આરોપીએ તેની પાસે પાર્ટી માંગી હતી પરંતુ દિલીપભાઈના પાડી હતી. આથી આરોપી સાગર કાપડી ઉશ્કેરાયો હતો અને ચાકુ વડે પવન કુમાર ઉપર હુમલો કર્યો હતો.

આ દરમિયાન દિલીપ જાટવ તેને છોડવા વચ્ચે પડતા તેના ઉપર પણ ચાકુથી પ્રહાર કરી દીધો હતો. આથી બંનેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં દિલીપ જાટવની ફરિયાદના આધારે પોલીસે આરોપી સાગર રતનદાસ કાપડી સામે ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. આ બનાવ અંગેની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એલ. બી. જાડેજા ચલાવી રહ્યા છે.

# ધ્રોલના લતીપર ગામે પત્ની સાથે ઝઘડો થતા યુવાને ઝેર ગટટાવ્યું

ધ્રોલ (સંજય ડાંગર દ્વારા) : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામની સીમમાં વાડી વિસ્તારમાં રહેતા એક ખેત મજૂરે ઘરકંકાસના કારણે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું.



મળતી વિગત મુજબ, મૂળ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ડુમકા ગામના વતની અને હાલ ધ્રોલ તાલુકાના લતીપર ગામની સીમમાં મેપાભાઈ સવાભાઈ ચભાડિયાની વાડીમાં રહી ખેતમજૂરી કરતા પ્રદિપભાઈ કશનભાઈ પસાયા (૨૯)ને પત્ની કમીબેન સાથે કામકાજ બાબતે તેમજ થોડા દિવસ અગાઉ વતનમાં જઈ પાંચેક દિવસ રોકાઈ આવવા બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન પત્ની કમીબેન પોતાના ભાઈની વાડીએ જતી રહી હતી.

જે બાબતનું મનમાં લાગી આવતા પ્રદિપભાઈએ વાડીમાં પડેલા દવાના ડબલામાંથી ઝેરી દવા પી લીધી હતી. બનાવની જાણ થતાં તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ વિનેશભાઈ કશનભાઈ પસાયાએ પોલીસને જાણ કરતા હોસ્પિટલ દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી બનાવ અંગે ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે.કે. દલસાણીયા દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં પ્રેમલગ્નન કરનાર યુવાન પર સાળા સહિત ચાર શખ્સોનો હુમલો

## પેપર સ્પ્રે છાતી પાઈપ, છરી વડે હુમલો કરતા યુવકના હાથ-પગમાં ફ્રેક્ચર અને કાનમાં ઈજા પહોંચાડી

જામનગર : જામનગરના ગાંધીનગર વિસ્તારમાં રહેતા એક યુવક પર પ્રેમલગ્નનો ખાર રાખી તેના શાળા સહિત શખ્સોએ પેપર સ્પ્રે છાંટી લોખંડના પાઈપ, છરી વડે જીવલેણ હુમલો કર્યાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના ગાંધીનગર, સાઈબાબાના મંદિર પાછળ રહેતા અને ડ્રાઈવિંગનો વ્યવસાય કરતા પાર્થ રાજેશભાઈ સોલંકી નામનો ૨૫ વર્ષીય યુવાન પોતાના ઘર બહાર ઓટલા પાસે મિત્ર પ્રેમભારથી ગોસાઈ અને કુલદિપસિંહ જાડેજા સાથે બેઠો હતો. તે દરમિયાન એક મોટરસાઈકલ પર મયુરસિંહ સંજયસિંહ જાડેજા તથા ઈંદ્રજીતસિંહ ગોહિલ ઉર્ફે પેથો અને



એક્ટિવા પર નવલો માજોઠી તથા શબીર ઉર્ફે શબલો બેબો ત્યાં આવ્યા હતા. જ્યાં પાર્થ તથા તેના મિત્ર પ્રેમભારથીની આંખમાં પેપર સ્પ્રે છાંટ્યો હતો. બનાવથી ગભરાઈ કુલદિપસિંહ ત્યાંથી ભાગી ગયો હતો. પાર્થ રાડારાડી કરતાં તેની માતા સોનલબેન અને પત્ની અસ્મીતાબેન ઘરની બહાર આવતાં તેમના ઉપર પણ પેપર સ્પ્રે છાંટવામાં આવ્યો હતો.

પાર્થ ભાગવાનો પ્રયાસ કરતો હતો ત્યારે નવલા માજોઠીએ લોખંડના પાઈપ વડે તેના ડાબા પગના ગોઠણની નીચેના ભાગે ઘા કર્યો હતો. ત્યારબાદ મયુરસિંહ જાડેજાએ છરી વડે તેમજ ઈંદ્રજીતસિંહ પેથાએ લોખંડના પાઈપ વડે હુમલો કરતા ડાબા કાન ઉપર વાગતાં લોહી નીકળ્યું હતું. જ્યારે શબીર ઉર્ફે શબલો બેબો અને યશ ભાનુશાળીએ પણ પાર્થને ઢીકાપાટુનો માર માર્યો હતો.

બનાવ વખતે આસપાસના લોકો ભેગા થતાં હુમલાખોરો ત્યાંથી ભાગી ગયા હતા. જતા સમયે મયુરસિંહ જાડેજાએ પાર્થને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ છે. પાર્થના મિત્ર કુલદિપસિંહે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં તેને માતા સોનલબેન તથા કુલદિપસિંહ સાથે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ ગોઠણની નીચેના ભાગે અને કમરના ભાગે ફ્રેક્ચર હોવાનું જણાવ્યું હતું.

ઈજાગ્રસ્ત પાર્થના જણાવ્યા મુજબ, તેણે આશરે બે મહિના પહેલાં મયુરસિંહ સંજયસિંહ જાડેજાની સગાં બહેન અસ્મિતા સાથે પ્રેમલગ્ન કર્યા હતા. આ બાબતનો ખાર રાખી તેના ઉપર હુમલો કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરી તેણે મયુરસિંહ જાડેજા, ઈંદ્રજીતસિંહ ગોહિલ ઉર્ફે પેથો, નવલો માજોઠી, શબીર ઉર્ફે શબલો બેબો તથા યશ ભાનુશાળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રોલ સુધાધુના પાસે બાઈક સ્લીપ થતા શ્રમિક યુવાનની મોત નીપજ્યું

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુધાધુના ગામથી સગાડિયા ગામ તરફ જતા સિંગલ પટ્ટી રોડ પર મોટરસાઈકલ સ્લીપ થઈ જતાં એક શ્રમિકનું મૃત્યુ નીપજ્યું હતું.

મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના સીદગાવના અને હાલ ધ્રોલ તાલુકાના મજોઠ ગામની સીમમાં વાડીમાં રહી ખેતમજૂરી કરતા ભંગડાભાઈ મીચરીયાભાઈ મોહનીયા (૪૦) પોતાની મોટરસાઈકલ નં. એમપી-૬૯-એમઈ-૮૮૬૬ લઈને સુધાધુના ગામથી મજોઠ ગામ તરફ જઈ રહ્યા હતા. દરમિયાન સુધાધુના અને સગાડિયા ગામ વચ્ચેના સિંગલ પટ્ટી રોડ પર તેમની મોટરસાઈકલ અચાનક સ્લીપ થઈ જતાં તેઓ મોટરસાઈકલ સાથે રોડ પર પટકાયા હતા. આ અકસ્મતમાં ભંગડાભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે તેમના પત્ની કમલીબેને ધ્રોલ પોલીસમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જોડિયા નજીકના લખતર ગામના વૃદ્ધનું બાઈક સ્લીપ થતા સારવાર મૃત્યુ

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના લખતર ગામેં રહેતા એક વૃદ્ધનું બાઈક સ્લીપ થતા ગંભીર ઈજા સાથે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું.

પ્રાપ્ત માહિતી મુજબ જોડિયા તાલુકાના લખતર ગામેં રહેતા ગગુભાઈ ભુરાભાઈ બોડા - પટેલ (૬૦) ગત તારીખ ૩ એપ્રિલના પોતાનું બાઈક લઈને ઘરેથી વાડી તરફ જતા હતા ત્યારે અકસ્માતે બાઈક સ્લીપિ થતા તેઓને ગંભીર ઈજા પહોંચી હતી. આથી તેમને સારવાર માટે પ્રથમ ધ્રોલ ત્યાર પછી જામનગર અને ત્યાર પછી રાજકોટની હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થાયું હોવાનું મૃતકના પુત્ર વિપુલ ગગુભાઈ બોડાએ પોલીસમાં જાહેર કર્યુ છે. આ અંગેની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ બી.એચ. લાંબરીયા ચલાવી રહ્યા છે.

# જામનગરમાં પૈસાની લેતી-દેતીના મામલે કોન્ટ્રાક્ટર પર ચાર શખ્સોનો જીવલેણ હુમલો

જામનગર : જામનગર શહેરના સાત રસ્તા નજીક નવા ફ્લાયઓવર બ્રિજ પર કોન્ટ્રાક્ટરને રસ્તામાં અટકાવી લોખંડના પાઈપ અને છરી વડે જીવલેણ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવા અંગે ચાર શખ્સો સામે ઈજાગ્રસ્ત સિટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના શંકરટેકરી સિદ્ધાર્થ કોલોનીમાં રહેતા અને કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા પ્રકાશભાઈ મગનભાઈ ગોહિલ (૪૩)ના ભાઈને ભીખુભાઈ નામના વ્યક્તિ પાસેથી નાણાં લેવાના હતા. આ નાણાં અપાવી દેવા માટે આરોપી હાજી હમીર ખફી ઉર્ફે લાંબો અને શીવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા સાથે વાત થઈ હતી અને તેના ખર્ચ પેટે રૂ.૫ લાખ આપવાનું નક્કી થયું હતું. જોકે, બાદમાં ફરિયાદીના ભાઈ અને ભીખુભાઈ વચ્ચે સમાધાન થઈ જતા આરોપીઓને નક્કી કરેલા રૂ.૫ લાખ આપવામાં આવ્યા ન હતા.

આ બાબતે બંને આરોપીઓએ ફરિયાદીના ભાઈને ધમકી આપી હતી અને ત્યારબાદ બંને પક્ષે મળેલી મીટિંગ દરમિયાન બોલાચાલી પણ થઈ હતી.

દરમ્યાન ફરિયાદી પોતાની કાર લઈને સાત રસ્તા નવા ફ્લાયઓવર બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે આરોપી નં.૧ હાજી હમીર ખફી ઉર્ફે લાંબો અને આરોપી નં.૨ શીવરાજસિંહ જાડેજા ફોર્ચ્યુનર કારમાં આવ્યા હતા.

બંનેએ પોતાની કાર ફરિયાદીની કાર આગળ ડિવાઈડર સાથે અથડાવી કાર રોકી હતી. ત્યારબાદ બંને કારમાંથી નીચે ઉતર્યા હતા અને લોખંડના પાઈપ તેમજ છરી વડે ફરિયાદીને જાનથી મારી નાખવાના ઈરાદાથી હુમલો કરી માર માર્યો હતો. આ દરમિયાન બંને સાથે એક્સેસ જેવા મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સો પણ લાકડાના ધોકા લઈને આવી પહોંચ્યા હતા અને ચારેયે ભેગા મળી ફરિયાદીના હાથ, પગ અને કમરના ભાગે આડેધડ ઘા મારી ગંભીર તથા ફ્રેક્ચરની ઈજાઓ પહોંચાડી હતી. તેમજ પ્રકાશભાઈ ગોહિલને જાતિથી અપમાનિત કરી ગાળો આપી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે પ્રકાશભાઈ મગનભાઈ ગોહિલની ફરિયાદના આધારે જામનગર સિટી બી ડિવિઝન પોલીસે હાજી હમીર ખફી ઉર્ફે લાંબો, રહે. મસીતીયા ગામ અને શીવરાજસિંહ મહેન્દ્રસિંહ જાડેજા, રહે. જામનગર તથા બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# જામનગરના નવાગામમાં સોલાર પ્લાન્ટમાં કોપર પ્લેટોની ચોરી કરનાર બેલડી ઝડપાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના નવાગામમાં આવેલી ખાનગી કંપનીના સોલાર પ્લાટમાં સ્ટોરમાંથી રૂ.૯૬ હજારની કિંમતની ધાતુની પ્લેટોની ચોરીની ફરિયાદ બાદ મેઘપર પોલીસે આ કેસનો ભેદ ઉકેલી નાખ્યો છે અને ચોરાઉ મુદામાલ સાથે બે શખ્સોને દબોચી લીધા છે.

લાલપુર તાલુકાના નવાગામ સિમ વિસ્તાર ખાનગી કંપનીના સોલાર પ્લાટમાં એક્સેલ કંપનીના સ્ટોરરૂમને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી તસ્કરોએ તાડુ તોડી અંદર પ્રવેશ કર્યા બાદ ૧૫ ધાતુની પ્લેટોની ચોરી કરી હતી. અંદાજે રૂ. ૯૬ હજારની કિમતંની પ્લેટની ચોરી મામલે કુનાલ નીરન્દ્ર ચક્રવતી (ઉ.વ.૫૮ રહે.જામનગર ૩૦૩, ક્રીષી એપાર્ટમેન્ટ,સમર્પણ સર્કલ)ની ફરિયાદ બાદ મેઘપર પોલીસે આરોપી મહેબુબ ગુલામભાઈ ઉર્ફે સલીમભાઈ ખલીફા (રહે.સિક્કા ગામ, જુમ્મા મસ્જિદની બાજુમા, તા.જી.જામનગર), ગોપાલસિંહ ભંવરસિંહ રાવણા (રહે. ચંગા પાટીયા, ગોરાણીયા પેટ્રોલપંપની બાજુમા, મૂળ રાજસ્થાન)ને ૧૫ કોપર ધાતુની પ્લેટ સાથે પકડી પાડયા હતા.

# જામનગરમાં ચાલવા નીકળેલી મહિલાના ગળામાંથી સોનાનો ચેઈન ચિલઝડપ

## બાઈકમાં આવેલ કેપ પહેરેલ શખ્સ પાછળથી ચેઈન ઝૂંટવી સાગરીત સાથે બાઈકમાં ફરાર

જામનગર : જામનગરના ગુલાબનગર વિસ્તારમાં સોસાયટીમાં રાત્રિના સમયે ચાલવા નીકળેલી એક મહિલાના ગળામાંથી પાછળ આવેલ એક અજાણ્યા શખ્સોએ સોનાનો ચેઈન ઝૂંટવી બાદમાં તેના સાગરીત સાથે બાઈકમાં ફરાર થઈ ગયાની ફરિયાદ મહિલાએ પોલીસમાં નોંધાવી છે.

શહેરના ગુલાબનગર-૨, દયાનંદ કોલોની વિસ્તારમાં રહેતા અને ઘરકામ કરતા જયશ્રીબેન કિશોરભાઈ પરમાર (૫૬) પાડોશમાં રહેતા મધુબેન સાથે જમ્યા બાદ સોસાયટીની શેરીમાં ચાલવા નીકળ્યા હતા. દરમિયાન માથામાં કેપ પહેરેલો એક અજાણ્યો શખ્સ પાછળથી ચાલતો આવ્યો હતો અને મહિલાની બાજુમાં આવી ગળામાં પહેરેલો ૨૧ ગ્રામનો સોનાનો ચેઈન અચાનક ઝૂંટવી લીધો હતો. બાદમાં થોડે દૂર બાઈક લઈને ઊભેલા અન્ય એક અજાણ્યા શખ્સની પાછળ બેસી ગયો હતો અને બંને શખ્સો ફરાર થઈ ગયા હતા. મોટરસાઈકલની પાછળ નંબર પ્લેટ હતી કે નહીં તે ફરિયાદી જોઈ શક્યા નહોતા.

આ બનાવ અંગે મહિલાએ સિટી બી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી બંનેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર-દ્વારકામાં જિલ્લામાં ચાર દિવસમાં વિજચોરીની ૩૦૭ ફરિયાદ નોંધાઈ

## સાપર પાસે હોટલમાંથી વીજચોરી ઝડપાતા રૂ.૭.૫ લાખનું બિલ ફટકારાયું

જામનગર : જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પીજીવીસીએલ દ્વારા વીજચોરી સામે શરૂ કરવામાં આવેલી સઘન ચેકિંગ ઝુંબેશને પગલે વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. છેલ્લા ચાર દિવસથી બંને જિલ્લામાં વીજજોડાણોની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી રહી છે અને મોટી સંખ્યામાં વીજચોરીના કિસ્સા ઝડપી પાડવામાં આવ્યા છે.

જામનગરમાં સોમવારથી ગુરુવાર સુધીના ચાર દિવસમાં વીજચોરીના કુલ ૩૦૭ કેસમાં પોલીસ ફરિયાદો નોંધાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે.પીજીવીસીએલની ટીમો દ્વારા રહેણાંક મકાનો ઉપરાંત કોમર્શિયલ એકમો, હોટલો અને અન્ય સ્થળોએ પણ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. ચેકિંગ દરમિયાન વીજમીટરમાં ચેડાં કરી અથવા અન્ય રીતે ગેરકાયદે વીજવપરાશ કરતા કિસ્સાઓ સામે આવતા વીજચોરીની રકમના આકારણી બિલ ફટકારવાની સાથે નિયમ મુજબ પોલીસ ફરિયાદની કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

જામનગર તાલુકાના સાપર ગામ નજીક આવેલી એક હાઈવે હોટલમાં પીજીવીસીએલની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન વીજચોરી ઝડપાતાં હોટલ સંચાલકને અંદાજે રૂ.૭.૫ લાખનું વીજચોરીનું બિલ ફટકારવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

# દ્વારકાના નવી ધ્રેવાડ ગામે માનસિક બિમાર પરણીતાએ કરી આત્મહત્યા

દ્વારકા : દ્વારકા પંથકના નવી ધ્રેવાડ ગામે માનસિક બિમાર પરણીતાએ પાંચ દિવસ પહેલા પોતાની વાડીએ ઝેરી દવા ગટગટાવી લેતા તેણીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની દ્વારકા પોલીસે ઊંડાણપૂર્વકની આગળની તપાસ આરંભી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા તાલુકાના નવી ધ્રેવાડ ગામે રહેતી શોભનાબેન જશરાજભા માણેક નામની ૩૫ વર્ષની પરણીતા માનસિક બિમાર રહેતી હોઈ દરમિયાન ગત તા. ૧૩ ના રોજ પોતાની વાડીએ ઝેરી દવા પી લેતા સારવાર અર્થે જામનગરની જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ગઈકાલે તેણીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના સંબંધી વેજાભા માયાભા સુમણીયા એ દ્વારકા પોલીસને જાણ કરતા એ એસ. આઈ. ડી. જે. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# કેનેડી ગામે આદિવાસી આધેડનો હૃદયરોગના હુમલાએ જીવ લીધો

ખંભાળિયા : કલ્યાણપુર તાબેના કેનેડી ગામે એક આધેડનું છાતીના ભાગે દુખાવો ઉપડ્યા બાદ હૃદયરોગનો હુમલો આવી જતા મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે જાણ થતા સ્થાનિક પોલીસે હોસ્પિટલ ખાતે દોડી જઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના હાલ કેનેડી ગામમાં રહેતા અને ખેત મજૂરી કામ કરતા રાજુભાઈ ગંભીરભાઈ વસાવા નામના આદિવાસી આધેડને ગઈકાલે એકાએક છાતીમાં દુખાવો ઉપડતા તેને તાત્કાલિક સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તપાસી તેઓને મૃત ઘોષિત કર્યા હતા. આ બનાવ અંગે કલ્યાણપુર પોલીસમાં મેરામણભાઈ માલદેભાઈ કરંગીયા દ્વારા જાણ કરવામાં આવતા એ.એસ.આઈ બી.આર. કાગડિયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.